અંબાજીના છંદ. O.T.

(ભાગ ૯-૧૦)

પ્રથમ અંબાની ચોપડી આઠ ભાગની જે ॥
આરતી [illegible] આઠમી પ્રેમી વાંચવા લે એ ॥
બીજા છંદ વેદાંતના પ્રલય ઉત્પત્તિ લે ॥
નવ દસ ભાગની ચોપડી જુદી છપાવી એ ॥



સંવત ૧૯૮૭

સને ૧૯૩૧

આવૃત્તિ પહેલી

પ્રત ૧૦૦૦

અંબાજીના છંદ.

(ભાગ ૯-૧૦)

પ્રથમ છંદની ચોપડી આઠ ભાગની જે ॥
આવૃતી થઈ આઠમી પ્રેમી વાંચવા લે એ ॥
બીજા છંદ વેદાંતના પ્રલય ઉત્પત્તિ લે ॥
નવ દસ ભાગની ચોપડી જુદી છપાવી એ ॥



સંવત ૧૯૮૭
સને ૧૯૩૧
આવૃત્તિ પહેલી
પ્રત ૧૦૦૦

રચી પ્રસીદ્ધ કરનાર
શા૦ અમીચંદ મોતીચંદ ઝવેરી.

શા૦ ચુનીલાલ અમીચંદ ઝવેરીએ પોતાના શ્રી નટવર
પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી.

ઠેકાણું સેન્ડહર્સ્ટ રોડ, સંઘવી સદન, મુંબઈ ૪.

પ્રસિધ્ધ કરનાર

શા૦ અમીચંદ મોતીચંદ ઝવેરી.

પ્રસિધ્ધ કરવાનું ઠેકાણું—આમલીરાન (વાડી) સુરત.

વિષયાનુક્રમણિકા.

વીષય **પૃષ્ટ**


વીષય ... પૃષ્ટ

વીષય પૃષ્ટ

શુદ્ધિ પત્ર.

પાનું	લીંટી	અશુદ્ધ	શુદ્ધ
૧૨	૩	સામા	સાચા
૧૯	૯	તેમાં પ્રતાપ	ને મા પ્રતાપ
૨૦	૧૪	આપ	આપે
૨૧	૨	તારા શંકર	તારાશંકર
૨૧	૮	એ	એક
૨૨	૧	બનાવ્યો	બતાવ્યો
૨૨	૧૪	કારીરે	હારીરે
૨૪	૭	નવધા	નવધા
૮	૧	ખરા ભગત તમે વિદેહી	ખરા ભગત તમે વિદેહી અહી
૧૧	૨	સુરત	સુરતા
૪૧	૧૨	રઘુવીર	રઘુવેદ
૫૫ છંદ ૨૭મો લીટી ૩જી		ગયા બેસા થાકી	થાકી ગયા બેસા
૫૬	૭	જાણી	ગણી
૭૧	૭	જાનારો નથી	જોનારો નથી જાુદો
૭૨ડી	૬	પાને વખોડે	માને વખોડે
૭૬	૧	રાખ્યુ	રાખ્યું
૧૧૦	૬	કાચર	કાયર

સુરતના અંબા માતાજી.



Shri Natvar P. Press, Bombay 4.

છંદ તથા ચંડીપાઠના કર્તા



શા. અમીચંદ મોતીચંદ ઝવેરી (હાલ ઉમર વર્ષ ૮૬)

Shri Natvar P. Press, Bombay 4.

દોહરો.

પ્રેમે લખી પ્રસ્તાવના, વાંચો પ્રેમી જન,
જગત જીવો આપણે, સૌનું એક વતન. ૧

ભુલવણીમાં ભુલીને, ભમીએ ભવની મહીં,
લક્ષ ચોર્યાસી ભમતા, પારજ આવે નહીં. ૨

પાર મળે ભક્તિ થકી, ભક્તિ કયારે થાય,
શક્તિ હોય શરીરમાં, તીરથ જાત્રા થાય. ૩

આદ્ય શક્તિ ભગવતી, ભજતાં ભ્રાંતિ થાય,
અંતરમાં આવી વસે, પ્રસન્ન થાય અંબાય. ૪

જુઓ ચંડી પાઠમાં, સુરથ વૈશ્ય કહેવાય,
પ્રસન્ન થયા અંબિકા, મોક્ષ પદને પાય. ૫

છંદ કરી અંબા તણા, ભક્ત અમીચંદ ગાય,
અનુભવથી આણંદ થયો, ભજતા અંબા માય. ૬

ચાર વીશી આણંદમાં, ભોગવી સુખ સંસાર,
પાંચમી વીશીમાં ઉતર્યા, દેખાય દેશનાં દ્વાર. ૭

કવાલી.

કરતા ને કોઈ ન જાણે, જાણે તે મત ન તાણે,
ગુરૂગમ ગટમાં લાગે, પલકમાં બ્રહ્મણા ભાંગે,
શમાવે શંસે થાય જ્ઞાને, ઠરી બેઠા તે ઠેકાણે,
કરતાને કોઈ ન જાણે ....ચોક ૧

શંસેની જુઓની ખુબી, ગયુ જગત સૌ ડુબી,
સમાવી શંસે જે જાણે, જગતમાં થાયે વખાણે,
કરતાને કોઈ ન જાણે ....ચોક ૨

લોમસે શંસે સમાયા, મુનીમાં મોટા કહેવાયા
વધારી આયુષ એ જાણે, ફેરા ખાયે કાળ તે તાણે,
કરતાને કોઈ ન જાણે ... ...ચોક ૩

સમાવી શંસે હરીચંદ, ભર્યું પાણી નીચને ભોવન,
મળે જો ગુરૂનું જ્ઞાને, અમીચંદ કહે પડ ભાને,
કરતાને કોઈ ન જાણે ....ચોક ૪

પ્રસ્તાવના.

આ જગતમાં ઉત્પન્ન થયાં પછી તે માણસને ઘણી ઘણી જાતની ઉપાધિ આવી પડે છે, તે વખતે પોતાનાં જીવને શાંતી પમાડવા પોતાનો ધર્મ પાળતો હોય તે દેવનું સ્મરણ કરે. હવે સર્વે જગતમાં ઇશ્વર કોઈ ઈશ્વરી કોઈ પરમેશ્વર કહે છે તે સવનું એક રૂપ છે, ને એકજ છે તે સૌથી ન્યારો છે, તે નીરંજન છે નીર્વિકાર રાગ રહિત છે, જેમ સુર્ય વાદળમાં રહે છે એ સુર્યનો તડકો પૃથ્વી પર પડે છે. તે તડકો જેને ભીની વસ્તુ સુકવવી હોય, ગરમાટો કરવો હોય તે સારો કહે છે, જેને તાપથી ગરમી લાગે, તાપથી વસ્તુ બગડી જાય છે, તે નઠારો કહે છે હવે સુર્યનારાયણ તો પોતાનાં સ્વભાવ પ્રમાણે હંમેશ ચાલે છે, તેમ ચાલે એટલે તેનામાં વીકાર નથી એતો જોનારને મતલબી જે મતલબ ન થાય તે સારો, નરસો કહે, જેમ હાફુસની કેરી રૂપ રંગ ખુશબો જોઈ પ્રેમથી લાવે ને બધા જોઇને સારી સારી વખાણે, ને પ્રેમથી ખાવા બેસે તે વખતે છોલીને કટકાં કાપે, કટકાં કાપવા માંડયાં કે મહીં જીવાત કીડા દીઠાં કે બધા નઠારી નઠારી કરી મુકી ઉઠી ગયાં. હવે વીચારો એ કેરીમાં જે જીવ કીડા ખાય છે, તેને કેવી તેને બહુ સારી. ત્યારે વસ્તુ તો સારી તે સારીજ છે, જેને કામમાં આવે તેને તે વસ્તુ સારીજ છે, નહીં તો જેને કામમાં ન આવે તો તે નઠારી કહે છે, વાસ્તે આ જગતમાં સારી નરસી થાય છે, તે સ્વાર્થથી થાય છે જેનું કામ થાય

તે સારૂં કહે છે જેનુ કામ ન થાય તે નઠારૂં કહે છે, એટલે વસ્તુ તો જે પોતાનાં ગુણ ને સ્વભાવ હોય તે પ્રમાણે કર્યાં કરે પણ જોનાર ને વાપરનારમાં વીકાર થાય છે. વસ્તુ તો પોતાનાં સ્વભાવ પ્રમાણે થયાં કરે છે તેમ પરમેશ્વરને કાંઇ નથી. એ બ્રહ્મ છે, આપણે બાવનની રચનામાં જે જોગમાયા કહેવાય છે, તેની માયાથી મોહીણીમાં ઉપાધિથી આધિ વ્યાધિ ભોગથી રોગ હું ને મારૂં આ કારણથી સુખ દુઃખ ભોગવવાનુ છે, હવે જ્યાં જોઇએ ત્યાં પોતપોતાનાં પંથનાં દેવને વખણે છે, બીજા પંથનાં દેવને વખોડે છે હવે જે નીરંજન નીરાકાર તો બ્રહ્મ છં અને ત્યાં અખંડ આનંદ છે, હવે આ જગત ઉત્પન્ન થયુ તે વખતે બ્રહ્માએ ચાર વર્ણ પ્રગટ કરી એમ સર્વ કહે છે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર. તેમાં બ્રાહ્મણ વેદ તથા ન્યાય નીતીથી ચલાવે, ક્ષત્રિય રાજ કરે વૈશ્ય વેપાર કરે, ક્ષુદ્ર મજુરી કરે, હવે જેમ જુગ જતાં ગયાં તેમ તેમ વર્ણ વધતી ગઇ, જેવા કારીગર કામ કરે તેવા નામ પડે તેથી અઢાર વર્ણ કહેવાતી થઇ, હવે અઢાર કરતાંયે વધી ગઇ અને પંથોએ વધી ગયા એટલે સંસારી જીવ ગુચવણીમાં પડયાં કારણ કે સૌ સૌના પંથના દેવોના વખાણ કરે એટલે કયુ ખરૂં અને કયું ખોટું તેમાં જોતાં માલમ પડયું કે બધામાં પોતે વ્યાપી રહ્યા છે ને બધામાં પોતે છે ને પોતામાં બધા છે હવે ભુલવણીમાં ભુલી જવાય છે, હવે આ સંસારની ઉપાધી માયાની જાળમાં ફસઇ દુઃખ દરીયામાં ડુબેલા છીએ તેથી શાંતી લેવા કોઇ ઈષ્ટ દેવ કરવો જોઇએ જયાં જયાં જઇએ ત્યાં ત્યાં પોતાના પંથને વખાણે અને બીજાના પંથોને વખોડે હવે નિરંજન

નિરાકાર તો બ્રહ્મ છે તે તો સૌથી ન્યારો છે આપણે સર્વે માયાની રચનામાં જે માયા સૌ કહે છે તે માયામાં છીએ એ આત્મશકિત બધામાં રહી છે શકિત વડે સંસાર રચાયો છે એનેજ સૌ માયા કહે છે વળી ચંદીપાઠમાં સુમેધા ઋષિએ સુરઠ ને વૈશ્યને બોધ આપેલો કે એની માયાથી એ માયા બચાવે, સંસારના સુખ આપે વળી મોક્ષ પદ મળે વળી બધા સૌ સૌના પંથને વખાણે પણ ગોત્રજમાને તો બધાજ પુંજે, એક કુળદેવી બધાને હોય તેને કોઇ વખોડે નહિ વળી શક્તિ વીના સુનો ઠામ નહિ એવું જાણી આ માતા અંબીકાની ભકિત કરવાની મેં શરૂ કરી. હું મારા ધર્મમાં રહી મારા ધર્મને પાળતો અને હજુ પાળુ છું ઇષ્ટદેવ અંબા કર્યાં હવે મારો ઉમર વર્ષ છયાસી થઇ તે વારે પ્રથમ જન્મ થયો કે ગોત્રજ પુજી નામ પાડેલું સાત વરસની ઉમર થઇ કે નિશાળે સરસ્વતી માતાનું પુજન કર્યું. મા પ્રસન્ન થયેથી મતલબ જોગુ ભણી રોજગારે લાગ્યા એ ઉપરથી મને માજી ઉપર ભાવ ઉત્પન્ન થયો ને માતાની ભકતી કરવા માંડી. તેથી મારા સંસારી કામો સિદ્ધ થવા માડયાં જેમ જેમ ઉમર થતી ગઇ તેમ તેમ ભાન પડતું ગયું કે જીવને ઇશ્વર જુદા છે તો ઇશ્વર પાસે માંગીએ તો ઇશ્વર આપશે પણ આપનારને લેનાર જુદો નથી આપનાર ને લેનાર એનો એજ છે. ફેર એટલો છે કે આપણે ભેદમાં છીએ. એ અભેદને ન્યારો છે. માયા રહિત છે આપણે માયામાં છીએ એટલે માયા દુઃખનો દરીઓ છે. એ માયામાંથી બુધ્ધી પોતે અસલ પોતાનાં સ્વરૂપમાં ઓળખાણ કરી જન્મ મરણથી છુટી પોતાના સ્વરૂપમાં ભળવા એ માર્ગ શોધી આગળ જે મહાત્માઓ થઇ ગયાં ને તે અનેક રસ્તે ગયાં,

એટલે જેનાં ધર્મમાં એટલે જે પથમાં હોય તેનો ધર્મ પાળે, તેમાં જે સરળ રસ્તો લાગે તે જીવો તે માર્ગે જાય, તે વખતે જેમ જાત્રા જઇએ ને રસ્તામાં વળાવુ રાખીએ, તો લુટાવાનો ભય રહે નહિ, તેમ મુળ સ્વરૂપમાં ભળવા ને તે માર્ગને જાણુવા એક ઇષ્ટ દેવ કરવો જોઇએ હવે તે જાણુવા જે પથમાં હોય તે પોતાનાં પંથનાં વખાણ કરી પોતાનો પંથ ખરો બતાવે, ને જે બીજા પંથમાં જતો હોય તો તેને વખોડે હવે બધા એક દેશી ને એક ઈશ્વર બધા માને છે ને કહે છે કે પરમેશ્વર તો એકજ છે, તેજ પોતે છે હવે પોતે ભુલવણીમાં ભુલી માયાથી જુદાપણું સમજી જે પંથમાં હોય તેજ માને છે, બીજે માર્ગે જે દેવ ગયા હોય તેને વખોડે. પંથ એટલે પરમેશ્વરને મળવાનો રસ્તો વખોડે એટલે અજાણ્યા જીવો ગુંચવાઇ ભ્રમણુતામાં ભમે છે.

સંસારની ઉપાધી વધતી ગઈ તેમાં આવતા સંકટથી દુર થવા માજીના છંદ બનાવી ગાઇ વીનંતી કરતો કે મારા સંકટ દુર થતાં ધાર્યા કામ સિધ્ધ થતાં જેમ જેમ ઉમર થતી ગઇ તેમ તેમ સસારનુ ભાન પડતુ ગયુ કે સંસાર સ્વપ્ના રૂપ છે ને એક વખત મરવુ છે તો તે વાસ્તે વૈરાગ આવે ને મન નિર્મળ થાય એવા છંદ કરી ગાવા માંડયા તેમાંથી મુળસ્વરૂપનું ઓળખાણ થતુ ગયું તે ઉપરથી ઉત્પતી પ્રલયના છંદ કરી ગાવા માંડયા તે ગાતા ગાતા માની મહેરબાની થઇ તો મારી ભ્રાંતી ભાંગવા માંડી સમજણ પડી કે ભેદ અને અભેદ બે કહેવાય છે તે પરથી માની મહેરબાનીથી બુધ્ધિ સુધરવાથી મહાત્મા જોગેશ્વરોના સમાગમથી અંતર દષ્ટી

પડતી ગઈ એટલે અભેદ છંદ બનાવવા માંડયાં તે પહેલાં માતા ચંદીકાના ચંદી પાઠના છંદ બનાવી દર નવરાતરે આશો માસે ચાર દીવસ ગાતો તે ગાતા આજ ૬૦ વરસ થયા તેમાં કોઇ વરસ નવરાતર પડયું નથી તે જાણી યોગાનંદ મહ'રાજ તથા સારા ગ્રહ-સ્થો, વિદ્વાનોએ માનપત્ર આપેલું પણ એ માનપત્ર મારી અંબામાને બધા ભક્તોને બોધકારક કે જે ભકતો આકિન રાખી ભકિત કરશે, તો આ પ્રમાણે નિર્વિઘ્ન પણે ભકિત કરાવશે ને મન વંછિત ફળ આપશે.

હવે પ્રથમ તો હું માજી દર્શન કરવા જતો તે વખતે હું જુદા ભાવથી જતો હતો, કે માજી મને પૈસો ને રોજી આપે બુધ્ધિ સારી રાખે સંસારનાં સુખની આશા રાખી માજીનું સ્મરણ કરતો તે એક લીન થઇ પુર્ણ પ્રેમથી કરગરી સ્તુતિ કરતો ને પુર્વનાં પુન્યે ગાંડું ઘેલું બોલી માજીનાં છંદ ગાતો. માંગતો કે આ સંસારથી પોતાનો મુળ દેશ જુદો છે, ને વળી પાછાં ત્યાં જવું છે તો જ્યાં સુધી મુદત બાંધી આ પરદેશમાં રહીએ ત્યાંસુધી તું રક્ષણ કરજે, ને સ્વદેશમાં પોતાનાં દેશમાં સુખ શાંતીથી મુકજે, ઘણા લોકોનું કહેવું થતું કે માતા તો ભુત કાડે, રોજી આપે, સુખી રાખે એ માયા માજીની છે, બધાનું રક્ષણ કરે, દેવતાઓને કામ પડે તો તે પણ તે દેવીનું સ્મરણ કરતાં એટલે પરમેશ્વર જુદા જાણતો ને માણુસ જુદા તેમ દેવી પણ જુદી છે એવું જાણી તે વખત તેવા ભાવથી હું ભજતો, પછી જેમ જેમ માની ભક્તિ કરતો ગયો. મને જે જે વખતે સંકટ આવતું કે તેવા છંદ બનાવી ગાતો. મારૂં કામ માજી

સિધ્ધ કરતી મારા શરીરને વીશે કાંઇ કાંઈ દુઃખ આવતું તેને શાંતી કરવા છંદ બનાવી અરજ કરતો કે તુરત શાંતી કરતી ને હજી કરે છે, એનાં છંદ ગાતો. કથા, પુરાણ, શાસ્ત્ર જોતાં માલમ પડયું કે મુળ નિરંજન નિરાકાર તેમાંથી ૐ કાર ઉઠયો તેમાંથી પાંચ તત્ત્વ થયાં ને પોતે ઇચ્છા શકિત પ્રકટયા, તેથી ત્રણ ગુણ તમો મહાદેવ, રજો ગુણ બ્રહ્મા ને સત્ત્વ ગુણ વીષ્ણુ હવે બ્રહ્મા પ્રજાને પેદા કરે, વીષ્ણુ પાલન કરે, મહાદેવ સંહાર કરે. એવી રીતે આ સંસારની રચના રચીને પોતે શકિત રૂપે સર્વમાં રહે છે, એ શકિત સૌમાં રહે છે. શકિત વડે સૌએ યશ લે છે, હવે એ શકિત જેનામાં હોય છે. તે ઘડીપર તેને બહુ માને છે, ને તે કહે છે કે મારી શકિત છે ઘણા લોકો કહે છે કે પ્રભુની શકિત આ પૃથ્વીના રાજા જે થાય છે તે કહે છે કે મારી પૃથ્વી છે, માંધાતા રાજા વતૃક ઘણાં રાજા થઇ ગયાં તેમાં જે એમ માને છે કે મારી પૃથ્વી ને મારી શકિત, પણ એ પૃથ્વી ને શકિત કોઇની થઈ સદા રહી નથી. તે રહેવાની નથી શકિત તો પોતે સ્વતંત્ર છે, એ તો જેનો સમો હોય છે તે વખતે જેનો સમો ફરે તે શકિત ત્યાંથી ખસી જાય એટલે સદા શકિત કોઈની થઇ નથી જે કહેશે કે મારી શકિત, રાજા કહેશે મારી પૃથ્વી તે વખતે પૃથ્વી હસે છે, કે તારાં જેવાં તો ઘણાં આ પૃથ્વી પર થઇ ગયા ને હજી થશે હું તો એની એજ છું. તેમ શકિત પણ તેમજ છે. શકિત કોઇની રહી નથી બધા કહે છે કે ઇશ્વરની શકિત પણ મુધુકૈતે પાંચ હજાર વર્ષ સુધી લડયાં તેની શકિત વતીને તે હાર્યાં નહીં ત્યારે જોગમાયા અંબિકાની મદદ લીધી તેને મોહીણી સ્વરૂપ કરી મધુકૈતને માર્યાં કૃષ્ણાવતારમાં કંસ

જરાસંધ, વીગેરે સર્વને માર્યાં ને મનથી એવો વીચાર લાવ્યાં કે હવે મારાં જેવો કોઇ બળીઓ છે નહીં તો મારે હાથે અવાર પછી હથીયાર લેવું નહી તે વખતે અઢાર દીવસનાં યુધ્ધમાં ભીશ્મ પીતાએ અર્જુન ને કૃષ્ણને બાણુની વૃષ્ટિ કરી અકળાવ્યા. તે વખતે કૃષ્ણને રથનું પૈડું કહાડી ચક્ર બનાવી પોતાનું રક્ષણ કરવા હથીઆર વાપરવું પડયું જે કહેશે કે મારી શકિત રાજા કહેશે મારી પૃથ્વી એવાં ઘણાં પૃથ્વીપર થઇ ગયાં, તેથી શકિત ને પૃથ્વી એ સદા સ્વતંત્ર છે કોઇની થઇ રહી નથી વળી ભીમ પસે કૃષ્ણએ મંગાવ્યું કે તુ દ્રૌપદી પાસે એમ માંગી લે કે પાંચ પાંડવ ને છઠ્ઠા નારાયણ તારાં ખપ્પરમાં નહીં એટલે એમ જણાયું કે આ બધા આપણાં મનની રચનાં રચેલી કે આ મોટું ને આ નાનું પણ આત્મ જ્ઞાનીને જે વેદ કહે છે ને જે મુળ સ્વરૂપને જુએ છે તો બધામાં એનો એ ને એની એ કોઈ જુદું નથી. પ્રભુએ પોતે શકિતએ પોતે દૈત્ય ને દાનવ એ પોતે. કારણ કે એક બાપનાં બે દીકરા હોય તેમાં પણ એક દૈત્ય ને એક ભકત કહેવાય, જેમ રાવણ ને વિભિક્ષણ, તેમ એક દીતીનાં ને એક અદીતીનાં, કશ્યપનો વીસ્તાર તેમ મુલીયુ ને ઉપરની કુપણ જોશો તો એકની એકજ છે.

દોહરો.

અલીલ વૃક્ષ તો એક હેં, નિરંજન બાંકી ડાળ;
શાખા જીનોકી બ્રહ્મ હેં, પ્રાત સકળ સંસાર.

એટલે બધે તુંહી, તુંહી, નિશ્ચે તુંહી તુંહી, હવે પહેલાં ભકિતનાં છંદ કરેલાં છે. તે સંસારની ઉપાધિમાં જોડાએલાં આપણે છીએ.

તેને શાંતી વાસ્તે અગાડીનાં આઠ ભાગની ચોપડી કરી છે, તેમાં સમે સમાનાં છંદ છે. ને છંદ ગાવાથી બેસીને સ્મરણ કરવાથી અનેક જાતનાં દુઃખ દુર થશે ને મુળ સ્વરૂપનું ઓળખાણ પણ થશે એ ચોપડી આઠ ભાગ સુધીની આવૃત્તિ આઠમી થઇ છે તે હાલ છે ને બધા લોકો દેશ દેશાવરમાં લઈ ગયાં તેમાં મુળ શરૂ છંદ કરવા માંડેલા ત્યારથી તે આજ સુધીનાં છંદ તેમાં છે એ ચોપડી ઘણાં લોકો લઇ ચુકયા છે, એટલે હવે આ ચોપડી નવી નવા છંદો મુકી જે હર આશો મહીને નવરાતરમાં મહાપ્રલયનાં છંદો તથા ઉત્પતિનાં વેદાંતી અભેદનાં પોતાનાં સ્વરૂપને ઓળખવાનાં તે વતૂક હાલની રહી બધાને બોધના છંદ કરી આ ચોપડી જુદી નવી છપાવી તે પ્રેમી ભક્તોને ભલામણ લખી ખબર કરવા. હવે જે ધણીને આઠ ભાગની અગાડિ છાપેલા આઠ ભાગની ચોપડી લેવી હશે તો ચોપડી ઉપર લખેલે ઠેકાણે મળશે ને આ નવી બનેલી ચોપડી તેમાં છાપેલાં છંદો છે તેને છંદોને મથાળે જે લખાણ લખ્યું હોય તે વાંચી ને પ્રમાણે વાંચશો.

દોહરો.

ભક્ત ભકતોને જાણવા. દોહરો કીધો તૈયાર.
પ્રેમી પ્રેમે વાંચીને, લેશે તેનો સાર,

વસ્તુ તો અમુલ્ય હોય, પારખે ઝવેરી જે.
હંસ મોતી ચારો ચરે. સાર જ્ઞાની લે,

અંબાજીના છંદ કરી, સમરૂં વારંવાર,
દુઃખ સંસારનાં દુર કરે, આપે સુખ અપાર,
અનેક ઉપાધિ આવી પડે, છંદ કરી કરૂ સ્મરણ,
સંકટ ભાંગે પલકમાં, માજી થઈ પ્રસન્ન,

છંદની ચોપડી આઠ ભાગની આવૃત્તિ આઠમી તે,
સાંભળી સૌ ખુશી થઈ, ભકતો સરવે લે,
તે વાંચી સુખી થયા, વેપારી બન્યાં તે,
આકીન રાખી ભજશે, સુખ પામશે તે.

તે છંદની જે ચોપડી, તેમાં છે આઠ ભાગ,
આવૃતી થઈ આઠમી, કરે સરવે માંગા માંગ,
નવ દશ ભાગની ચોપડી, બીજી થઈ તૈયાર,
પ્રેમી લેશે પ્રેમથી, જોશે તેનો સાર,

સાંઠ વરસ ગાતા થયા, અંબાજીની મહીં,
એક નવરાતર પડયુ નથી, માજી પ્રસન્ન થઈ,
તે છંદની આ ચોપડી, છપાવી પાડી બહાર,
હરખાઈ ભક્ત લે સર્વ, ખુશી થઈ અપાર.
હોડી અંબા નામની, પકડી બેસે જે.
આકીન રાખી ભજશે, કહે અમીચંદ સુખ તે લે.

શ્રી ૧।

દોહરો

સમરૂં માતા શારદા, આદ્યગંન અવીનાશ ॥
અનુભવથી આણંદ મળે, કોટી કરમ થાયે નાશ ॥
સદ્ગુરૂ સામા જો મળે, ઈષ્ટદેવ પુરે આશ ॥
છંદગાતા માજી તણા, પડયો પૂર્ણ પ્રકાશ ॥
પહેલા છંદની ચોપડી, વાંચે મા પૂરે આશ ॥
તે ચોપડી આઠ ભાગની, પ્રેમી રાખે પાસ ॥
નવ, દસ, ભાગની ચોપડી, જુદી છપાવા આશ ॥
પ્રલે ઉત્પત્તિ અભેદના, અનુભવી કરી કહે દાસ ॥
વ્હાલા મારા ભકત સહુ, વસાવી રાખો પાસ ॥
પહેલા વાંચો પ્રસ્તાવના, અરજ કરી કહે દાસ ॥
હું તુંનો ઝગડો જશે, માજી પુરશે આશ ॥
અમીચંદ અનેકનો, એકમાં થશે સમાસ ॥

—:o:—

કોઇપણ ગ્રહ નડતો હોય તો આ વાંચે શાંતી થાય.

દોહરો.

રવી સુર્ય દેવ તમો, તેજ તણો નહી પાર ॥
શાંતિ કરો સર્વને, જગતનના આધાર ॥
સોમ ચંદ્ર આકાશમાં, શિતળ વાયુ વાય ॥
શાંતિ માગે સર્વ જન, જગત સુખીયુ થાય ॥
મંગલવાર મંગલ કરો, સમરે માનવી જન ॥
તમ તાપ અતી ગણો, દુઃખી થાયે જગતન ॥
બુધ બળ અતિ ઘણું, સમરે સુખ થાય ॥
નીર્મળ મન અતી ઘણું વરણીક વર્ણ કહેવાય ॥
ગુરૂ દેવ છે ભેરપતી, જગતના કેવાય ॥
શાંતિ કરો સવને, દુઃખીઆ સુખી થાય ॥
શુક્ર ગુરૂ દૈત્યના, અતિ ઘણા બળવાન ॥
સમરતા શાંતિ કરો, અરજ સાંભળી કાન ॥
શનિ દેવ બળવાન છો, જાણે જગત સહુ ॥
ખરી ખબર કયારે પડે, પનોતીમાં ભજતાં જોઉં ॥
તેલ શિંદુર અતીઘણું, હરમાન ચડાવે જઈ ॥
પ્રસન્ન પનોતિ થઈને, સુખી કરે છે તઈ ॥

રાહુ કેતુને ભજતા, દુઃખીઆ સુખી થાય ॥
નમસ્કાર નવે ગ્રહે, લાગું સહુને પાય ॥
નવ દુર્ગામા સર્વમાં. શકિત ઠામો ઠામ ॥
હાથ જોડી અમીચંદ ભજે, આવી કરો સિદ્ધ કામ ॥

અંબા મા તારૂં દર્શન દુર્લભ—એ રાહ,

હું તારોને તું છે મારી, આદ્યશકિત કેમ ભુલી ગયા ॥
હું ભુલું મા તમે નહિ ભુલો, મુર્ખ જાણી મા લાવો દયા ॥
બાજીગરની બાજી તમારી, અજબ માયાની છે ફાંસી ॥
ભુલવણિમાં ભુલી જવાય, ગમ્મત ગાયનમાં જાય નાસી ॥
એક કહી અનેકમાં જીવ જાય, ભટકે મન પછી થાય હાંસી ॥
અર્થે દોષ નિવારણ કરી, મન આણંદ થઈ બેસે સુખ વાસી ॥ અનેક દેવના જોઈ ચમત્કાર, તને મુકી અમે લોભે ગયા ॥ હું ભુલું મા તમે ન ભુલો, મુર્ખ જાણી મા લાવો દયા ॥ ટેક ૧ લો.

દુઃખ વખત તમે સહાય કરો, જેમ છોકરાં ઉછેરે માને બાપ ॥ પુત્ર ઉમરે થાય મતલબી. પછી બની બેસે

આપો આપ ॥ આગલા વખતનો વિચાર ભુલ્યો, સુખ કરનારના ભુલ્યો જાપ ॥ બધા સરખા દેવ જાણીને, વગર જાણે કાઢે તેનું માપ ॥ બધા એક કહી ભાવ જુદા છે, જ્ઞાની પુરૂષ તે સમજી રહયા ॥ હું ભુલુ મા તમે ન ભુલો ॥ ચોક ૨ જો.

મતલબ વખત ધ્યાન ધરીને કહુ, તારા વિના મારૂં કોઈ નહિ મા ॥ તું મારે ને તું જીવાડે, હવે નહિ ભટકુ જહી તહી જ્યાં ॥ હાવી નમ્રતા જોઈ ભગવતની, લાવી દયા કામ કરો તહીંયા ॥ અલ્પ બુદ્ધિ અજ્ઞાન અભણ, અનેક શોધીએ જહીં તહીં મા ॥ ભક્તિ ભગતને એક ટેકની, એક છોડી અનેકમાં ગયા ॥ હું ભુલુ મા તમે નહિ ભુલો ॥ ચોક ૩ જો.

તરી ગયા જેને એક ઓળખી, એક નામનો રાખ્યો ટેક ॥ ભોળવાઈ ભટકે ભજે અનેકને, અનેક જોતાં ગુમાવે એક ॥ એક અનેકમાં વ્યાપી રહયો છે, ભુલવણીમાં ભુલે છેક ॥ જ્યાં જોઈએ ત્યાં એનો એ છે, જોતા જોશો તો નથી અનેક ॥ અમીચંદ કહે આકીન રાખે, અંબામા પ્રસન્ન થયા ॥ હું ભુલુ મા તમે ન ભુલો, મુર્ખ જાણી મા લાવો દયા ॥ ચોક ૪ થો.

કાયારૂપી બગીચો કુદરતી.

મેરે સતગુરૂ બાગ બનાયા ॥ જ્યાં પચરંગ ફુલ સોહાયા ॥
તન બાગ બને નવરંગી ॥ મન માલીક ભમર સોરંગી ॥
દસ દ્વાર ઉપર એક જોગી ॥ જ્યાં બેઠે પરમ સંજોગી ॥
પાંચો મુદ્રી લેહ લાગી ॥ ધરે ધ્યાન પીયુ રસભોગી ॥

ઝુલ.

આઠ કુવા નવ બાવરે લગી, શોલા શેશ ત્રાપની આર ॥
બારા બેલ બલહધ કેશો પાંચ, મોથખમ ચાર ॥
ફીરે કાલચક્રનીત્યાં માયા ॥ અને હદ પર જ્યાં અટકાયા ॥
મેરે સતગુરૂ બાગ બનાયા ॥ ચોક ૧ લો.

મંઝા માલણ મતવાલી, સંગ નીસદીન રમતા માલી ॥
ચાર તખ્ત ભએ હરીઆલી, ચોર્યાસી કારી કર દાલી ॥
સબકા એક બીરજ ખાલી, થડ એક અસંખ્ય ડાળી ॥

ઝુલ.

અલીલ વૃક્ષ તો એક હેં ॥ નિરંજન વાંકી ડાળ ॥
શાખા જીનોકી બ્રહ્મ હેં ॥ પ્રાત સકળ સંસાર ॥

ધનઘોર બીરજકી છાયાં ॥ શીતલ શંતન મન ભાવ્યા ॥
મેરે સતગુરૂ બાગ બનાયા ॥ ચોક ૨ જો.
એ અખંડ બાગ અવિનાશી ॥ રૂષિ હો ગયે સહસ્ત્ર અઠ્યાસી ॥
નવનાથ સિદ્ધ ચોર્યાસી ॥ ૬૭ દર્શણુ બડે બડે તપસી ॥
ત્રણ દેવ બશે હરકાસી ॥ શ્રી કૃષ્ણુ બજાતે બંસી ॥

ઝુલ

કબ લગ કથની મે કરૂં ॥ હેતા ન આવે પાર ॥
ચકવે રાજા હો ગયા ॥ કા તેરા હમારા ભાર ॥
આતો ભકત માલ ગુણુ ગાવ્યા, સત ગુરૂને ચેલા ચેતાયા ॥
મેરે સતગુરૂ બાગ બનાયા ॥ ચોક ૩ જો.
વે રાત બાગ મેને ગાયા ॥ એકવીશ બ્રહ્માંડ ચડાયા ॥
તેરા પાર જરા નહિ પાયા ॥ દમ ચલા પડી રહી કાયા ॥
પાંચ પ્રાણોશે છાયા ॥ હેત નેમે શબ્દ કછુ આયા ॥

ઝુલ

સતગુરૂ રહે તન બાગમે, અજબ બને દો નેન ॥
અંત કાળ પસ્તાએગા, જબ છોડી જાવો સુખ ચેન ॥
ગુરૂ વચને અમીચંદે ગાયા, રાત દિવસ ભજુ મંમાયા ॥
મેરે સત ગુરૂ બાગ બનાયા ॥ ચોક ૪ થો.

શ્રી ૧।

આજ મારી ૮૪ વરસની ઉમર થઇ તેમાં ૬૦ વરસ એક આકીન રાખી હર વરસે સુરત અંબાજીમાં આસો મહીને ૪ દિવસ માજીના છંદ ગાઇ ભક્તિ કરતો, તેમાં એકપણ નવરાતર પડયુ નથી, તે ભક્તિના ભાવથી સંસારી કામ મ્હારા સર્વે નિર્વિઘ્ને થયા, ને હજી મા પ્રતાપે સર્વે તરફથી સુખી આણંદમાં જોઇ મારા ચંડીપાઠના છંદ તથા ભેદ અભેદ અને શક્તિના છંદ સાંભળી મહાત્મા જોગાનંદજી મહારાજ તથા શ્રી જનાર્દન વિરભદ્ર પાઠકજી જાગીદાર, શ્રી તારાશંકર જોશી, શા. ચુનીલાલ પઠાન તથા અંબાજીના પુજારી ભાઇએ વિચાર કરી અંબાજીમાં ને જોગાનંદજી મહારાજની કથામાં અને બાલાજીમાં માનપત્ર વિગેરે માજીની પ્રસાદી આપી તે વખતે જે મેં ભાષણ કરેલું તે આ નિચે પ્રમાણે છે. વળી આ લખવાનું કારણ એ જે, જે માણસ આકીન રાખી એકલીન થઇ આ છંદો ગાશે તો તેને આ લાભ મળશે. તે ભલામણ કરવા મારો ધર્મ છે કે તે પણ જીવો પોતાના સ્વરૂપમાં મલી સદા આનંદ ધર જોશે.

ઓ મ્હારા વ્હાલા ભક્તો, દેશબંધુ અને પરમપુજ્ય જોગાનંદજી મહારાજને દંડવત પ્રણામ કરીને બે બોલ બોલું છું, મારી ઉમર આજે વર્ષ ૮૪ ની થઇ, તેમાં સ્વપ્નમાં પણ આ માનપત્ર મળવાનું છે. એમ જાણતો ન હતો. ને મેં આ સાઠ વર્ષ માજીના નવરાતરમાં છંદ ગાયા, ને ભક્તિ કરી. તેમાં નિર્ગુણ, સગુણ અને આત્મજ્ઞાની ચંડીપાઠના છંદ ગુજરાતીમાં કરી ગાયા તેમાં એક પણ નવરાતર પડ્યું નથી. તો તે પ્રતાપ મારી માજીનો છે. જેમ ભાઇઓ સોઇ

બનાવે, તેલ મસાલો ખુબ નાંખે પણ જ્યાંસુધી મીઠુ પડે નહિ ત્યાંસુધી ફીકકુ લાગે, તેમ મીઠા રૂપી માજીની મહેરથી છાયા પડે નહિ ત્યાંસુધી વાણીમાં લોકોને પ્રેમ થાય નહિ તેથી જ્યારે માજીની મહેરબાનીથી છાયા પડે છે તેનો લોકોને પ્રેમ ઉત્પન્ન થાય છે.

વળી નવરાતર એક પડયું નથી, તેનું કારણ સંસારમાં તરેહ તરેહની ઉપાધી આવી પડે છે, પણ માજીની મહેરથી નીરવિઘ્નપણે તનમનથી સુખી રાખી એનું સ્મરણ કરાવે છે, તો આ માનપત્ર મારી અંબામાને છે. કારણ કે મારી બુધ્ધિમાં વધારો કરી કંઠેપર આવી એના ગુણ ગવાડે છે, ને ગાઉં છું, તેમાં પ્રતાપ છે, વળી ઘણી હલકી વર્ણો બાધા લઇ ગોત્રજ આગળ બકરાઓનો ભોગ આપતા હતા. તે વિષે માતાએ બુધ્ધિ આપવાથી દુઃખહરણ નામની તથા સાધુ સમાગમની ચોપડી બહાર પાડી. ને એ ચોપડી વાંચવાથી ઘણા સુધરી ગયાં ને હિંસા કરતા બંધ થઈ ગયા. એ પ્રતાપ માજીની ભકિતના છે તેમાંથી જે લાભ મળ્યો એ માના પ્રતાપનો છે.

આ જોઈ જે કોઇ ભકિત આકીન રાખી દ્રઢ વિશ્વાસ રાખશે તેના કામ માજી સિધ્ધ કરશે. "બોલો અંબે માતકી જે."

દોહરો.

ઓ અંબા તું એક છે, માલીક આપો આપ ॥
ભ્રાંતીમાં ભુલી ગયા, તેનો છે સંતાપ ॥
હું તુંનો ઝગડો ઘણો, સંસાર ઉપાધી એ ॥
મોટાઈ મમતા જે કરે, દુઃખ પામશે તે ॥
સતગુરૂ જો સાચા મળે, હોય ઈષ્ટદેવ પ્રસન્ન ॥
ભાવ રાખી જે ભજશે, થશે ઝટ દર્શન ॥
ભક્તિથી મુક્તિ મળે; ભાંગે સંશય ઝટ ॥
મુળ માલિક પાછો થશે, તુટશે કર્મ તરત ॥
માન અપમાન જતુ રહે, ન દેખે બીજું કંઈ ॥
જયાંથી જે ઉત્પન્ન થયું, તે સમાય તહીંનુ તહી ॥
પરોપકારને કારણે, મહાત્મા યોગાનંદ ॥
ભાવ જોઈ ભગતનનો, આવી આપે દર્શન ॥
મોઘાભાઈ પ્રમુખે છે, પરમાર્થ કરનાર ॥
ઉત્તેજન આપ ભક્તને, સેવો માજી દ્વાર ॥
જગત જનુની અંબિકા, ભક્તનો રાખે ટેક ॥
ચુનીલાલ પઠાણ જે, જ્ઞાનીના કરે વિવેક ॥
ભક્તિમાં પ્રેમ અતિઘણો, સેવે શંકર દ્વાર ॥

તદરૂપ થઇ સેવા કરે, વ્હાલો નહિ સંસાર ॥
તારા શંકર પ્રેમી ઘણા, છંદ સાંભળી થાય આનંદ ॥
મહાત્મા ભક્ત ભેળા કરી, માન અપાવવા મન ॥
ધન પુંજારી અંબા તણા, ચોથી પેઢી જોઉં ॥
સંપ થકી સેવા કરે, જોઈ હરખાય ભક્ત સહુ ॥
સંવત ઓગણીસસે પંચ્યાસીએ, માગસર સુદ પાંચેમ ॥
આનંદ આવ્યો સર્વને, જયંતી ઉજવવા પ્રેમ ॥
સર્વેમાં વ્યાપી રહયા, આત્મ શક્તિ એ ॥
ભજતા મળશે ભગવતિ, કહે અમીચંદ રાખો ટેક ॥

ભજન રૂપી છંદ.

અજબ લીલા મા તમારીરે, અલબેલી અંબા, અજબ લીલા મા તમારી ॥ નહોતો બેઠો હાવું ધારીરે ॥ અલબેલી અંબા ॥ અજબ લીલા મા તમારી ॥ મહાત્મા ભકતોને તમે પ્રેરણારે કીધી, મોંઘા ભાઈએ પહેલ લીધી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧ લો

પૂજારી ઓચ્છવભાઈનેરે મળ્યા, ખુશીથી વાત સ્વીકારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૨ જો.

અનુભવીએ આણુંદ બનાવ્યો, હરખાયા માના પુજારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૩ જો.

સાંઠ વર્ષ છંદ ગાતારે જાણી, જયંતિ ઓચ્છવ કીધો ભારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૪ થો.

માનપત્ર ભક્ત ધારીને આપ્યા, માની ખુબી ઘણી ન્યારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૫ મો.

ભક્ત રાજી કરી આશિષ દીધા, માનના માલીક માજી મારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૬ ઠો.

હું તો જાચક છું જાચવારે આવ્યો, માનનાં માલીક હોય દાતારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૭ મો.

કંઠ ઉપર આવી બળબુદ્ધિ આપ્યા તો છંદ ગાયા લલેકારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૮ મો.

નિર્વિઘ્ને તન મને સુખીરે રાખ્યા તો, ભક્તિ કરી ચિત કારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૯ મો.

આરે માન મારી માતાને શોભે, દયાળુ છે દાતારી રે ॥
અલબેલી અંબા ॥ ચોક ૧૦ મો.

મતલબી મતલબ કરી રાજી થાએ, આપનારી છે
ઉપકારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧૧ મો.

ઉપકાર મારી માનોરે મોટા બુડતાને એ લે છે તારીરે ॥
અલબેલી અંબા ॥ ચોક ૧૨ મો.

આપનાર લેનાર માજી અમીચંદ કહે છે તુરીઆમાં
સર્વે એકાકારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧૩ મો.

(જોગાનંદજી મહારાજની કથામાં માનપત્ર જોગાનંદ મહારાજે આપ્યુ
તે વખતે જે દોહરો બોલેલા તે.)

માન માનમાં સમાઈ રહે, આપનાર લેનાર એક ॥
બીજો તો જોતો નથી, કરનાર કોણ વિવેક ॥
મહાત્મા યોગાનંદજી, દેશીની પુરે આશ ॥
જ્ઞાન આપે ઘટમાં, પ્રેમે બેસાડે પાસ ॥
ભુલાને ભોમિયા મળે, મારગ આવે હાથ ॥
મુળ સ્વરૂપને ઓળખી, ઝટ કરે સંગાથ ॥

સંસાર બાજી સ્વપ્ના તુલ્ય, તેનો છે આ ખેલ ॥
તેના રમનાર તે રમે, અજ્ઞાનીને મન રહેલ ॥
અલ્પમતિ હું માનવી, માજીનો પ્રતાપ ॥
પ્રેમ થકી જે ભજશે, થાય દર્શન આપો આપ ॥
ધન છે મહાત્મા ભકતોને, પુર્ણ બતાવી પ્રિત ॥
મુળ માલિકને મળવા, ભકિતની બતાવે રીત ॥
નવધા ભકિત મુળ છે, ધ્યાન ધરે ઘડ થાય ॥
તું હું મા સૌ મળી ગયું, બીજો નહિ દેખાય ॥
આપનાર લેનાર એક છે, ભ્રાંતિએ ભુલાય ॥
ભગત ભગવત ઓળખે, એક રૂપ બની જાય ॥
એ માયા છે માજીની, સાંભળી ખુશી થાય ॥
ચેત્યા ભકતો જાણીને, મનમા મા મલકાય ॥
અમીચંદ કહે સર્વને એક દેશના સૌ ॥
પ્રેમે માજી ભજશો, લાભ મળશે બહુ ॥
જાચક બેઠા જાચવા, તેને ન હોય માન ॥
માન હોય દાતારને, કરે સૌનું કલ્યાણ ॥

"સંવત ૧૯૮૫ ના માગસર સુદ ૫ ને વાર સોમે, માનપત્ર મળ્યું તે વખતે બોલેલા તે બોલોમા."

ઓ મારા દેશી બંધુ ભકતો અને પરમ પુજ્ય મહાત્મા યોગાનંદજી, મહારાજ કે જેણે મને માગસર સુદ ૧ ને ગુરૂવારને દિવસે, પોતાની કથામાં આવનારાઓ અને ભકત જનો વિગેરે કેટલા એક બીજા ગ્રહસ્થ લોકો વચ્ચે માનપત્ર આપી ઘણા પ્રેમથી આશિર્વાદ આપ્યાં, તેવણુ પોતે આજ આ સ્થાને પધારી સર્વ ભક્તો પર દયા કરી દર્શનનો લાભ આપ્યો છે, એ મારૂં પુર્ણ ભાગ્ય છે. વળી આ પ્રમુખસ્થાન પર પધારેલાં, પુર્ણ ભકત કે એવણુ પણ અત્રે વિઠ્ઠલનાથજીના મંદિરમાં કે જયાં દર સોમવારે ભજન ગવાય છે, એવણુ પોતે પણ એ મંડળમાં એ પોતે મોવાભાઇ ભજનમાં આગેવાની લઇ પ્રેમથી ભજન ગાય છે. એવણુ પોતે જનાર્દન વિરભદ્ર પાઠકજી, પ્રમુખસ્થાન પર પધારેલાં જોઈ મને ઘણો આનંદ થયો છે, કે એવણુને મેં વિઠ્ઠલનાથજીમાં ઘણી વખત ભજન ગાતા જોયા છે, તે વખતે તદરૂપ થઈ એકલીનતાથી ભજન કરે છે. હવે આ સર્વ ભક્ત મંડળની સભાની રજા લઇ બોલું છું કે આ માનપત્ર મારી અંબામાના વિચારથી ભકતોને પ્રેરણા કરી મને રાજી કરવા અપાવે છે, ને પોતાના પુજારીઓને ઉલટ લેવડાવી બહુ પ્રેમથી મારી ૮૪ વર્ષની ઉમર જાણી તેમાં સાઠ વર્ષ પુરા માજીમાં નવરાતરમાં છંદ ગાતા થયા, તેમાં એક નવરાતર પડયું નથી, એ જાણી, પુંજારીઓ અને પાઠકજીએ વિચાર કરી જયંતી જે કહે છે અગર જ્યુબેલી કહે,

કોઇ મહોત્સવ કહે અથવા જે કહેવાતું હોય તે, હું કાંઇ જાણતો નથી, કારણ કે મેં કોઇ દહાડો કોઇ સભામાં કે ભાષણ કરવામાં, આગેવાની લીધી નથી, તેથી હું એ વાતમાં અજાણ છું. તેથી મને ખબર નહીં. મને ખબર મારી અબામાએ શુ કામ કર્યાં, તેના ગુણ ગાવા, છંદ કરી માને ગાંડુઘેલું બોલીને મનમાંથી ઉર્મિઉઠે ને એ બુધ્ધિ આપે તેમ છંદ કરી ગાઇ પ્રિતિ બાંધી, કારણ કે આ સંસાર ઉપાધીમાં ફસાઇ અને ભવોભવ ભોગવવાં પડે છે. ને જન્મ મરણના દુઃખથી મુક્ત થઈ આ અલ્પ આનંદ મુકી અખંડ આનદની ઇચ્છા રાખી છંદ ગાઉં છું તેથી મારા પર દયા લાવી પ્રસન્ન થઇ મને મુળ સ્વરૂપને મળાય તે રસ્તો બતાવી સંશય ભાંગ્યા, તેમાં હું બહુ આનંદ પામેલો છું. વળી એ છંદ ગાવાથી મારા જે જે પુર્વના કર્મની છાયા કપાતી ગઈ તેમ તેમ માની છાયારૂપી પ્રકાશ પડવાથી પાપ ધોવાતાં ગયા તેમ તેમ પોતાના સ્વરૂપનું ભાન પડતું ગયું. તેમ તેમ આત્મજ્ઞાની વેદાંતમાંના સાર પર પ્રેમ ઉત્પન્ન થતો ગયો. ને જેમ જેમ અનુભવ થતો જાય છે, તેમ સમજાય છે કે આ ખરૂં છે ને આ ખોટું છે એટલે કાયા અને આત્મા જુદા છે, તો જ્યાં સુધી કાયામાં જીવ રહેશે ત્યાં સુધી માયા છે, જ્યારે જીવ છુટો પડશે, ને પોતાના અરભવ પરભવના કર્મો ખેરવશે તો તરત પોતે બ્રહ્મ બની એક થશે.

દોહરો.

અબંધ કહીએ આત્મા, એ માયાથી કેમ બંધાય ॥
જો બંધનમાં આવ્યો, તો જરૂર શિક્ષા થાય ॥

ઘર બાળે ઘર ઉગરે, ને ઘર રાખે ઘર જાય ॥
એ સમશ્યા અનુભવ તણી, ગુરૂગમથી ઓળખાય ॥

આપણે બધા એક દેશનાં ને એક દેશી છીએ. એકમાંથી અનેક થયાં છીએ. અનેકનો એક થશે. સર્વે પંથના એક પરમેશ્વરને માને છે, કોઇ બે કહેતાં નથી. તો તેને મળવા આ બધા પંથે એટલે માર્ગ જુદા જુદા થયા, તેનું કારણ કે જે મહાત્માઓ જે માર્ગે ગયા તે માર્ગ જેના હાથમાં આવે છે, તે માર્ગેથી જે ગયેલા તેની રહેણી જોઇ તે પ્રમાણે ચાલશે તો તે બધાએ પોતાના સ્વરૂપમાં ભળશે. વાસ્તે તેનો દાખલો કે આપણે કોઇને પુછશુ કે આ કામનો કરનાર કોણ તો કહેશે કે "હું." કરાવનારને પુછશો તો તે કહેશે કે "હું." એટલે બન્નેમાં હું ને હુંજ રહયા. તેમ આ માનપત્ર આપનાર પોતે તેમ લેનાર પણ કહે કે હું પોતે, એટલે પોતેજ આપે છે ને પોતેજ લે છે. હું માનું કે મેં કર્યું, એમ કહે તે મિથ્યા છે. માટે આ આપણે બધાએ સર્વે એકરૂપ છીએ. કોઇ નાનુ પણ નથી ને મોટું પણ નથી. હવે બે છંદ બોલીને હું બેસવાની રજા લઇશ.

બોલો અંબે માતકી જે.



ઝડપી લગડી રાહ.

વારે વારે વારૂ મન તુ માન કહ્યું મારૂ,
આ છે ભવ તરવાનું બારૂં.
પસ્તાસો ફરી, ગુણ શરણ રહી,
જપો જાપ આદ્ય અંબાનું ધ્યાન ધરી.
જીવ તું જોની જાગી જોગી ભોગી તપસી ત્યાગી,
ગયા રાગી ને વૈરાગી, છોડી માયા,
એક પલકમાં, હો ગઈ ખાખ પડી કંચન કાયા,
મુરખ માને મારૂં, અંત કાળે નહિ તારૂ,
લાગે પામરને પ્યારૂં, સંસાર આયા,
ફોકટ ફેરા, ફર્યો તું લક્ષ ચોર્યાશી ભટકાયા.

ગઝલ.

મનસા દેહ મોગો મુલ, તેને કેમ કરે ધુળ,
માયા કાયા કારમી ફુલાઈ ફરે ફુલ,
ફુલાઈ ફરે ફુલ, ફુલાઈ ફરે ફુલ,
ભમર ભોગી બાસ લેતા બીડાય કમળ ફુલ.

ઝુલ.

સંસાર સુખ સ્વપ્નુ ગણે, અજ્ઞાની જાને સારજી,
સુતવીત દારા મુકી જવું, કંઈ કરને મન વિચારજી,

તું તો સમજી લે વિચારી, હું તો કહું છું વારંવારી,
તારા મનમાં તું ધારી, હવે બેસ થરી, ગુરૂ સરણુ રહી,
ચોક ૧ લો.

ભમરો કમળમાં ઘેરાઈ, પછી રહયો પરતાઈ,
જીવડો ગયો જુગ માંહી, ફર્યો ચોર્યાશી,
રહયો ગરભમાં, પડયો બહાર પડી ગફલત માયા ફાંસી,
ભજ તું માતાનું નામ, કર આતમાનું કામ,
મમતા મુકી દે તમામ, થાય સુખ પાસી.
મટે ચોરાશી, સમજ મન નહિ તો થાસે તારી હાંસી,

ગઝલ.

સાર માજી નામનો મેં દીઠો જગમાંય,
દુઃખ તળે સુખ મળે ભજીલો અંબાય,
ભજીલો અંબાય, ભજીલો અંબાય,
શંશય મનનો કાઢી નાંખો શંશે જગને ખાય.

ગુણ.

કરતાનું કર્યું કોઈ ન ઉઠાપે, પામે નહિ કોઈ પારજી,
અનંત જુગ એમ વહી ગયા નહિ જડયો કોઈને સારજી.

સંસે મનનો તાણો, પીઓ સતગુરૂનો પ્યાલો.
ઢાલ માજી નામની ઝાલો, શીર ગુરૂ કરી.
ગુરૂ શરણુ રહી. ચોક ૨ જો.

તુ તો સમજ પામર પ્રાણી, અનુભવ અંતર આણી,
સાચી અંબા લો ને જાણી, એ છે ત્રિપુરારી, દુનીયા સારી.
ભજન બીન કંઈ નર ગયે મનખા હારી,
જાયું તે તો જાસે, નામ રૂપ ગુણનો નાસે,
બીજા ગયા તેમ જાસે, ચાલો વીચારી,
કોટી કલ્પથી, છે જન્મ મરણુ અવતાર ધારી.

ગઝલ.

આ સ્વપ્ના જેવું સુખ, સાને સાચુરે માનો,
ફસાઈ ફંદમાં ફાંસી ખાઈને, મીથ્યા મત તાણો,
મીથ્યા મત તાણો, મીથ્યા મત તાણો,
આદ્ય અંબાની ગહન ગતી કોઈએ ન જાણો.

ઝુલ.

ત્રીકટ ફંદમાં ફસાઈ રહી, ફરે લક્ષ ચોરાશી મહીંજી,
જ્ઞાન કથો ગુરૂ સંગ રહી, ઝટ મુકિત થાએ તહીંજી.

દુઃખ સુખ સ્વમા માંહી થાય, જીવ ભ્રમણાથી ભોળવાય.
જાગે જોતાં જુઠું થાય, પસ્તાસો ફરી
ગુરૂ સરણ રહી. ચોક ૩ જો.
શરીર વાદળની છે છાયા, નથી કોઈની અમર કાયા,
ભજે દેવ સરખા ડાયા, કંઈ ભોમી પડે, જુવો બળી સુત.
બાણાસુર કૃષ્ણજીની તો સાથે લડે,
ભલા ભીષ્મ પિતા સુરા, કર્યા પાંડવે જુધ પુરા.
થયા અરજુનથી ચકચુરા, રથે કૃષ્ણ ચડે,
રાવણ રામે રોળી, બાળી લંકા અજોધ્યા ખડે.

ગઝલ.

ચેત મન ચેત માજી, ભજો ગુરૂ સંગ,
મમતા ત્યાગી થાઓ રાગી રહો સદા ઉમંગ.
રહો સદા ઉમંગ, રહો સદા ઉમંગ,
પડી કાયા તુટી દોરી ઉડ ચલ્યા પતંગ.

ઝુલ.

કાળ કેરી ઝાળ જબરી અહંકૃતી કરો ત્યાગજી.
મમતા મારો મન તણી. પડી કાયા જલા દે આગજી.
ગયા સાંભળી શીવલાલભાઇ, અમીચંદ બોલે આહીં,
સામા બેઠા અંબા માઈ, ભગત જશે તરી.
ગુરૂ શરણ રહી. ચોક ૪ થો.

નવ પ્રકારની ભક્તિ.

દોહરો.

સમરૂં માતા શારદા ગણપતિ લાગું પાય,
લખ ચોર્યાસી ભમતા મનુષ્ય છેલ્લો થાય. ૧
ઈચ્છા રાખે મનમાં મોક્ષ પદને ચાહ્ય,
સંસાર દુઃખનો દરિયો ગુરૂ મળે સુખ થાય. ૨
કરી કલ્પના મોક્ષની શોધી ગુરૂ ઘર જાય,
ગુરૂ કરી જ્ઞાન મેળવી ગુરૂને લાગે પાય. ૩
કયો માર્ગ ભકિત તણો ભેદ ભાંગે ઘડ થાય,
નવધા ભકિત મુળ છે સાંભળ કહું તે ઘાંય. ૪
ભેદ વિના ભકિત કરે અણજાણે અથડાય,
જુઓ ભકતની ભક્તિ મોક્ષ પદને પાય. ૫
પહેલી ભકિત પરિક્ષતની શ્રવણ ભકિત કહેવાય,
સપ્તાહ સાત દિવસના સાંભળી મોક્ષે જાય. ૬
પાષાણ જેવી પ્રતિમા થઈ બેઠાતા ત્યાંય,
ચીત રાખીને સાંભળ્યું તો મોક્ષ પદને પાય. ૭
બીજી ભકિત નારદ તણી, કીર્તન નીશદીન થાય,
પલક એક ચુકે નહીં, નિશદીન કીર્તન ગવાય. ૮

ત્રીજી ભક્તિ પ્રહ્લાદની સ્મરણ એ કહેવાય,
સ્મરણ ભક્તિ સુગ છે પ્રગટ્યા થંભની માંય. ૯
સેવા ભક્તિ ગુરૂ તણી ચોથી તે કહેવાય,
ગોવીંદ મળ્યા ગુરૂ થકી ગુરૂ અધિક કહેવાય. ૧૦
સેવા ભક્તિ સબરીની લાગે ગુરૂને પાય,
તપ જપ કરે ઘણું અધીક ગુરૂ કહેવાય. ૧૧
અરચન ભક્તિ પાંચમી ને કરી અંબરીશ રાય,
પુંજારે સોળ ભાતની થાળ ભરી નીત્ય થાય. ૧૨
વંદન સેવા ભક્તિ છઠ્ઠી કહીયે જે,
એ ભક્તિ ગરૂડની શુરવીર કહીએ તે. ૧૩
દાસ ભક્તિ હનુમાનની રામ રટણ નીત થાય,
આ ભક્તિ છે સાતમી હરીજન કહેવાય. ૧૪
સખા ભક્તિ આઠમી અરજુનની કહેવાય.
નવમી આત્મ જ્ઞાન છે, એક બ્રહ્મ ઓળખાય. ૧૫
સંશય તજી સમરણ કરે, એક રૂપ બનજાય,
ભક્તિ નવ પ્રકારની આ પ્રમાણે થાય. ૧૬
ચંચળ ચીત્ત ચળે નહીં, તરત અલેખ ઓળખાય,
ભક્તિ કરવી ભાવથી એકરૂપ બન જાય. ૧૭

ગુરૂ ગોવીંદ દોનો મીલે, કીનકું લાગું પાય,
બલિહારી ગુરૂ દેવકી જીને ગોવીંદ બતાય. ૧૮
સતગુરૂ શબ્દ સાંભળી રાખવા ઘટની માંહ્ય,
રાત દિન રટણ કરે મોક્ષ પદને પાય. ૧૯
આ ભક્તિની રીત છે આવી ભક્તિ થાય,
જન્મ મરણ જોતા તળે, કહે અમીચંદ ભજો અંબાય. ૨૦

દોહરો.

(આઠ વસ્તુ પોતાની મેળે શીખવાની છે.)

નાક પાઘ ને પારખું, નાડી ને વળી ન્યાય ॥
તરવું તસ્કરવું ને તનતરવું, એ આઠે આપ કળા ॥

અર્થ:—નાક વતી ખુશબો પારખવી; પાઘડી બાંધવી; હરેક વસ્તુની પરીક્ષા કરવી; નાડ જોઇ રોગ પારખવો; ઇન્સાફ કરવો; તરતાં શિખવું; તસ્કરવી એટલે ચોરી કરવી ને તનતરવું એટલે સંસાર માંડવો, એ આઠે વસ્તુ પોતાની મેળે તર્કથી શીખવાની છે. તેમજ પરમેશ્વરને ઓળખવું એ પણ પોતાની સુરતાથીજ છે.



છંદ ૧ લો.

અંબામા તારૂં દર્શન દુર્લભ—એ રાહ

હશે ઝવેરી કોઇ એક વિરલા, પ્રેમરસનો સ્વાદ ચાખશે તે ॥
અમર રસના કોઇ એક ભોગી, બેઠા ખુણાથી માંગશે તે ॥
સર્વે ભક્તો ભક્તિ કરે છે, મુખવાણી પર પડશે છાપ ॥
એક તાર અનુભવી મેળવે, તદ્રુપ થઇ જાય આપો આપ ॥
ગગન મંડળપર ધુન ચલાવી, કોઇ વીરલા જેરવી લે તાપ ॥
સ્હેજ સમાધિ વાણી વિવેકે, મૂળ માલિકનો જપતા જાપ ॥
પ્રેમ ભક્તોની અનુંભવી વાણી, તેના શબ્દોથી જાગશે તે ॥
અમર રસના કોઇ એક ભોગી, ચોક ૧ લો.

રસોઇ બનાવે જુક્તિથી, તેમાં તેલ મસાલો નાખે અપાર ॥
લુણ વિના લાગે સર્વે ફીકું, આ દ્રષ્ટાંત પર કરો વિચાર ॥
પ્રસન્ન થઇ પડે માની છાયા, લુણ રૂપી તેમા સ્વાદ અપાર ॥
આવી કંઠ પર સાહ્ય કરે, પડે વાણી મધુરી મોહ્ય સંસાર ॥
ઘણી વાંસળી વાગે વાંસની, કૃષ્ણ વાંસળી વાગશે તે ॥
અમર રસના કોઇ એક ભોગી, ચોક ૨ જો.

એ વાંસળી વાગે મધુવન, સુણી ગોપીકા થાય પ્રસન્ન ॥
ઘર કામ છોડી, દોડી ગોપિકા, વાંસળી વગાડે રાધે કીશન ॥
લાગી લાહ્ય નહિ ઉઠ્યા જનકરાય, એવું કથામાં ચોટયું મન ॥
ભક્તિ કરો તો એવા ભાવથી, ઝટ માજી થશે પ્રસન્ન ॥
ભક્તિનું ફળ મળશે ભક્તને, નહિ સપાડું રાખે તે ॥
અમર રસના કોઈ એક ભોગી. ચોક ૩ જો.

વિનંતી કરી ગુણ ગાઓ માજીના, તેટલી ઘડી ચીત્ત રાખો સ્થિર ॥
ધાર્યું થાશે ભવ દુઃખ જાશે, કોઇ વીરલા સમજે ગંભિર ॥
પ્રેમ રસ પ્યાલા પીધા પ્રેમથી, શુદ્ધ મન થયું નિર્મળ નિર ॥
સાહ્ય કરે મા સદા ભકતને, આફતે આવી આપે ધિર ॥
અમીચંદ કહે ધાર્યું કરે મા, મુખમાંથી જે ભાખશે તે ॥
અમર રસના કોઇ એક ભોગી. ચોક ૪ થો.

છંદ ૨ જો.

ભજનરૂપી છંદ.

એક હ્હાડો ભરવો છે હમારે, તેની ફીકર મા તારે રે—એ રાહ.

શું જુઓ ઝટ આવો માજી, હીંગળાજ માત તું મારી રે ॥
નોધારાની તું આધારે, બુડતાને લો તારી રે ॥
શું જુઓ ઝટ આવો માજી, હીંગળાજ માત તું મારી રે ॥

જો કોઇ ભૂલ હોય હમારી, ક્ષમા કરો દિલધારીરે ॥
દાસ જાણી દીન વચન સુણીને, અરજી લો સ્વિકારીરે ॥
॥ શું જુઓ ઝટ આવો માજી ॥ ચોક ૧ લો.

સંસારમાં તો સરસો થઇને, ફરતો થઇ અહંકારીરે ॥
કામ ક્રોધમાં જીંદગી કાઢી, ડુબતી દુનિયા સારીરે ॥
શું જુઓ ઝટ આવો માજી ॥ ચોક ૨ જો.

એ માયાની જાળ તમારી, તેમાં ભૂલે બ્રહ્મચારીરે ॥
હાથ ઝાલી મા હિંગળાજ તારો, સંસાર છે દુઃખકારીરે ॥
શું જુઓ ઝટ આવો માજી ॥ ચોક ૩ જો.

અજીત માયા એ છે તમારી, ભલા ભુલે દુધાધારીરે ॥
એ માયાથી કોણ બચાવે, માની છે ઉપકારીરે ॥
શું જુઓ ઝટ આવો માજી ॥ ચોક ૪ થો.

અંબા કાળી હિંગળાજ મા તું, એક રૂપ અધિકારીરે ॥
અમીચંદ કરે છંદ માજીના, ગાય ધરમદાશ લલકારીરે ॥
શું જુઓ ઝટ આવો માજી, ॥ ચોક ૫ મો.

છંદ ૩ જો

પ્રથમ નમું ગણુપતિ—એ રાહ.

ભલે પધારો મારા દેશી બંધુ, પ્રેમે પીઓ પ્રેમ રસ ॥
લાગે સ્વાદ તો પીજો મસ ॥

અજર અમર રસ પીધો ગોપીએ, વ્યાપ્યો અંગોઅંગ ॥
રમ્યા રાસ પ્રેમે કૃષ્ણ ઉમંગ ॥

એરે રસ મીરાંબાઇએ પીધો, છોડયો રાણાનો સંગ ॥
લાગ્યું એને કૃષ્ણ સાથે લગન ॥

પ્રેમ પ્યાલો પીધો ચઢી ખુમારી, લાગ્યો ભજનનો ચડશ ॥
લાગે સ્વાદ તો પીજો મસ ॥ ચોક ૧ લો.

એરે રસ નારદજીને સોઇએ, કિર્તન ભક્તિ કહેવાય ॥
અહોનિશ રટણ કૃષ્ણનું થાય ॥

વલ્લભ ધોળા ભક્ત માજીના, શ્રીજી મંદીરમાં જાય ॥
દીઠા નહીં માજી નમ્યા નહીં ત્યાંય ॥

ઉપવાસ કરી માનું ધ્યાન ધર્યું, પહેરી શ્રીજીએ [illegible]થ સરસ ॥
લાગે સ્વાદ તો પીજો મસ ॥ ચોક ૨ જો.

આ અમુલ્ય રસ જેણે પીધો પ્રેમનો, તેતો તરી ગયા પાર ॥
પલકમાં છોડી ગયા સંસાર ॥

ભક્તિ કરતાં ભે જશે જમનો, મળશે માલિક નોદ્ધાર ॥
સર્વાંગે શક્તિનો આધાર ॥
પ્રેમ ભક્તિ કરી સૂરઠ વૈસ્યે, ભાંગી તેની તરસ ॥
લાગે સ્વાદ તો પીજો મસ ॥ ચોક ૩ જો.

ભર કટોરા પ્રેમરસ પ્યાલા, માજી નામના લઇ ॥
પીએ પાય છંદ અમીચંદ કહી ॥
છંદ સાંભળી આનંદ થાએ, જાએ દુઃખ પલકને મહીં ॥
થાએ સુખ માનજો સાચું સહી ॥
રામુભાઇ કરે ભક્તિ ભાવથી, ઢોલક બજાવે સરસ ॥
લાગે સ્વાદ તો પીજો મસ ॥ ચોક ૪ થો.

છંદ ૪ થો.

અંબા મા તારૂં દર્શન દુર્લભ—એ રાહ.

સંસારી જીવ સર્વે ભકત છે, મતલબ વખત કરે ભકિત સહુ ।
ઇશ્વર ભકિત કરે કોઇ એક વીરલા, બગલા ભકત સંસારી બહુ ॥
ઇશ્વર ભકિતના ભેદને જાણે ગુરુવિના નહિ મળશે જ્ઞાન ॥
ગુરૂ જ્ઞાની અનુભવી જોઇને, સર્વ શાસ્રનો હોય જે જાણ ॥
ગુરૂ ઉપદેશ લઇ જ્ઞાન મેળવવું, ભકિતના માર્ગમાં રાખવું ધ્યાન ॥
કયાંથી આવ્યા ને કયાં જવું છે, વાકેફ થઇ તેનું કરવું પીછાણ ॥

એ જાણવું ઘણું કઠણ, ખુલે અંતર પરદો જણાય સહુ ॥
ઈશ્વર ભકિત કરે કોઇ એક વિરલા ॥ ચોક ૧ લો.

એક ગુરૂ ને એક ઈષ્ટદેવ, એક ટેક રાખી રહેશે જે ॥
સદા આનંદ ઘર સહેજમાં જોશે, પોતે પોતામાં ભળશે તે ॥
ભકત ભકિત જોઇ ભોળવાશે, ભુલવણીમાં રહેશે તે ॥
ભવસાગરમાં રહેશે ફસાઈ, અનંત ભવ દુઃખ સહેશે તે ॥
ભકિત વખતે ભોગને ત્યાગી, નિર્વિકાર થઇ રહેવું સહુ ॥
ઇશ્વર ભકિત કરે કોઇ એક વિરલા ॥ ચોક ૨ જો.

જગત જીવો સર્વે ભકત થઇ, મતલબ વખત બને સહુએ દાસ ॥
ભકત બની કરે ભકિત પ્રેમથી, રાત દહાડો જઇ બેસે પાસ ॥
એવી ભકિત નહિ કરે પ્રભુની, ત્યાંથી કરે જીવ નાસા નાસ ॥
માળા ફેરવતા મન દોડાવે, પૃથ્વીથી જીવ જાય આકાશ ॥
ભકત બની સહુ ભકિત કરે છે, ભકિત ભકિતના ભાવ છે બહુ ॥
ઈશ્વર ભકિત કરે કોઈ એક વિરલા ॥ ચોક ૩ જો.

આ જગતના સર્વે પ્રાણી ભકત જાણી ભરોસે રહે ॥
રાખી ભરોસો ભકિત જોઈને, તેના વચન માનીને લે ॥
ખરા ભગતતે ખરૂં બતાવે, સદા આનંદ ઘર જાસે તે ॥
ભગત મંતલબી નદી કિનારે, બગ મચ્છ તાકીને રહે ॥
અમીચંદ કહે ભકિતનું ફળ, ભાવ પ્રમાણે મળે તે જોઈ ॥
ઇશ્વર ભકિત કરે કોઇ એક વિરલા ॥ ચોક ૪ થો.

છંદ ૫ મો.

(રાહ ઉપરનો.)

ભક્તિ કરી છંદ ગાઇ ધરો ધ્યાન, એક તારથી બેસી રહો ॥
માંગ્યુ મળશે ભવ દુઃખ ટળશે, રાખી ભરોસો માને કહો ॥
જુઓ જનક રાજાને ઘેર, સુકદેવજી કેવા ઉભા સ્થિર ॥
ગુરૂ કરીને જ્ઞાન લીધું, ઉપવાસ કરી ઉભા રાખી ધીર ॥
ધીરજનાં ફળ આપ્યાં જનકે, થયાં જ્ઞાની ગુણ ગંભીર ॥
આત્મજ્ઞાનનો બોધ આપ્યો, શુદ્ધ મન થયું નિર્મળ નીર ॥
કરી કસોટી જનક રાયે, સંસાર વહેવારનો ઉતાર્યો મોહ ॥
માગ્યુ મળશે ભવ દુઃખ ટળશે, ચોક ૧ લો.

જુઓ જનકરાય બેઠા કથામાં, કેવું કથામાં લાગ્યું મન ॥
લાગી લાહ્ય મહેલ સળગ્યો જાણ્યો, બળતા પોતાના ત્યાં ફરજન ॥
આવી ગભરાઈ દીવાન બોલ્યો, ઉઠો રાજા ખુબ લાગી અગન ॥
રાણી ધીરજ બોલે જનકરાય, હું તો મારૂં બુજાવું તન ॥
મારી તારી કાઢી બળે તો, કહેલી કોની ઓળખે તે કહો ॥
માગ્યું મળશે ભવ દુઃખ તળશે, ચોક ૨ જો.

બેઠા કથામાં ભગત સાધુ સંગ, લાહ્ય લાગી કે દોડયા તડી ॥
પોત પોતાનો સામાન બચાવવા, લાગી લાહ્ય ત્યાં ઉભા જઈ ॥
એતો કારમી માયા રચેલી, પારખું જોયું આગ હોલવાઇ ગઇ ॥

કરી પરિક્ષા મહાત્મા બોલ્યા, ખરાં ભગત તમે વીદેહી ॥
ભકિત કરો આવા પ્રેમથી, જન્મ મરણનો જાશે ભો ॥
માંગ્યું મળશે ભવ દુઃખ તળશે, ચોક ૩ જો.

આપણે સર્વે ભેળા થયા, કરી ભક્તિ છંદ ગાઈ ધરવા ધ્યાન ॥
એ વખત નહીં કરવી ઉપાધી, વ્યસન પાણી નહી કરવું તોફાન ॥
ઘર ધણી તો ભાવ ભગતનો, જોઇ તરત તેને આપે માન ॥
ભક્તિ કરનારને ભોગ ન લેવો, છંદ ગાતા નહીં તોડવું તાન ॥
અમીચંદ કહે જુઓ ભક્તિ, એવું સ્થિર મન રાખી રહો ॥
માગ્યું મળશે ભવ દુઃખ ટળશે, ચોક ૪ થો.

છંદ ૬ ડો.

ભજનરૂપી છંદ.

(ભક્તિ કરતી વખતે વ્યસન ન કરવા વિષેનો છંદ.)

ગુરૂ મારા સાચારે, અંબા મા થયા પ્રસન્ન—એ રાહ.

ભક્ત જન આવોરે, લોની લાભ ભક્તિ કરી ॥
લલચાઇ નહીં જાશોરે, આવશે કપ ચાના ભરી ॥

ઝુલ.

માને તેને છે શિખામણ, બુદ્ધિવાનનું કામ ॥
વગર પૈસે કરો ખરીદી, જ્ઞાની આપે છે જ્ઞાન ॥
સમજુ સમજી લેસેરે, ભજનમાં ચિત્ત ધરી ॥
લલચાઈ નહીં જાશોરે ॥ ચોક ૧ લો.

ઝુલ.

સંસારી જીવ સર્વે આપણે, માયામાં ગુલતાન ॥
અસુરી દૈવ બે માયા છે, તેનું જ્ઞાનીને છે ભાન ॥
સમો જોઇ વરતેરે, સંશય નહિ રાખે જરી ॥
લલચાઇ નહીં જાશોરે ॥ ચોક ૨ જો.

ઝુલ.

દૈવ માયા છે ભક્તિ રાણી, મુક્તિની દાતાર ॥
સાધુ સંત જંગલમાં જાએ, જપ કરે એક પાય ॥
મુકી અન્ન પાણીરે, બેસે એક ચિત્ત ધરી ॥
લલચાઇ નહીં જાશોરે ॥ ચોક ૩ જો

ઝુલ.

ભોગી તો ભોગ લઇને આવે, સારા ખાય મિષ્ટાન્ન ॥
નચિંત થઇ રાતે બેસે, ધરવા માજીનું ધ્યાન ॥
તો એ જીવ ભટકેરે, જરા ન રહે ચિત્ત ઠરી ॥
લલચાઇ નહીં જાશોરે ॥ ચોક ૪ થો.

ઝુલ.

ચાહ પીને સૌ રાજી થાય છે, માજી જાણે સૌ ॥
ચાહ પી રાજી નહીં થાત તો, માજી આપત બહુ ॥
અમીચંદ કહે છે રે, ભરોસે જાય વહાણ તરી ॥
લલચાઇ નહીં જાશોરે ॥ ચોક ૫ મો.

છંદ ૭ મો.

કઈ અવસ્થામાં ભક્તિ કરવી તે વીશેનો છંદ.

અંબા મા તારૂ દર્શન દુર્લભ એ રાહ.

ભગવત ભક્તિ નથી કોઇની, કરે તેના તે બાપની થાય ॥
બાળક બુઢા કરે ભક્તિ, જુવાનીમાં છે ખરી મઝાય ॥
બાળપણામાં બાળક બુદ્ધિ, નહિ સંસારની જાણે રીત ॥
રમત ગમતમાં દહાડો કાઢે, નહિ કશાપર ચોંટે ચીત ॥
ભણે ગણે ઉદ્યમમાં લાગે, સંસાર વહેવારની લાગે પ્રિત ॥
મોજ મઝા મમતામાં ભૂલ્યો, બચે વિરલા ઈંદ્રિય જીત ॥
ઘડપણમાં બળ બુદ્ધિ હિણ થાય, ઘટે લોહી થાય જીરણ કાય ॥
બાળક બુઢા કરે ભક્તિ ॥ ચોક ૧ લો.

નહિ સાધન નહિ ક્રિયા થાયે, તિરથ વ્રત નહિ થાએ શરીર ॥
અનેક ઉપાધી રોગ શરીરના, ઘડપણના આવી લાગે તીર ॥
ઘડપણનું દુઃખ ઘરડા જાણે, પ્રભુ ભજવા મન નહિ રહે સ્થિર ॥
દુઃખ પડે ત્યારે ઓ મા કહે છે, સ્હાય કરે મા ગુણ ગંભીર ॥
પડયો પથારી દુઃખમાં ડુબ્યો, સુખી થવા માના ગુણ ગાય ॥
બાળક બુઢા કરે ભક્તિ ॥ ચોક ૨ જો.

ઘડપણ બાળપણ ભક્તિ કરો, પણ જુવાનીનું છે ખરૂં સાધન ॥
જપ તપ જાત્રા તિરથ થાયે, જોગી જોગ સાધે જઈ વન ॥

તાઢ તડકો સેવી શરીરપર, વાળી બેસે પદ્માસન ॥
સુરત સાધી છોડી ઉપાધી, તદ્રૂપ થઇ જઇ કરે ભજન ॥
જુવાનીમાં જે કામ થાય છે, ખરો વખત સાચો સચવાય ॥
બાળક બુઢા કરે ભકિત ॥ ચોક ૩ જો.

અનંત ભવ ભ્રાંતીમાં ભુલી, ભવસાગરમાં ડુબી રહ્યા ॥
અલ્પ સુખ ને દુખનો દરિઓ, અંત વખત પસ્તાવા થયા ॥
સમજ સમજી છોડી ઉપાધી, સદ્દગુરૂને શરણે જઇ રહ્યા ॥
જન્મ મરણની છુટી આપદા, મૂળ સ્વરૂપમાં ભળી ગયા ॥
અમીચંદ કહે ખરી મજા પડી,જુવાનીમાં ભજ્યા અંબામાય ॥
બાળક બુઢા કરે ભકિત ॥ ચોક ૪ થો.

છંદ ૮ મો.

(આપણા વતનીને માન વિષેનો છંદ)

પ્રથમ નમું ગણપતિ—એ રાહ.

આવો બેસો છઇએ એક વતનના, જરાતો લો વિશ્રામ ॥
ચોર્યાંસી લાખ ફર્યાં ન જડયો ધામ ॥
વિચાર કરી સગુરૂ સોધીને, જાણવી જીવની જાત ॥
ભૂલવણીમાં જાય છે દીનને રાત ॥
એરે માયાથી કોણ છોડાવે, માલીક અંબા માત ॥
કરો સમરણ સાંભળી વાત ॥

છંદ ગાઇ નામ સાહીને બેસો, શોધી માજીનો ધામ ॥
ચોર્યાસી લાખ ફર્યો ॥ ચોક ૧ લો.

એરે જનુંની જગતની માતા, સઘળે વ્યાપી રહી ॥
શક્તિ વિના નથી સુનો ઠામ કઈ ॥
સ્વર્ગ મૃત્યુ પાતાળના જીવો, શક્તિ વડે રહે સહી ॥
જુઓ નવખંડમાં વ્યાપી રહી ॥
મગજ શક્તિ બળ હશે જેનામાં, શોધશે મુળ મુકામ ॥
ચોર્યાસી લાખ ફર્યા ॥ ચોક ૨ જો.

પુર્વ પુન્ય જ્યારે ઉદય થાય છે, મુકાય કામ ને ક્રોધ ॥
મળે સગુરૂ બતાવે બોધ ॥
માયા માજીની સઘળે ફેલાઇ, સાંભળી કરી લો નોંધ ॥
ઇષ્ટદેવ અંબા ગુરૂ કરી શોધ ॥
પોતે ગુરૂ ને પોતે ચેલા, સઘળે ઠામો ઠામ ॥
ચોર્યાસી લાખ ફર્યા ॥ ચોક ૩ જો.

આત્મ શક્તિ બળ બુદ્ધિ રૂપે, માજી વસે ઘટ ઘટ ॥
પવન દોરીએ બાંધી જગત ॥
ભક્તિ કરી ધ્યાન ધરો માજીનું, મુક્તિ મળશે ઝટ ॥
ભરોસો રાખો કામ થાય તરત ॥
અમીચંદ કહે માજી નામથી, સર્વ સિધ્ધ થાય કામ ॥
ચોર્યાસી લાખ ફર્યા ॥ ચોક ૪ થો.

છંદ ૯ મો.

અજ્ઞાની અનેક ગુરૂ કરે તે વીશેનો છંદ.

રાહ ઉપરનો.

આવો ગાઓ છંદ ભકત માજીના, જરા તો લો વિશ્રામ ॥
ઇષ્ટદેવ ગુરૂ કરવા એક ॥
એક નામે કામ થયા સર્વના, જુઓ શાસ્ત્રને મહીં ॥
જવુ નહી લલચાઇ બીજે કાંઇ ॥
નવધા ભક્તિના ભેદને જાણો મુર્ખ ભમે જહીં તહીં ॥
મુર્ખને શરમ લાગે નહી ॥
ફરતો સાંઢ ફટકેલ માણુસ, તેને નથી વિવેક ॥
ઇષ્ટ દેવ ગુરૂ કરવા એક ॥ ચોક ૧ લો.

એક પતિ એક બાણુ રામનું, રાવણુ રોળ્યો સહી ॥
એકથી ગુણકા સ્વર્ગે ગઇ ॥
એક ટેક રાખી ગુરૂ સંગ રહે, ભટકે નહી જહીં તહીં ॥
પ્રસન્ન થઇ મંત્ર બતાવે કંઈ ॥
મંત્ર શીખે નહિ પાર પડયો, એની વિધીમાં વિવેક ॥
ઇષ્ટ દેવ ગુરૂ ॥ ચોક ૨ જો.

સાધન કીયા ઘણી કઠણુ છે, કંટાળી બેસવું નહિ ॥
ભક્તિ તો શુરાને કરવી કહી ॥

કાયર કંટાળી મુકી ને નાસે, નિંદા કરે જહીં તહીં ॥
મુર્ખ જઇ પડે કુપને મહીં ॥
સમજુ સમજી જશે સાનમાં, અણસમજુ કરે અનેક ॥
ઇષ્ટ દેવ ગુરૂ ॥ ચોક ૩ જો.

એક ગુરૂનું જ્ઞાન લઇને, ગાવા માજીના છંદ ॥
મુકી દેવો કુસંગતનો ફંદ ॥
ફકડ પણું છોડી મળીને ચાલવું, માનવું ગુરૂ વચન ॥
અનુભવી ભકતના ગાવા છંદ ॥
અમીચંદ કહે માજી મારે તો, બાળપણાનો ટેક ॥
ઇષ્ટ દેવ ગુરૂ કરવા એક ॥ ચોક ૪ થો.

છંદ ૧૦ મો.

અંબામા તારૂ દર્શન દુર્લભ એ રાહ ॥

હરખાઈ આવ્યા મા અરજી સ્વીકારો, સદા મગન રહુ ભક્ત ન પાસ ॥
તન મન ધન અર્પણ કરી, છંદ ગાઉ ભકત સંગ પુરજો આસ ॥
છંદમાં રંગ મને લાગી રહયો છે, ગુણ તારા મા ગાવામાં ॥
તારા ગુણ તારા ભકત ગાય છે, નથી મન થતું ખાવામાં ॥
વાણી મધુરી અમૃત જેવી, પડયા બોલ જીવ સાવામાં ॥
આપો બુદ્ધિ છંદ શીખીને ગાઉ, ચીત્ત લાગે ધુન મચાવવામાં ॥
તારા ભકત જેવી ભકિત કરે છે, તેવો લગાડો અમને પાસ ॥
તન મન ધન અર્પણ કરી ॥ ચોક ૧ લો.

સત ભકતની સેવા કરી, તારા નામની ઢાલ બાંધીને ફરૂં ॥
સત ચાલતા કરે નિંદા દુરીજન, તેના થકી હું નહીં ડરૂં ॥
ભગત જગતને વેર અસલથી, તે તો બધે સાંભળતો ફરૂં ॥
ભગત ભકિતમાં લીન થઇ જાય, જરા જગતથી નહીં ડરૂં ॥
પ્રેમ થકી પુસ્તક છપાવી અંબા નામનો લગાડવા પાસ ॥
તન મન ધન અર્પણ કરી ॥ ચોક ૨ જો.

આત્મ શકિત તમે ઘટઘટ વ્યાપ્યા, મગજ શકિત જેની ચાલે બહુ ॥
જેટલા જીવ સદા ધ્યાન લગાવે, મુળ માલીક થઇ બેસે સૌ ॥
જીવ બની જગતમાં આવી, ભવ સાગરમાં ડુબ્યા જોઉ ॥
કંટાળુ દુઃખ નહિ ખમાતા, આખર થાય ત્યારે બેસી રહુ ॥
એ દુઃખ તો કોને કહીએ, હારી આવ્યા હવે તારી પાસ ॥
તન મન ધન અપર્ણું કરી ॥ ચોક ૩ જો.

શાસ્ત્ર જોતા સદા આણંદમાં, ભજો ભગવતી ભાવે કરી ॥
વિદ્યા દાન કરી બોધ પમાડે, તેનો જન્મ નહીં થાય ફરી ॥
ગર્ભવાસથી છુટા પડી, જઇ બેઠા પોતામાં પોતે ઠરી ॥
એવા થવા મા અરજી કરૂં છું, ભકત કહે છે તે પહેલો કરી ॥
અમીચંદ કહે છંદ ગાઇને, સદા મગન રહું માની પાસ ॥
તન મન ધન અપર્ણું કરી ॥ ચોક ૪ થો.

છંદ ૧૧ મો.

રાહ ઉપરનો.

નીરમળ નામ અંબા મા તમારૂં ધ્યાન ધરૂં મા લેજો સલામ ॥
શકિત રૂપે તમે જ્યાંજ્યાં વસો છો ત્યાંત્યાં તમને કરૂં પ્રણામ ॥
નમું નીરાકાર ઇચ્છા શકિતને બ્રહ્મા વિષ્ણુ શંકર ત્રીગુણ નમું ॥
ૐ શબ્દ ધુન ધુન કાર જ્યાં શકિત છે સુનામાં સુન ॥
નમું જમ ઇંદ્રમાં શકિત પાણીમાં છે રાજા વરૂણ ॥
તે શકિતથી રાજ ભોગવે હરનીશ ગાય અંબાના ગુણ ॥
નમું શકિતથી સ્રષ્ટી રચી તમે કેઇક ભગતના કીધાં કામ ॥
શકિત રૂપે તમે જ્યાંજ્યાં વસો છો, ત્યાંત્યાં તમને કરૂં પ્રણામ ॥

ચોક ૧ લો.

નમું શકિત રૂપે તું જ્યાં છે, નમું શકિતથી રહયો સંસાર ॥
નમું નવદુર્ગા નવ ખંડ પૃથ્વી, નવ કુલ નાગ કરે કુંકાર ॥
નમું શકિત જે શેષ નાગમાં ફેણ પર પૃથ્વીનો ઝીલ્યો ભાર ॥
નમું શકિતથી માર્યાં દઇતને, વિષ્ણું સંગ તો ધરી અવતાર ॥
તનમાં રમે તું મનમાં રમે તું સઘળે વ્યાપી ઠામોઠામ ॥
શકિત રૂપે તમે જ્યાંજ્યાં વસો છો, ત્યાંત્યાં તમને કરૂં પ્રણામ ॥

ચોક ૨ જો.

કળી કાળમાં સાચી દેવી ચંડીકા ચાચર વાળી ॥
નમું નરબદા ગંગા જમના, તે શકિતથી જાય ચાલી ॥

નમું ચંદ્ર સુરજમાં શક્તિ કરે દુનીઆની રખેવાળી ॥
નમું નમું નીચો વલી વલીને, અંબામા બહુચર બાળી ॥
હવે અંતર ન રાખો અંબામા, મારે તારા દરશણનું કામ ॥
શક્તિ રૂપે તમે જયાં જયાં વસો છો, ત્યાંત્યાં તમને કરૂ પ્રણામ ॥
ચોક ૩ જો.

એક ત્રીશુળ બીજો ઘીનો દીવો, ત્યાં તો માજી તમારો વાસ ॥
આજ આનંદ ભેર કરૂં સ્મરણ મને દરશણ દો મારી પુરો આશ ॥
તનમનમાં રમ રહી મંમાયા તેરે દરશણ બીન રહું ઉદાસ ॥
અંબા નામ ભજું મુખ જયાં જાઉં ત્યાં કરજોડી કહું તારો દાસ ॥
અમીચંદ કહે હાથ જોડી, મને દરશણ આપો હાને ઠામ ॥
શક્તિ રૂપે તમે જયાં જયાં વસો છો, ત્યાં ત્યાં તમને કરૂં પ્રણામ ॥
ચોક ૪ થો.

છંદ ૧૨ મો.

કહે તે ભક્તજન, સમરૂં શંકર કે કુંવરજન,
પ્રથમ પુજું આદ્યચન, તમે આવોરે.
તમે આવો ઘન માહારાજેજી, છુમ છનનનનન ઘુઘરૂ બાજેજી,
એક સમે શિવ શંકર ભોળા, બોલે પાર્વતી સંગેજી.
મેરૂ પર્વત પર જઇશું તપશ્યા કરવા અતિ ઉમંગેજી,

ઉમિયા કહે ન રહું એકલી, નથી કોઇ મારી સંગેજી,
આપ્યું શિવે વરદાન ઉતારજો, મેલ તમારે અંગેજી.

ઝુલ.

પુત્ર પુત્રિ પ્રગટ થશે, નહીં ચિંતા રાખશો મનજી,
વરદાન આપી શિવજી ગયા, ધરે ધ્યાનવાળી આશંનજી.
પાર્વતી અસ્નાન કરવા, વીચાર કરે છે મનજી,
અંગ થકી મેલ ઉતારી, પ્રગટ કીધા બે ફરજંનજી.
ઓખા ગણુપતિ દ્વાર બિરાજેજી, છુંમ છનનન—ચોક ૧લો
ઓખા ગણુપતિ રમજો એટલે, ઘરમાં કરૂં અસ્તાનેજી,
નારદજી જઇ કહે છે શીવજીને તમે ધરો છો ધાનેજી.
ઘેર બે બાળક પ્રગટ થયા છે, એટલે રમે સંતાનેજી,
ભોળા શંભુ ભુલી ગયા, આપી આવ્યા હતા વરદાનેજી.

ઝુલ.

ક્રોધ કરીને ઉઠીયા ગયા પોતાને દ્વારજી,
બાળક બે બેઠા જોઇને ખિજવાઇ ગયા અપારજી,
રીસ કરી ઘરમાં ધસે ઉઘાડવાને દ્વારજી,
ગણુપતિ ગુસ્સે થયા લટ પકડી નાંખ્યા બ્હારજી.
જાય ઘરમાં તને નથી લાજેજી, છુંમ છનનન—ચોક ૨ જો
પિતા પુત્ર બે જુદ્ધ કરે લડે ક્રોધ કરે દાંત પીસેજી;

જટા સાહી શિવજીને નાંખ્યા, શંભુ ભરાયા રિસેજી.
ત્રિશુળ મારી ગણપતિ પાડયા, પળમાં ઉરાડયું શિશેજી;
ગભરાઈ ઓખા સંતાઈ ગઇ, ત્યાં બીજું કોઈ નહીં દીસેજી.

ઝુલ.

ઘરમાં ધસી શિવજી ગયાં, પાર્વતી બેઠા ન્હાયજી
કેશ થકી અંગ ઢાંકયું શિવ આ તે શું કેવાયજી
બ્હાર બેઠા બે બાળક તમ વરદાને ફળ થાયજી
સુરતા આવી શિવજીને પછી ઘણું પસ્તાયજી
ઉડી શિશ ચંદ્ર રથ છાજેજી છુમ છનનન—
ચોક ૩ જો.

પડયા પાર્વતી પૃથ્વી મૂર્છા, સુણી શિવ વચનેજી,
માર્યો ગણેશ મારો કરો સજીવન,
નહીં તો પાડું મારું તંનજી,
મોકલી અનુચર શિવજી કહે કરી લાવો શિરછેદનજી,
મળ્યો માર્ગમાં કુંજર, મારીને શિર લાવ્યા ભુવંનજી

ઝુલ.

ધડ મસ્તક એકઠા કરી કરે સજીવન શિવ તત્કાળજી
જોઇ પાર્વતી વિસ્મય થયા આ ન્હોય મારો બાળજી
શિવજી કહે સુણો પાર્વતી એ જગત તણો પ્રતિપાલજી

પહેલું પુજન એનું થશે ગણુપતિ દિન દયાળજી
ગણુપતિ વિનાયક રાજેજી ઘુમ છનનન—
ચોક ૪ થો.

માતા પાર્વતી શણુગાર ધરે શિરમુગટ છત્ર કુંડળેજી
રત્ન જડિત મોતીની માળા માતા પહેરાવે ગળેજી
જમણી સુંઢ ગણુપતિ ગજાનંદ ઠુમક ઠુમક ઘન ચલેજી
શિવજી કહે સુણુ પાર્વતી ગણુપતિ ભજે દુઃખ ટાળેજી

ઝુલ.

શુભ કામે સ્મરે સર્વ થાય ગણુપતિ પૂજનજી,
સૂણી વચન શિવજી તણું માતા થાય પ્રસન્નજી.
ચંદન લેપન કરી અંગે આંખો મે અંજનજી,
વિઘ્નહરો ધ્યાન ધરી કહે હાથ જોડીને ભક્તનજી.
અમીચંદની રાખો લાજેજી, ઘુમ છનનન—
ચોક ૫ મો.

મહા પ્રલયના છંદ ગાતા પહેલાની સુચના

આ છંદો ઉત્પતિ તથા પ્રલયના છે, જે ધણી, આ છંદો વાંચે તેણે કઈ ગાવા બેસે તો પહેલાથી મહાપ્રલયનો છંદ બોલવો, ત્યાર પછી ઉત્પતિનો, પછી

ધન ધન ધન ધન ધન અંબા માં વાળો તરત સાથે બોલવો જોઈએ નહિ તો તમને દોષ લાગશે. મહા પ્રલયનો છંદ હરવખત ગાયા કરવો નહિ હું વરસમાં એક કે બે વાર આ છંદો માતામાં બોલતો હતો તે સેજ જાણવા સારૂ લખ્યુ છે ને જે માણસ પ્રલયના છંદો બોલે તણે, નિત્ત પ્રલય, નિમિત્ત પ્રલય, અત્યંતક પ્રલય, મહા પ્રલય, ધન ધન ધન ધન ધન અંબામાં, અંબા તારી માયા ન જાણી, પલમે રચી સૃષ્ટિ અંબામાં, ગાવા તારે સાથે ગાવા નહિ તો તેમને દોષ લાગશે.

મહા પ્રલયના છંદો.

છંદ ૧૩ મો.

મોટુ સુરતમાં છે ધામ—એ રાહ.

ધસી એકદમ ના જાવું, સમો જોઈને ગાનું ગાવું,
કઈને પડે છે પસ્તાવું, ગુરૂ કરીને કહે શાન ॥
જે નર બેસે આસન જોઈ, તેને ઉઠાડે નહી કોઈ,
નહિ તો બેસે આબરૂ ખોઈ, ત્યાં થાય અપમાન ॥

માના ભકત બંધુ ભાઈ, હું તો કહું છું સમજાઈ,
ભકિત કરો છંદ ગાઈ, માને શિર નામી ॥
બાલી ભોલી એ તો માતા, આખા વિશ્વના છે તાતા,
સૌને આપે સુખ સાતા, અંતર્યામી ॥
છંદ તો કીધા છે મેં બહુ, સમો જોઈને બોલજો સહુ,
મારા મંત્ર સાચા કહું, નથી કંઈ ખામી ॥
વેદ વાણીના છે છંદ, સાથે ચંડી છે પરસન્ન,
ક્રિયા પાળી કે ભકતન, માને શિર નામી ॥
પ્રલય ઉત્પતિના છંદમાં, પહેલા સમજી લેજો તનમાં,
ક્રિયા પાળી સમજો મનમાં, ગુરૂ આપે જ્યારે જ્ઞાન ॥
જે નર બેસે આસન જોઈ ॥ ચોક ૧ લો ॥

છંદ તો શીખે છે અનેક એમાં બોલવાનો વિવેક,
ગુરૂ વચને રાખી ટેક, કદી બોલે નહી ॥
ગુરૂ આજ્ઞા જ્યારે થાય, ચેલો પ્રણામ કરી ગાય,
ગુણી ગુણથી ઓળખાય, પડદો ખોલે નહી ॥
એવા ગુણવંતા તો થોડા, બાકી કરી દોડમદોડા,
છંદ ગાતા તોડમતોડા, મળે તોલે નહી ॥
રાહબંધ ગાનારને દબાવે, વચ્ચે પડી આગળ આવે,

ન્હેલો ન્હેલો છંદ ગાવે, કાયા રોળે નહિ ॥
કાયા કસી અભ્યાસ કરે, આકીન રાખી ચીત્ત ધરે,
ગુરૂ જ્ઞાને બુદ્ધિ ફરે, ત્યારે મળે સઘળે માન ॥
જે નર બેસે આસન જોઈ ॥ ચોક ૨ જો ॥

ગાતા સાંભળી શીખી ગાશે, કાનો માત્રની ભૂલ થાશે,
ત્યારે અશુધ્ધ તે કહેવાશે, કોને શાનું મળે ફળ ॥
ગુરૂ આપે આશિષ દઈ, ગુણી રાજી થાયે લઈ,
ગુરૂ વચને સિધ્ધ થઈ, ઝટ ખુલે અક્કલ ॥
રણમાં મુઓ અર્જુન બાળ, ત્યારે અર્જુન તો પાતાળ,
અભિમાનનો જયદ્રથ કાળ, માર્યો કરીને બહુકળ ॥
પૃથ્વી અર્જુન કૃષ્ણ આવે, રણમાં જઈને યુદ્ધ મચાવે,
પણ લઈને બાણ ચડાવે, મારૂં જયદ્રથ કરી બળ ॥
સૂર્ય પહેલા મારૂ નહિ, મ્હારે બળી મરવું સહી,
એવી ખબર સઘળે થઈ, થયું જયદ્રથને જાણ ॥
જે નર બેસે આસન જોઇ ॥ ચોક ૩ જો ॥

જયદ્રથ ભોયરામાં સંતાયો, કૃષ્ણે નાંખ્યો આગળ પાયો,
સૂર્ય ચક્રથી ઢંકાયો, સૌએ દીઠી પડી રાત ॥
અર્જુન મુકી ધનુષ્ય બાણ, આપવા અગ્નિને પ્રાણ,

થયું જયદ્રથને જાણ, આવ્યો જોવા સૌની સાથ ॥
કૃષ્ણે સમર્યું સુદર્શન, થયું સૂર્યનું દર્શન,
જયદ્રથ ગભરાય દુર્યોધન, નક્કી અર્જુન કરશે ઘાત ॥
ધસી અર્જુન મારવા જાય, નથી સમો હાથ સાહ્ય,
એના પિતા છે તપ માંહ્ય, મૃત્યુ છે તેની સાથ ॥
સમાવિના લેતે પ્રાણ, એના બાપને થતે જાણ,
શ્રાપ દેતા થતે હાણ, કૃષ્ણ હતા જાણ ॥
જે નર બેસે આસન જોઈ ॥ ચોક ૪ થો ॥

મુકી બાણ પાડી ચીસે, જયદ્રથ માર્યો આણી રીસે,
પિતા ખોળે પડ્યુ શીષે, જોતાં પામે મૃત્યુ ત્યાંય ॥
સમે સમો છે બળવાન, તે પર કહ્યું છે દૃષ્ટાંત,
• સમા વિના જાતે જાણ, અર્જુન બચે નહિં ॥
ધન ધન છંદમાં વેદવાણી ॥ એ તો મંત્ર લેજો જાણી,
બીજા શબ્દો છે પુરાણી, તેને બોલો છો જહીં તહીં ॥
એના કેટલા ચંડીપાઠે, બીજા બોલવાના છંદ સાથે,
સમો વિના નર જે ગાતે, આખર પસ્તાશે તે સહી ॥
અમીચંદ કહે કળે કળે, તમે સીખો ભલે ભલે,
ક્રિયા પાળો આકીન કળે, સદા ધરૂં હું તો ધ્યાન ॥

જે નર બેસે આસન જોઈ, તેને ઉઠાડે ન કોઈ,
નહિં તો બેસે આબરૂ ખોઈ ત્યાં થાય અપમાન ચોક ૫ મો.

છંદ ૧૪ મો.

સમરૂં શારદા માત ભવાની, બેડે નીરંજન નીરાકારે,
ઘટ ઘટમેં વ્યાપીક તું મંમાયા ચાર પ્રલયનો કહું વીસ્તારે,
પ્રથમ નિત પ્રલય કહીયે જે, તે તો નિન્દ્રા સૌ કોઈ કરતે,
રૂષિ મુની બેઠે તપ ધ્યાની, સૌ નિંદ્રાવશમેં ધ્યાનજ ધરતે,
ઉઠે નિંદ્રાથી પ્રાતઃસકાળે, કરી મુખમર્દન સ્નાન કરતે,
નિત પ્રલયે એ નિતજ થાયે, સત્ય શબ્દ મુખથી ઓચરતે,
અસંખ્ય યુગ વહી જાયે જ્યારે બ્રહ્માનો દહાડો થાય ત્યારે,
ઘટઘટમે વ્યાપીક તું મંમાયા, ચોક ૧ લો.

સત્ય જુગ, ત્રેંતા, દ્વાપર, કલીયુગ, ચાર યુગનાં વરસ બતાવું,
સત્ય યુગનાં સત્તર લાખ ઉપર અઠાવીશ હજાર ગાઉં,
ત્રેતા યુગ બાર લાખને છંનેઉ હજાર કહીને શીષ નમાવુ,
દ્વાપુર આઠ લાખ ને ચોસેંઠ હજાર શાસ્ત્ર માહેં બતાઉં,

ચોથા કહું કલીયુગનાં વરસે, ચાર લાખને બત્રીસ હજારે,
ઘટઘટમે વ્યાપીક તું મંમાયા ॥ ચોક ૨ જો ॥

ચાર યુગની એક ચોકડી એવી ઇકોતેર ચોકડી જાએ,
હાથ જોડી અંબા કહું આજે, તેનો તો એક મનુ કહેવાયે
એવા ચૌદ મનુ જાય જ્યારે, ત્યારે બ્રહ્માનો દહાડો થાયે,
નિમિત્ત પ્રલય થશે તેવારે, ત્રણ લોક જળ માંહે ડુબાએ,
બ્રહ્મા સુશે નાભિકમળમાં, વિશ્ણુ સુશે જળ મોઝારે,
ઘટઘટમે વ્યાપીક, તું મંમાયા ॥ ચોક ૩ જો ॥

ચઉદ મનુ ગયા નિદ્રામાંહી, બ્રહ્મા ઉઠ્યા નાભિકમળથી,
મધુકૈત દઈમા બ્રહ્માને તે માઈરાં તેને અકકલથી,
આત્યંતક પ્રલય કહુ ત્રીજો, ત્રણ લોક જશે ગળક બળથી,
વેદ પુરાણ શાસ્ત્રમાં સાંભળ્યું, આદી અંતે અંબા છે અસલથી,
ડાહ્યાભાઈ કહે રહ્યો મહાપ્રલય, અમીચંદ કહે કરૂં વીસ્તારે,
ઘટઘટમે વ્યાપીક તું મંમાયા ॥ ચોક ૪ થો ॥

છંદ ૧૫ મો.

મહા પ્રલયનો છંદ. (આ છંદ હંમેશ ગાવો નહિ.)
કોઈ વખતે **શુદ્ધ જગ્યા,** શુદ્ધ મનથી ગાવો.

થશે પૃથ્વી પ્રલ્લેકાર માજી જે દહાડે મારી માજી વરસસે મુશળ ધારેજી ॥ નામ ધરં તો જશે રહેશે એક નિરાકારેજી ॥ કહી ત્રણ પ્રલયની વાત આગલા છંદમાં પ્રથમ નિત પ્રલય નિંદ્રા કહીએજી ॥ બીજો નિમિત્ત પ્રલય થશે ત્યારે જળમાં જઈએજી ॥ આત્યંતક પ્રલય ત્રીજો થશે અણચીંત્યો ॥ મારી માજી દટન દરમાં નહી રહીએજી ॥ મહા પ્રલયની વાત ચોથી હવે માંડી કહીએજી ॥

ગઝલ.

સો વરસ સુધી વરસાદ ન આવશે, તપસે પૃથ્વી અગન્ને ॥
ત્રાહે ત્રાહે કરી મરશે દુનિયા, દુઃખી થશે જગતન્ને ॥

ફેકતા.

એ શેષનાગ ફુંકારે નીકળશે જવાળે, પાણી પાણી કરીને મરશે બાળગોપાળે ॥ કોપશે આપ નિરંજન લેશે સર્વનો કાળે ॥

બીજા રહ્યા સહ્યા તે જશે નિરાધારેજી ॥ નામ ધરં તો જશે રહેશે ॥ ચોક ૧ લો ॥

એ અગમ વાત કહું મહા પ્રલયની આજે, આ મારી માજી સર્વ કાળોકા કાળેજી ॥ મહાકાળ નિરંજન નિરાકાર. રહે નિરિયાળાજી ॥ થશે આકાશવાણી શબ્દ મોટા ધનઘોરે ॥ આ મારી માજી ડોલશે દશે દિગપાળેજી ॥ સુણી શબ્દ ગભરાશે કહેશે, દેવ આવ્યો કાળેજી ॥

ગઝલ.

બાર કળા તપી સુરજ રહેશે, અગ્નિનો વરસાદ થાશે ॥
સ્વર્ગ મૃત્યુ પાતાળના લોકો, દેખી સૌ ગભરાશે ॥

ફેંકતા.

કંઈ પશુ પક્ષીના માળા તુટી પડશે, કંઈ હશે વિખુટા જે જ્યાં તે ત્યાં બળશે ॥ કરી ક્રોધને અગ્નિ ચોગરદમમાં ફરશે. આ મારી માજી ભસ્મ થઈ જશે સંસારેજી ॥ નામ ધરં તો જશે રહેશે ॥ ચોક ૨ જો ॥

એ પહાડ પર્વત પૃથ્વી ગોળાકારે, મારી માજી એ પળમાં પ્રલય થાશેજી ॥ દાવાનળ ખુબ વરસે અગ્નિ ફરે આકાશેજી ॥ ઓગણપચાસ જાતને। પવન છુટી રહેશે, આ મારી માજી, કરી સુસવાટા વાસેજી ॥ આ ચંદ્ર સુરજ પડશે પૃથ્વી પર ખાખજ થાશેજી ॥

ગઝલ

નારદ શારદ ગણેશ ધ્રૂજી, સપ્ત ઋષિ કહેવાયે ॥
શિવશંકાદિક કુબેર વિષ્ણુ, મહા પ્રલયમે જાએ ॥

ફેંક્તા

એ અલેક પુરૂષકી જયોત અગનમેં બળતી, કંઈ ૠષિ મુનિ બળે ચાલે અગન ઉજળતી ॥ બળે વનમાં અઢારે ભાર વનસ્પતિ, મારી માજી નિરંજન કોપશે ત્યારેજી ॥ નામ ધરં તો જશે રહેશે ॥ ચોક ૩ જો.

એ ચૌદ લોક એકવીશ બ્રહ્માંડને ખાશે, મારી માજી નિરંજન ચારો ચરતાજી ॥ આકાર થાય પ્રલયકાર નામકું

શબ્દ હુરતાજી ॥ એ ઓહં સોહ શુનકાર શબ્દ અલંકાર ॥ ઓ મારી માજી, ઈંદ્ર ઇંદ્રાસન બળતાજી ॥ તુહી તુંહી રહે આપ નિરંજન, સર્વ સમરતાજી ॥

ગઝલ

આકાર વસ્તુનો નાશ થશે, એક પળમાં પ્રલયકારે ॥
વાયુ વાઈ બારા મેઘજ ચડીઓ, વરસે મુશળ ધારે ॥

કૈંક્તા

કરે બારા મેઘ ભરપુર ગર્જના તાણી. સો વરસ સુધી તો વરસસે એકદમ પાણી ॥ લેશે આપ નિરંજન કાળ સર્વનો આણી ॥ મારી માજી પાણી ખુબ ચડયું ધોકકારેજી ॥ નામ ધરંતો જશે રહેશે ॥ ચોક ૪ થો.

એ ચૌદ લોક એકવીશ બ્રહ્માંડે ચડયું, ઓ મારી માજી સુન મહાસુનમાં આવ્યુંજી ॥ રહ્યા સહ્યા તે ગયા પાણીમાં, નહિ બચાયુંજી ॥ દર મજલ સઘળે ચડયું પાણી પાણી ॥ ઓ મારી માજી, જળમે સર્વ ડુબાયુંજી ॥ એ પણ પાણી નથી રહેવાનું, એનું મોતજ આવ્યુંજી ॥

ગઝલ

પાંચ તત્વનું કીધું આકર્ષણ, આકાશ ધરતી ને પાણી ॥
પવન અગ્નિ કંઈએ ન રહ્યું, તારી માયા ન જાણી ॥

ફેંદતા

ઘણા સંસય રાખે મહાપ્રલયની માંહી, જીવ ક્યાં જઈ રહેશે વિચાર કરે મનમાંહી ॥ કહુ શાસ્ત્રમાની વાત સાંભળો આંહી ॥ સંકેલે માયા રહે ધુન ધુન કારેજી ॥ નામ ધરંતા જશે રહેશે ॥ ચોક ૫ મો.

જેમ થયું હતું તેમ પાછું તેમાં સમાયે ॥ મારી માજી પૃથ્વી જળમાં સજાયેજી ॥ જળ તેજમાં તેજ વાયુમાં, આકાશ જાયેજી ॥ આકાશ મળે જઈ ઓંમકાર અંદરે, મારી માજી ઓમકાર તત્વ માએજી ॥ પ્રકૃતિ પરિબ્રહ્મમાં મળશે, પ્રલય કહેવાયેજી ॥

ગઝલ

હતું હતું ને નહોતું નહોતું, પોતે પોતામાં સમાયુ ॥
જોવાનું ગયું ને જોનારો ગયો, અખંડ બ્રહ્માંડ કહેવાયું ॥

ફેંકતા

રહેશે ધુન ધુનકાર નિરંજન તું મમ માયા ॥
ઓગણીસસે ઓગણત્રીસમાં છંદ બનાયા ॥
અમીચંદ છંદ કરી ગુણ તમારા ગાયા ॥
મારી માજી માગસર સુદ પાંચેમ સોમવારેજી ॥
નામ ધરં તો જશે રહેશે ॥ ચોક ૯ હો.

છંદ ૧૬ મો.

ધન, ધન, ધન, ધન, ધન અંબામાં, તહારી જુગતની રે બલિહારી ॥ વેદ પુરાણે વાત સાંભળી, તે ગુણ ગાઉં તારા વિસ્તારી ॥ પ્રથમ નિરંજન નિરાકાર, નિરગુણ જ્યોત મા સળગી રહી ॥ ઓહમ શબ્દ એક થયો તેમાંથી, અવાજ થકી છાયા થઇ ગઇ ॥ તે તો માજી આકાશ થયું પણ પવન ઘેરાઈ રહયો મહીં ॥ પવન થકીમા અગ્નિ ઝરી, અગ્નિનો પરસેવો ચાલ્યો વહી ॥ તે પરસેવે પાણી થયું મા, તારી જુગતની બલિહારી ॥ વેદ પુરાણે વાત સાંભળી ॥ ચોક ૧ લો.

પાણી ઉપર ફીણ બંધાયું, તેની તમે આ ધરતી કરી ॥
આકાશ પાતાળ ધરતી કરી, ઉભા ઈચ્છા શક્તિ રૂપ ધરી ॥
બ્રહ્મા વિષ્ણુને પ્રગટ કરી કહ્યું, વરો અમને ફરી ફરી ॥
ના કહેતામાં ક્રોધ વ્યાપ્યો, નાંખ્યા બેઉને ભસ્મ કરી ॥
પછી રૂદ્રને પ્રગટ કીધા, તે છે ત્રીલોચન ત્રીપુરારી ॥
વેદ પુરાણે વાત સાંભળી ॥ ચોક ૨ જો.

પુછ્યું રૂદ્રને હા કહી રૂદ્રે બ્રહ્મા, વિષ્ણુનો કહયો વિસ્તાર ॥
એ બેને તમે કરો સજીવન, હું વરવાને છઉં તૈયાર ॥
બ્રહ્મા વિષ્ણુને કર્યા જીવતા, મહાદેવ કહે સુણ જુગદાધાર ॥
મોટા ભાઈ રહે ને નાનો પરણે, એ તો નહિ મ્હારો વ્હેવાર ॥
એવું સુણી માએ રૂપ પલટયું, ત્રણ સ્વરૂપે છાયા તારી ॥
વેદ પુરાણે વાત સાંભળી ॥ ચોક ૩ જો.

બ્રહ્મા વર્યા સાવિત્રીને, વિષ્ણુના લક્ષ્મી થયા મગન ॥
તારી માયાનો પાર નહિ, મહાદેવ ઉમિયાના થયા લગન ॥
એવી તો તમે સૃષ્ટિ રચી, જળ, સ્થળ, મેરૂ કીધું ગગન ॥
ત્રીગુણથી વિસ્તાર સઘળો, સૌ માયામાં રહે મગન ॥
ત્રણ દેવતા ત્રણ કામ કરે બ્રહ્મા રચે સૃષ્ટિ સારી ॥
વેદ પુરાણે વાત સાંભળી ॥ ચોક ૪ થો.

બ્રહ્મા કરે પ્રજાને પેદા, વિષ્ણુ તો કરે પ્રતિપાળ ॥
મહાદેવ તો સંહાર કરે મા, એવી નાખી તમે માયાજાળ ॥
ઓ માજી ત્હારી લીલા ભરપુર, શક્તિ વિના ન નીકળે સવાલ ॥
હાથ જોડી કહે સેવક તમારો, કર જોડી કગરૂં કંગાળ ॥
અમીચંદ કહે છંદ બનાવી, ભવસાગરથી લો તારી ॥
વેદ પુરાણે વાત સાંભળી ॥ ચોક ૫ મો.

છંદ ૧૭ મો.

અંબા તારી માયા નહિ જાણી ॥ આકાશ ધરતી અગ્નિ કરી, તમે પળમે પવન પાણી ॥ પાતાળથી કહું છું વિસ્તારે ॥ પાતાળ ઉપર ઝંમ ગયા આસન, સતકે આધારે ॥ ધર્મ પર કર્મ હે ન્યારે ॥ કર્મ કર્મ પર મચ્છ, મચ્છ પર કચ્છકા હે બારે ॥ કચ્છ પર શેષકા આધારે ॥ નાગ ફેણ પર પૃથ્વી, ઉપર પાણીકા વિસ્તારે ॥

ફેંકતા

એ ઉપર સપ્ત મંડળેજી ॥ એ ઉપર સપ્ત મંડળે ॥
ઉપર આભા મંડળ અધરેજી ॥ ઉપર આભા મંડળ અધરે ॥

ઉપર ગગન મંડળકા ધરેજી ॥ ઉપર ગગન મંડળકા ધરે ॥ સુર્ય મંડળ લેજો જાણી ॥ આકાશ ધરતી અગ્નિ કરી ॥ ચોક ૧ લો.

સુર્ય પર ચંદ્ર મંડળ ભારે ॥ નવલખ તારે ખીલ્લ રહે ॥ બેઠે અચળ ધ્રુવ તારે ॥ આસન પર હરિ આસન ભારે ॥ સિંહાસન પર ઉડે ધજા માની શક્તિ આધારે ॥ એવી તારી લીલા અપારે ॥ મેઘ મેઘ પર રૂદ્ર, રૂદ્ર પર હે ધુન ધુન કારે ॥

ફેંકતા.

એ અલક અલક પર દુલકજી ॥ એ અલક અલક પર દુલક ॥ ઉપર નિરાકાર અમુલકજી, ઉપર નિરાકાર અમુલક ॥ માજી આપો સેવકને હલકજી, માજી આપો સેવકને હલક ॥ કરૂણા કરો દાસ જાણી ॥ આકાશ ધરતી અગ્નિ કરી ॥ ચોક ૨ જો.

નીરાકાર છે સૌથી ન્યારે ॥ ન્યારે છે વળી સઘળે છે, તારી શક્તિ આધારે ॥ એવી તારી લીલા અપારે ॥

મારે જીવાડે ને પાળે પળમાં, કરેજ સંહારે ॥ અજ્ઞાની કરેજ અહંકારે ॥ કોટા ન કોટી યુગ વહી જશે, રહેંટ માલજ સંસારે ॥

ફેંકતા.

સંસાર રેનકા સ્વપ્નાજી ॥ સંસાર રેનકા સ્વપ્ના ॥ જહાં કોઈ નહિ મા અપનાજી ॥ જહાં કોઈ નહિ મા અપના ॥ સાચા માજી નામ મુખ જપનાજી ॥ સાચા માજી નામ મુખ જપના ॥ આખર છે સૌ ધુળધાણી ॥ આકાશ ધરતી અગ્નિ કરી ॥ ચોક ૩ જો.

કરૂં તારા શા શા વખાણે ॥ જ્ઞાની તો મન મગન થશે, નહિ સમજે અજ્ઞાને ॥ આ છે વાત શાસ્ત્રને પાને ॥ હું મુઢમતિ મા દાસ તમારો, છઉ અજી નાદાને ॥ સવાલ પર ધરજો મા ધ્યાને ॥ અલ્પમતી હું દાસ તમારો, છઉંજ અજ્ઞાને ॥

ફેંકતા.

કહું બ્રહ્માથી વિસ્તારેજી ॥ કહું બ્રહ્માથી વિસ્તારે ॥ તેનો મરીચી પુત્ર તૈયારેજી ॥ તેનો મરીચી પુત્ર તૈયારેજી ॥

તેના કાશ્યપથી સંસારેજી ॥ તેના કાશ્યપથી સંસારે ॥
અમીચંદ કહે છે નીરવાણી ॥ આકાશ ધરતી અગ્નિ કરી ॥
ચોક ૪ થો.

છંદ ૧૮ મો.

પળમે રચી સૃષ્ટિ અંબામા, નિરંજન તુમ હો ન્યારે ॥
બ્રહ્માનો મરિચી ॥ મરિચીના કાશ્યપથી છે વિસ્તારે ॥
એ કાશ્યપની તેરા રાણી, જુદા નામ દઈ કરૂં વખાણ ॥
પહેલી રાણી ॥ રાણીદેવ અજાથી થયું મંડાણ ॥
તેત્રીસ કોટી દેવ થયા તે, નિત્ય ઉઠે ધરે અંબાનું ધ્યાન ॥
બીજી રાણી ॥ રાણી મહાસુદ્રાના દૈત નિરવાણ ॥

ઝુલ.

બોતેર કોટી દૈત્ય પ્રગટ થયા, તે દમે દેવ અપાર ॥
દેવતા દુઃખ પામે ઘણું, તમે કર્યા દૈત્ય સંહાર ॥

ફેંકતા.

તમે કર્યા દૈત્ય સંહાર, તેવા આ યુગમાં મુસલમાનેજી ॥
તેત્રીશ કોટિ દેવ તેવા આ, યુગમાં હિંદુ જાણેજી ॥

ત્રીજી રાણી મહારૂદ્રા, તેના અરૂડ ગરૂડ ધરે ધ્યાનેજી ॥
થયા વૈકુંઠ નાથ પરસન્ન, કરી વાહન બેઠા ભગવાનેજી ॥
ચોથી રાણી ચુંગા તેના નવ કૂળ નાગ કરે ફુંકારેજી ॥
બ્રહ્માનો મરીચી ॥ ચોક ૧ લો.

પાંચમી રાણી, સંપુર્ણા, તેના ચંદ્ર ઉજાળા પડે
આભાસ ॥ છઠ્ઠી રાણી ॥ રાણી મેઘ નિંદ્રાની પુરી આશ ॥
સુય દેવતા તેના પુત્ર છે, પાડે અજવાળું રહી આકાશ ॥
એ જુક્તિ તમારી ॥ તમારી નહી હોય તો મા નિત્ય અમાસ ॥

ઝુલ.

મુર્ખ કહે હું દેખતો, દેખતું નહીં કોઈ જગજાણ ॥
ચંદ્ર સુર્ય દીપક હોય નહિ તો અથડાઈ અથડાઈ
ખોએ પ્રાણ ॥માજી તારી જુક્તિ નહિ જાણીજી ॥

ફેંકતા.

માજી તારી ઘેઘટ ન જાણીજી ॥ કહું કાશ્યપથી વિસ્તાર
સાતમી સતવંતી છે રાણીજી ॥ તેના પુત્ર સાત સમુદ્ર
વહે છે, અથાગ જળ જાય પાણીજી ॥ એ અષ્ટગીરી
પર્વત આઠમી, ચુડાના લો જાણીજી ॥ નવમી રાણી

નિંદા તેના મચ્છ કચ્છ થયા તૈયારે ॥ બ્રહ્માનો મરિચી ॥
ચોક ૨ જો.

દશમી રાણી પદ્મા, તેની વનસ્પતિ અઢારે ભાર ॥ બની ઘટા ખુબ ખીલી રહી અપરંપાર ॥ રાણી અગીઆરમી રીક્ષા, તેની લગ રહી જ્યોત ચોખુટ મોઝાર ॥ સમજે જ્ઞાની ॥ જ્ઞાની અજ્ઞાની તો કરે અહંકાર ॥

ઝુલ.

તારા ગુણનો પાર નહિ, કરી વસ્તુ અપરંપાર ॥
ખાય પીયે સુખ ભોગવે, મા સકળ ત્હારો સંસાર ॥

ફેંકતા.

મા સકળ ત્હારો સંસાર, હાથ જોડી ગુણ તારા ગાએજી ॥ સહાય કરજો અંબામાય, હાથ જોડીને શિષ નમાયેજી ॥ મહાસાગર છે સંસાર, પાર બ્રહ્માદિક કું નહિ પાયાજી ॥ મા રાખો સેવકની લાજ, આજ સરસ્વતિ રહેજો જીભ્યાએજી ॥ બારમી રાણી ખણા ખણી, તેના સોના રૂપા અપરંપારે ॥ બ્રહ્માનો મરિચી ॥ ચોક ૩ જો.

ખણા ખણીના સોના રૂપા, હીરા રત્ન છે ઝાક ઝમાલ ॥
કરે ચમકારા ॥ ચમકારા કરી રહયા માણેકમાં લાલ ॥
તેરમી રાણી સુખમ, તેના છપ્પન કોટી છે દેવ સુખપાલ ॥
ગુરૂ ઉપદેશે ॥ ઉપદેશે છંદ કરી કહે તમારો બાળ ॥

ઝુલ.

મુળ સ્થંભથી માંડી કહું, સૃષ્ટિ કા મંડાણ ॥
તારી માયાનો પાર નહિ, રહી ગુપ્ત વસ્તુ અજાણ ॥

ફેંકતા

રહી ગુપ્ત વસ્તુ અજાણ, તેને મહેનત કરી હું લાવીશજી ॥
થશો અંબામા પ્રસન્ન તો છંદ બનાવી વ્હેલો આવીશજી ॥
નહીં સમજે મુર્ખ અજ્ઞાની, સર્વ ભક્તને મન હું ભાવીશજી ॥
મા નવી ધરણ કે છંદ ગાઈ અંબાને શિષ નમાવીશજી ॥
અમીચંદ કહે છંદ બનાવી કરૂં સ્મરણ વારંવારે ॥
બ્રહ્માનો મરિચી ॥ ચોક ૪ થો.

છંદ ૧૯ મો.

નિરાકારથી અવાજ થયો, ૐકારથી ઈચ્છા શક્તિ ॥ એ જનુની મારી જુવાલા માતા, એક ચીત્ત કરૂં તેની ભક્તિ ॥ કરી આકાશ ધરતી ને પાણી, પ્રગટ કીધા માએ ત્રણ ગુણ ॥ રજો ગુણ બ્રહ્મા, સત્વ ગુણ વિષ્ણુ, પૃથ્વી પર કરે છે પાલણ ॥ તમો ગુણ મહાદેવ કહીએ, એ રાત્રીએ મુકયું ધારણ ॥ એ તો માજીમાં નિત્ત પ્રલે, મહા પ્રલે છે ઘણું કઠણ ॥ જ્યારે વિષ્ણુ જળમાં પોઢયા, માર્યા મધુકૈટભ દુરમતિ ॥ એ જનુની મારી જવાળા માતા ॥ ચોક ૧ લો.

વિષ્ણુ નાભીથી બ્રહ્મા પ્રગટ્યા, ચાર દિશાએ મુખ છે ચાર ॥ ચાર મુખે ચાર વેદ કાઢ્યા તે વસ્તુમાં સૌનો સાર ॥ પુર્વ દિશાથી રઘુવીર, પશ્ચિમે શામવેદ થયો તયાર ॥ દક્ષિણથી જર્જુર વેદ ઉત્તરથી અથર વેદમાં છે સંસાર ॥ ચાર વર્ણ કીધી બ્રહ્માએ, શક્તિ થકી રચી સૃષ્ટિ ॥ એ જનુની મારી જુવાલા માતા ॥ ચોક રજો.

બ્રહ્મા મુખથી બ્રાહ્મણ થયા એ વેદ ભણે મુખથી વાણી ॥ જમણુ હાથે શંભુનું ક્ષત્રી, કરે રાજ તે

દયા આણી ॥ ડાબે હાથે સ્ત્રી પ્રગટી, તે સત રૂપા છે રાણી ॥ જંગા થકી વૈશ્ય થયા, વેપાર કરે છે વળ જાણી ॥ પગ પાણીથી શુદ્ર થયા, ખેડુત તો ખેડે ખેતી ॥ એ જનુની મારી જવાળા માતા ॥ ચોક ૩ જો.

ચાર થકી થઈ અઢારે વર્ણ તે પાળે પોતાનો ધર્મ ॥ નદી એકને ઓવારા જુદા, ત્યાં બ્રાહ્મણ જઈ કરે આશ્રમ ॥ તેમ માજી તું ઘટ ઘટ વ્યાપી, નહિ જાણે કોઈ તારો મરમ ॥ તુંહી તુંહી મા કરૂં છું સ્મરણ, ઉદય થયું કંઈ મારૂં કરમ ॥ અમીચંદ કહે કંઈ છંદ બનાવી, હાથ જોડી માગું મુક્તિ ॥ એ જનુની મારી જવાળા માતા ॥ ચોક ૪ થો.

છંદ ૨૦ મો.

મને તારી લેહ લાગી રે, અલબેલી અંબા ॥ એ રાહ

માયાથી જાય સૌ હારીરે, અલબેલી અંબા માયાથી જાય સૌ હારી; ભલા ભલા ભુલે બ્રહ્મચારી રે, અલબેલી અંબા ચોક ૧.

અખંડ બ્રહમાંડથી બન્યું પીંડ બ્રહમાંડ, જુવે નકલ ધારી ધારી રે, અલબેલી અંબા ચોક ૨.

કરતા અકરતાને સરવેરે શોધે, શોધતા શોધઈ જાય હારી રે; અલબેલી અંબા ચોક ૩.

બ્રહમારે ભુલ્યા ને મહાદેવે ભુલ્યા, ભુલ્યા ભુલ્યા દુધાધારી રે; અલબેલી અંબા ચોક ૪.

જેમ જેમ જુએ તેમ ઉંડા રે ઉતરાય, પાછા ફરે મન મારી રે; અલબેલી અંબા ચોક ૫.

અસલ અખંડ ને નકલ ખંડન, ખંડન કહેવાય માયા તારી રે; અલબેલી અંબા ચોક ૬.

નકલ અસલમાં જઈને સમાયે, ત્યારે બને એકાચારી રે; અલબેલી અંબા ચોક ૭.

માયામાં રહી કંઈ માયા વખોડે, માયાથી મળે બ્રહ્મ બારી રે; અલબેલી અંબા માયાને જાય સૌ હારી ચોક ૮.

તું તું કહું હું નો હું રે અમીચંદ, તુરીઆમાં ભ્રાંતિ ભાંગે મારી રે; અલબેલી અંબા માયાને જાય સૌ હારી ચોક ૯.

છંદ ૨૧ મો.

રાહ ઉપરનો.

પંથોની છે મારા મારી રે ॥ અલબેલી અંબા પંથોની છે મારામારી ॥ ચોક ૧ લો.

બ્રહ્મથી માયા નથી ન્યારી અલબેલી અંબા પંથોની છે મારામારી ॥ ચોક ૨ જો.

સૌ સૌના પંથોને સરવે વખાણે, નીરપક્ષ હેમે દુકાન દારીરે ॥ અલબેલી અંબા પંથોની છે મારામારી ॥ ચોક ૩ જો.

સરળ વીકટ મારગ ગમે તેમ જાઓ સતીઆને સઘળે આનંદ કારી ॥ અલબેલી અંબા ॥ ચોક ૪ થો.

માયા બ્રહ્મનુ દ્રસ્ટાન્ત આપુ સમજુ સમજી લો વીચારી રે અલબેલી અંબા ॥ ચોક ૫ મો.

બ્રહ્મરૂપી એક જંગલ જાણો ॥ તેમા બન્યો બગીચો મીનાકારી રે, અલબેલી અંબા ॥ ચોક ૬ ઠ્ઠો.

ફુલ વાવીને કરયો બગીચો ॥ તેમાં આવે છે નરનારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૭ મો.

બગીચો જોઈ સરવે ખુસીરે થાયે જુક્તી તો છે ઘણી સારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૮ મો.

વખાણી વખાણી ફુલ રે તોડે ॥ સુંધી ને સુખ લે ભારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૯ મો.

સાંજ પડે પાછા આવ્યા ત્યાં જાય બગીચો ખાલી સુનકારી રે, અલબેલી અંબા ॥ ચોક ૧૦ મો.

જંગલ બગીચો જુદો કેવાતો વાડ ભાંગે એકાકારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧૧ મો.

ફુલ તોડતા જેને કાંટા રે વાગ્યા તેથી વાડી ન થાય નઠારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧૨ મો.

બગીચો માયા ને જંગલ બ્રહ્મ છે ॥ માયામાં લીધી સુખાકારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧૩ મો.

મતલબી મતલબ કરતા ન બીએ પછી માયાને કે છે નઠારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧૪ મો.

અમીચંદ કહે બ્રહ્મની બારી માયાથી મળશે જુવો ધારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧૫ મો.

છંદ ૨૨ મો.

રાહ ઉપરનો.

માયાને જાણે મોરારી રે ॥ અલબેલી અંબા ॥ એના ગુણ વખાણે ગીરધારી રે અલબેલી અંબા માયાને જાણે મોરારી રે ॥ ચોક ૧ લો.

મથુરામાં જન્મ્યા ને ગોકુલમાં ઉછર્યા કેવી લીલા કરી
ભારી રે ॥ અલબેલી અંબા ॥ માયાને જાણે મોરારી ॥
ચોક ૨ જો.

૭ મહીનાની રાત બનાવી રાસ રમ્યા નર નારી રે ॥
અલબેલી અંબા ॥ માયાને જાણે મોરારો ॥ ચોક ૩ જો.

ગોરસ ફોડીને દહી દુધ ખાધા ઘેલી કરી બ્રીજ નારીરે ॥
અલબેલી અંબા માયાને જાણે મોરારી રે ॥ ચોક ૪ થો.

પુતનાને મારીને નાગને નાથ્યો કંસ પછાડી નાખ્યો
મારી રે ॥ અલબેલી અંબા માયાને જાણે મોરારી ॥
ચોક ૫ મો.

અરજુન નારદને માયા બતાવી સમજી ગયા અહંકારી રે ॥
અલબેલી અંબા માયાને જાણે મોરારી રે ॥ ચોક ૬ ઠો.

માયા રચી કૃષ્ણે દૈતોને માર્યા ॥ દેવોને કર્યા સુખાકારી
રે અલબેલી અંબા માયાને જાણે મોરારી રે ॥ ચોક ૭મો.

તપ જપ સાધન દેવરે માયા પોથી લંગોટિ માળા ધારી
રે અલબેલી અંબા માયાને જાણે મોરારી રે ॥ ચોક ૮ મો.

કૃષ્ણે મંગાવ્યુ ભીમની પાસે દ્રુપદી છે ખપ્પર ધારી રે ॥ અલબેલી અંબા માયાને જાણે મોરારી રે ॥ ચોક ૯ મો.

પાંચ પાંડવ ને છઠ્ઠા નારાયણ ॥ તારા ખપ્પરથી લેજો ઉગારી રે ॥ અલબેલી અંબા માયાને જાણે મોરારી રે ॥

ચોક ૧૦ મો.

માયાથી છુટવુ માયાના હાથમા મતીઆ મતે ગયા હારી રે ॥ અલબેલી અંબા માયાને જાણે મોરારી રે ॥

ચોક ૧૧ મો.

માયામાં રહી સૌ બ્રહ્મને ઓલખે માયાથી મળે બ્રહ્મ બારી રે ॥ અલબેલી અંબા માયાને જાણે મોરારી ॥

ચોક ૧૨ મો.

જોવુ ને જાણવુ માયાથી થાય છે ભ્રમણાથી ભુલે દુધા ધારી રે ॥ અલબેલી અંબા માયાને જાણે મોરારી ॥

ચોક ૧૩ મો.

જયા લગી કાયા ત્યાં લગી માયા પછી તો સરવે

એકાકારીરે ॥ અલબેલી અંબા માયાને જાણે મોરારીરે ॥ ચોક ૧૪ મો.

અમીચંદ કહે બ્રહ્મ ને માયા નથી જુદા જોતા ધારીરે ॥ અલબેલી અંબા માયાને જાણે મોરારી ॥ ચોક ૧૫ મો.

છંદ ૨૩ મો.

રાહ ઉપરનો ભજનરૂપી છંદ.

માયાની છે બલિહારીરે, અલબેલી અંબા માયાની છે બલિહારી ॥ માયામાં સર્વે સુખાકારીરે ॥ અલબેલી અંબા ॥

અસુરી માયાને દૈવીરે માયા, સમે સમે સર્વે સારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧ લો.

નવ માસ માતા ગર્ભમાં રાખે, દુઃખ વેઠી ઘણું ભારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૨ જો.

જન્મ આપી માતા પુત્ર ઉછેરે, ભણાવી પંડિત કરે ભારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૩ જો.

સરસ્વતી માત પ્રસન્ન ન હોય તો મુર્ખો કહે સંસારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૪ થો.

કોઈ કહે અબળા નર્કની ખાણ છે, નાના રત્ન ખાણ ભારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૬ ઠો.

બીજબળ હોય તેવું તરૂવર ઉગે, ધરતી શું કરે બિચારીરે ॥ અલબેલી અંબા ચોક ૭ મો.

ખેડુત ખેતી પારકી ખેડે તો, ખેડનારો થાય ગુન્હેગારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૮ મો.

મન વશ રાખી જે પ્રાણી ચાલે, સુખી રહે નરનારીરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૯ મો.

અમીચંદ કહે બેન હોય તો, કોણ કહે નરસીને સારી રે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧૦ મો.

છંદ ૨૪ મો.

ભજન રૂપી છંદ.

માયા કોણે જીતી રે, માયાને તો સરવે શરણ ॥
યુધિષ્ઠિર રાજારે, દ્રોપદીના દાબે ચરણ ॥ માર્ગ જાતા
ભીમે જોયું, આ તે શું કહેવાય ॥ મોટાભાઈ આ શું
કરે છે, આવા બૈરી વશ થાય ॥ થરથર કાંપી કાયારે
આંખમાંથી છુટે ઝરણ ॥ યુધિષ્ઠિર રાજારે ॥ ચોક ૧ લો.

ઘેર જઈ ગમ ખાઈ ને સુતો, કોઈને નહિ કહેવાય ॥
ચિંતામાં ભીમ સુકાઈ ગયો, ભાવે નહિ ભોજન ॥ 'કર-
માએ એની કાયારે, ખાવાગે નહિ પેટ ભરણ ॥
યુધિષ્ઠિર રાજા રે ॥ ચોક ૨ જો.

એવે સમે કુંતા મા જોઈ કહે, ભીમ કેમ સુકાય ॥
એ વાત કૃષ્ણને કહી, કૃષ્ણ ગયા ભીમ પાસ ॥ ભીમે
કૃષ્ણ જોયા રે કૃષ્ણજીને લાગ્યા ચરણ ॥ યુધિષ્ઠિર
રાજારે ॥ ચોક ૩ જો.

જોઈ વાત કહી કૃષ્ણજીને કૃષ્ણે કર્યો વિચાર ॥ નહિ ઓળખ્યા દ્રૌપદીને, જોગ માયાનો અવતાર ॥ બતાવું માયા એનેરે, ત્યારે એના ઉઘડે કરણ ॥ યુધિષ્ઠિર રાજારે ॥ ચોક ૪ થો.

અધર ઉડાવ્યા ભીમને ત્યાંથી, મુકયા જંગલ માંહી ॥ ઝાડે ચડી ભીમભાઈ બેઠા, જુએ માયાની રચના ॥ અમીચંદ કહે છે રે, માજીને રહી શરણ ॥ યુધિષ્ઠિર રાજા રે ॥ ચોક ૫ મો.

છંદ ૨૫ મો.

રાહ ઉપરનો.

દેખાડી માયા ભીમને રે, ઝાડે બેસી જોયા કરે ॥ જંગલ થાયે ચોકખું રે, ચોકીદારો ફેરા ફરે ॥ ઝાડુ કાઢનાર કાઢી ગયો, પછી પાણી ત્યાં છંટાય ॥ બીછાનેરે બીછાઈ ગયા, ત્યાં વચ્ચે સિંહાસન થાય ॥ શોભા ઘણી સારી રે, ધ્વજા ઉડે શિખર પરે ॥ જંગલ થાય ચોકખું રે ॥ એક ૧ લો.

દેવલોકથી દેવ પધાર્યા, ઇંદ્ર વરૂણ દિગપાળ ॥ બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર આવ્યા, આવ્યા પાંડુના બાળ ॥ ભીમ નહિ તેમારે, જોઇ ભીમ થર થરે ॥ જંગલ થાયે ચોકખું રે ॥ ચોક ૨ જો.

જોઈ કચેરી વિસ્મય પામ્યો, બાકી રહ્યું નહિ કોઈ ॥ એવામાં દ્રૌપદી આવ્યા, ઉભા થયા સૌ જોઇ ॥ દ્રૌપદી બેઠા વચ્ચેરે, જઈ તખ્ત પરે ॥ જંગલ થાય ચોકખુ રે ॥ ચોક ૩ જો.

ક્રોધે નેત્ર લાલ બનાવ્યા, ભીમસેન કેમ નહિ અહી ॥ ભીમ સાંભળી ધ્રુજવા લાગ્યો, મ્હેતો કર્યો અન્યાય ॥ એ તો જોગ માયારે, સઘળે એનું ખપ્પર ફરે ॥ જંગલ થાયે ચોકખું રે ॥ ચોક ૪ થો.

ગર્વ ભીમનો ઉતરી ગયો ને બાગ થયો અલોપ ॥ એ માયાને કૃષ્ણ જાણે મતીઆ મારે ખાલી તોપ ॥ માયા બ્રહ્મ સાથેરે અમીચંદ ધ્યાન ધરે ॥ જંગલ થાએ ચોકખું રે ॥ ચોક ૫ મો.

છંદ ૨૬ મો.

આવો ગાવો છંદ ભક્ત માણજીના, રાખીને રહેજો ટેક ॥
એ રાહ.

દેશી હમારા હમને મળે તો કહીએ દીલની વાત ॥ શોધક કોઈ મિલે હમારા ભ્રાત ॥ મોટા પુરૂષ ગયા માર્ગ બતાવી, તે પર રાખવું ધ્યાન ॥ લેવું કોઈ જ્ઞાની પુરૂષનું જ્ઞાન ॥ ભ્રમણા મનની ભાંગી નાંખવી તૃષ્ણા ત્યાગે થાય કામ ॥ અહો નિત્ય ધરવું માલિકનું ધ્યાન ॥ રાગ થકી વિતરાગ થઈને, જોવી જીવની જાત ॥ શોધક કોઈ મિલે હમારા ભ્રાત ॥ ચોક ૧ લો.

દીવે દીવા જુદા દીસે પણ અગ્નિ એક કહેવાય ॥ ગંગા સમુદ્રમાં શમાય ॥ બ્રહ્મ પદ ભેળા રહીને, મુળ મુકામે જાય, નિર્ભે થઈ સદા આનંદને પાય ॥ આણંદ આણંદના ઘરમાં વસ્યા, જાણી જીવની જાત ॥ શોધક કોઈ મીલે હમારા ભ્રાત ॥ ચોક ૨ જો.

ભેદુ વિના ભેદ કહીએ કોઈને તો જ્ઞાન પોતાનું જાય ॥ શાણા જણ સમજે એ સમશ્યાય ॥ કુટીલ પુરૂષથી કથની કરેથી કાર્ય સિદ્ધ ન થાય ॥ મળેલો સાર પોતાનો જાય ॥ મૌન રહી મમતા નહિ કરવી અજ્ઞાનીથી વાત ॥ શોધક કોઈ મિલે હમારા ભ્રાત ॥ ચોક ૩ જો.

ચીંતામણી ચઢયો હાથ પોતાને, ધન માટે કોણ ધાય ॥ ધારેલા મન વાંછીત ફળ ખાય ॥ ખાધા પછી ફરી ખાવું પડે નહિ એવું જે જન ખાય ॥ ગુરૂની કૃપાથી સિદ્ધ થાય ॥ અમીચંદ કહે ભ્રાંતિ ભાંગી ગઈ, મળી જાતમાં જાત ॥ શોધક કોઈ મિલે હમારા ભ્રાંત ॥

ચોક ૪ થો.

છંદ ૨૭ મો.

મારી અરજ સુણો અંબામા બહુચર બાળી— એ રાહ.

ઓ મારા વ્હાલા મિત્રો, અમે તમે મળ્યા એક દેશી ॥
ફરી ફરી મુસાફરી કરી ગયા બેસી થાકી ॥

મુળ માલિક તો છે એક નામ અનેકે ॥ સૌ ભ્રમણામાં ભરમાઈ ભુલી ગયા છે કે ॥ તમે કહી સાંભળી વાત કરો છો વિવેક ॥ મુળ માલિકનો નથી મળ્યો કંઈ ચેક ॥ ખુલે અંતર પડદો કરણી હોય જેની જેશી ॥ ફરી ફરી મુસાફરી ॥ ચોક ૧ લો.

ઘણા પંથ નીકળ્યા, તેની ઘણી ગુચવાણી ॥ વાણો તાણો જુદો, થયું એક વસ્ત્ર લો જાણી ॥ તેમ માયા બ્રહ્મ નહિ જુદા ગુરૂ ચેતવણી ॥ કરી ભક્તિ ભાવે ભજન સારી કરો કરણી ॥ મારૂં તારૂં કરે દુકાનદાર હોય દ્વેશી ॥ ફ્રરી ફરી મુસાફ્રરી ॥ ચોક ૨ જો.

મહામાયા જાળમાં, ફસાઇ ગયા કંઈ શૂરા ॥ બ્રહ્મા વિષ્ણુ ભુલે, મહાદેવ સરખા પુરા ॥ એ મોહ માયામાં થયા, જગત જીવ ચકચુરા ॥ મુખ ભજે ભરમ નહિ, માયા છોડી જાય દુરા ॥ જ્યાં લગી કાયામાં રહે જીવ માયામાં રહે પેસી ॥ ફરી ફરી મુસાફરી ॥ ચોક ૩ જો.

માયા ભરમ ગણે જે, એક સંસે નાંખે ટાળી ॥ શિવ શક્તિમાં નહિ ફેર, છોડો કપાલી ॥ મુખ મુક્તિ મુક્તિ

કહી, મુક્તિ માંગે તે ખાલી ॥ કરી કરણી ખપાવો, કર્મ માલીકલે ઝાલી ॥ અમીચંદ કહે અંબા નામે, ભીતર ગયો પેસી પૂરી ફરી મુસાફરી ॥ ચોક ૪ થો.

છંદ ૨૮ મો.

આદ્ય અંબા જાણી, વેદ વાણીમાં વખાણી—એ રાહ.

સતગુરૂ વાણી, એતો ઘટમાં સમાણી,
માતા શારદા ભવાની, બહુચરબાળી;
રહિ કંઠપર કલ્યાણી, આપો અવિચળ વાણી,
જરા નહી રહે અજાણી, રહયો છું ઝાલી.
ગુરૂ ચરણે શીશ, નમી સ્મરે છે હરનિશ;
ગુરૂ કરે છે બક્ષીસ, પ્યાલા પ્રેમના ભરી.
એતો સર્વે હરખે લીધા હેત ભાવ કરીને પીધા,
મંત્ર ભણી આશિશ દીધા, જાઓ જગતમાં તરી.
ગુરૂ બતાવે છે જ્ઞાન, તમે સર્વે ધરો ધ્યાન,
કરો આત્મનું કલ્યાણ, થાકયા ફરી ફરી;

પુરૂષ પ્રકૃતિ કહેવાય, એકના અનેક થાય,
આદ્ય શક્તિ છે અંબાય, ફરે ખપ્પર ધરી.

ફેંકતા

સુણ દેવી તેં દયા કરી ભક્તનપર કરતી છાયા,
સુણ દેવી તારા ગુણ ગાએથી નીર્મળ થાય છે કાયા,
સુણ દેવી તારી અઘોરગતિ મા પાર જરા નહી પાયા,
હાલ સાચું માને મારૂં કરી મત તાણે,
મરતી વખત જુઠું જાણે, પડે કંટાળી,
રહી કંઠ પર કલ્યાણી ચોક ૧

તે પર કહું દ્રષ્ટાંત, ગુણી સાંભળી દ્યો કાન,
છુટે શબ્દોના બાણ, લાગે ભિત્તર,
ઉભો નદી તીર, તરસે પિલાયે શરિર,
કયાં તો સુકાયુ હોય નિર, હોય આળસુ અગર.
કલ્પ વૃક્ષ તળે ફરે, વળી ભુખે પ્રાણી મરે,
બેઠો બેઠો વિચાર કરે, મનની અંદર,
નહી કલ્પતરૂ બાવળીઓ, કયાં તો ભાગ્યનો નહી
બળીઓ, સાચો સંજોગ ન મળીઓ સમજો ભિત્તર.

ફેંકતા.

સુણ દેવી મળે સદગુરૂ સેવે ન મળ્યુ ચેલાને જ્ઞાને,
સુણ દેવી એ ચેલો મુઢ કે ગુરૂ હોય અજ્ઞાને;
સુણ દેવી મળે સદગુરૂ સમજે સાચો ચેલો તો શાને,
ભક્તિ કરતા ભય દુઃખ આવે તોએ ધીરજ લાવે,
હીંમત રાખે તે ફળ પાવે સ્મરે કાળી.
રહી કંઠ પર કલ્યાણી ચોક ૨.

ચિંતામણો જાણી, લઇને બેઠો એક પ્રાણી,
તોય ચિંતા ન ઓલાણી, નહી એ ચિંતામણી,
પરખ્યા વિના લીધો પહાણો, વગર સમજે મત તાણો,
ખરી વસ્તુ પિછાણો, મળે આપ ધણી.
મળ્યું ધન ન વાપરી કોડી, બેઠો દમડી દમડી જોડી,
મુકી જવાનો છોડી, જેવી હોય કરણી;
કયાં તો ભાગ્ય કોઇનું ભળ્યું ખોટિ કમાણીનું રળ્યું,
અગર હરામનું મળ્યું, બનવાની બની.

ટૂંકતા.

સુણ દેવી અમૃત પીધું પણ અમર થયો ન પ્રાણી,
સુણ દેવી ક્યાં તો ભુલ્યો નહી પીવાની જુક્તિ જાણી,
સુણ દેવી નહી ગયું મુખ કે પીવામાં આવ્યું પાણી,
ધરમ કરમ ભક્તિ જાણી, ભેદ વિના ધુળ ધાણી,
મળે સાચા ગુરૂ જ્ઞાની લે સંભાળી;
રહી કંઠપર કલ્યાણી; ચોક ૩.

ગુરૂ કરે સાન, ચેલો સમજી ધરે ધ્યાન,
મુર્ખ કરે અભિમાન, નહી દીલમાં ડરે;
ગુરૂદેવથી અધિક, ગણી ચાલે ચેલો ઠીક,
જાય જમરાયની બીક, ભવજળ તરે.
મંત્ર સાથે ક્રીયા જાણે, હોય સરોડા જ્ઞાને,
મુળ વસ્તુ પિછાણે, દીલ અંદરે,
ઘાટ કંચનના અનેક, ભાંગી જાગણા ગણે એક,
માળે કંચન છેકા છેક, શક્તિ સચરાચરે.

ફેંકતા.

સુણુ દેવી તું બ્રહ્મ જગતમાં રચી માયા સંસારે,
સુણુ દેવી તમે કર્તા છો અકર્તા સૌથી છે ન્યારે;
સુણુ દેવી છો પાસે દેખે કોઈ દુર ભ્રમણુના ભારે,
મારા મનનું સમાધાન માજી ભજતાં થયું જ્ઞાન,
અમીચંદ પર રાખી ધ્યાન, લ્યો સંભાળી;
રહી કંઠપર કલ્યાણી, આપો અવિચળ વાણી,
જરા નહી રહે અજાણી રહયો છું ઝાલી ચોક ૪.

છંદ ૨૯ મો.

પ્રથમ નમું ગણુપતી—એ રાહ.

છુટા નાભીથી વાઘ પકડમન ઘોડા કીયા પેયમાલ,
પડે જીવ સવાર લે ગયે કાળ
મન ઘોડે ઘણું કઠણુ બેસવું લગામ હોયજો હાથ
ગુરૂ સંગ રાખી વળાવું સાથ

ધીરજ ઢાલ રાખી માજી સ્મરવા જુઠા ન કરવા ઠાઠ
ગુરૂ કહે ન ભીડવી કોઈથી બાથ.
ઉબાણુ પેસી અધબિચ ફસાવું કોણ લેશે સંભાળ,
પડે જીવ સવાર ચોક ૧

મન ઘોડો, ખવડાવે માર એ તો ભટકે ઠામો ઠામ,
કલ્પના કરી કરે એ કામ.
જુઠી કલ્પના મનની રચેલી સાચું માજીનું નામ,
સ્મરતાં આવી કરે મા કામ.
સિદ્ધ કામ કરો જ્ઞાન ઘોડો લો ખુબ બેસી જાય તાલ,
પડે જીવ સવાર ચોક ૨.

જ્ઞાન રૂપી ઘોડો ગુરૂ દ્વારે ભક્ત લઈને ફરે,
મારે કાળ ફેરા ભક્ત નહિ ડરે.
મન મારી વશ કરી પલકમાં ફોડ ચડે ભિત્તરે,
સાંધી સુરતા ચિત તો ઠરે.
સ્વગુણ નિર્ગુણ સશય તળિઆ તુટ ગઈ મહાજાળ,
પડે જીવ સવાર ચોક ૩.

ઓહં સોહંમ ઉવા એકઠા છુટ ગયા ફંદા,
ઉસ બીચ મુવા મન બંદા,
એસી ધુન લાગી રહી ગગનમે નિર્ગુણ નિર્ભય ગુંડા;
નિરંતર પુરણ આનંદા.
ભેદ અભેદ કહ્યું નહી અમીચંદ માજી મદદ હુવે ન્હાલ,
પડે જીવ સવાર ચોક ૪.

છંદ ૩૦ મો.

મોટુ સુરતમાં છે ધામ—એ રાહ.

ધરી અંબાજીનું ધ્યાન જીવ તું સંભાળ તારૂં જ્ઞાન, આત્મ રૂપને પિછાણ, કળી આવ્યો કઠણ ॥ જીવ તું કરતો હોય તે કરજે, સાધન સાંધીને ધ્યાન ધરજે, માતા શારદા સમરજે, તારૂં કરે રક્ષણ ॥ કળીયુગ વ્યાપ્યો હળાહળ, જુઠા પાખંડીનું બળ, કરે સાચાને બાતલ, એવી છે રેણી ॥ આપ પોતાનું તપાસી, પાખંડીથી

જાવું નાસી, નહિ તો ફંદમાં નાંખે ફાંસી, એવી છે કેણી ॥ હંસ જેવો બગલો થાય, ન્હાવા નિત્ય નદીએ જાય, ઉભો તપ કરે એક પાય, સમજી લેની ॥ મન માછલાને ચ્હાય, એવો છે એનો મહિમાય, ભુલવણીમાં જે ભોળવાય ભુલ છે તેની ॥ દ્રષ્ટાંત મુકીને સમજાવું, બીજા ચોકમાં બીજું ગવું, કપટ કળયુગનું બતલાવું, તાણી લેશો નહિ કોઈ મન ॥ જીવ તું કરતો હોય તે કરજે ॥ ચોક ૧ લો.

મીણીયા મોતી તો કહેવાય જોઈને લોકો ખુશી થાય, ખરા સાથે તે મેળવાય, શાણા સમજી રહે ॥ જ્યારે નીર ઉતરી જાય, ભાંગે કણુ નહિ સંધાય, ખોટું મનમાં સમજાય, ખરૂં શોધીને લે ॥ પિત્તળ પિળું તો દેખાય, સોના જેવું તે કહેવાય, જ્યારે સોની પાસે જાય કિંમત કરીને તે કહે ॥ ફરી અગ્નિમાં તપાય, ત્યારે તેની કિંમત થાય, ઉપર સ્યામ વળી જાય, કથીર કહી ફેંકી દે ॥ પીળું દેખી સોનું જાણી, સમજે નહિ અજ્ઞાની, ખાત્રી થઇ મનમાંની, ખોટું કીધું મેં જતન ॥ જીવ તું કરતો હોય તે કરજે ॥ ચોક ૨ જો.

હીરો સાચો કેમ પરખાય, અસલમાં તો એમ કહેવાય, ખમશે એરણ ઉપર ઘાય, તોએ ભાંગે નહિ ॥ ફરી ઝવેરી હાથ જાય, ત્યારે તેની કિંમત થાય, એ તો મુલથી વેચાય, સ્હેજે મળે નહિ ॥ મોટી સભાઓ ભરાય, ભકતો સાચા ભેળા થાય, સતની છાપ તો લેવાય, ફરી ફરે નહિ ॥ ત્યારે ભક્ત તો કહેવાય, અંબા માતા કરે સ્હાય, ગુપ્ત કષ્ટ કરે કાય, કોઈ જાણે નહિ ॥ મનની લગામ ખેંચે સાય, ધ્યાનમાં ચીત્ત પોરવાય, ત્યારે કાર્ય સિદ્ધ થાય, કરવી ક્રિયા કઠણ ॥ જીવ તું કરતો હોય તે કરજે. ચોક ૩.

પાઠ પ્રેમના તો મંડાય, જયોત જશની પ્રગટ થાય, માંડવી મનની રચાય, શુદ્ધ દીલ કરી ॥ ગંગા સમુદ્રમાં જાય, ત્યારે એક રૂપ થાય, અજ્ઞાનીથી નહિ સમજાય, લેજો ધ્યાન ધરી ॥ પદ્માસન તો બંધાય, સોહં જાપને જપાય, ત્યારે કાર્ય સિદ્ધ થાય. નહિં જન્મે ફરી ॥ ધ્યાનમાં ત્રીપુટિ દેખાય, તૃષ્ણા તરત તુટી જાય, આત્મ રૂપને ઓળખાય, શૂદ્ધ થાયે શરીર ॥ ત્યારે જીવનો શિવ થાય, અમીચંદ છંદ ગાય, એ તો ભક્ત કહેવાય, અંબા હોય પ્રસન્ન ॥ જીવ તું કરતો હોય તે કરજે ॥ ચોક ૪ થો.

છંદ ૩૧ મો.

(આ છંદો અભેદ તત્વ વેદાંત સારના છે.)

અંબામા તારૂ દર્શન દુર્લભ—એ રાહ.

સર્વે જગતમાં એક નિરંજન, તેને નથી મ્હારૂં કે ત્હારૂં ॥ કુદરતથી થયું જગત જગતથી બની ગયું ત્હારૂં મ્હારૂં ॥ કૂદરત એ પણ કર્તા કહેવાય, નિમિત્ત કુદરતનું પડયું એ નામ ॥ નામ રહિત જે રહ્યા નિરંજન તેનો જ્ઞાની શોધે ધામ ॥ જુઓ જગતમાં ઝગડો ચાલે, કર્તા અકર્તા માને તમામ ॥ વાત બનેની સાચી જોતા, સમજ્યા પછી તે પડશે ઠામ ॥ ભ્રાંતિમાં ભુલી પડયા વમળમાં, સદગુરૂ વિના નહિ મળે બારૂ ॥ કૂદરતથી થયું જગત ॥ ચોક ૧ લો.

કૂદરત મંત્ર ઓહંકાર ઉઠયો, એ સૃષ્ટિનું પહેલું મંડાણ ॥ એની રજકણ બધે ફેલાઈ, તે થકી બની રહ્યુ સૌ જુગ જાણ ॥ ઈચ્છા શક્તિ થઈ ત્રીગુણ આત્મા, શક્તિ રૂપે રહ્યા સઘળે સ્થાન ॥ પવન દોરીએ બાંધ્યું જગતને કોઈ વિરલાને પડશે ભાન ॥

ભાન પડે ધ્યાન ધરે માલીકનું, તેને લાગશે જગ ખારૂં ॥
કુદરતથી થયું જગત ॥ ચોક ૨ જો.

પાંચ તત્વ ને ત્રણ ગુણ છે, તેને સાચવવું મનને હાથ ॥
મન જીતે પાર પડે જગતમાં, ઝટ મળે માલીકની સાથ ॥
હું મારાની વાસના છુટે, સદગુરૂનો જ્યારે થાય સંગાત ॥
ગુરૂ રેણી જોઈ પાસે બેસાડે, પ્રસન્ન થાયત્યારે પકડે હાથ ॥
જગત વહેવારમાંજશ લઈ, પછી ખસી બેશે જોઈ નઠારૂ ॥
કુદરતથી થયું જગત ॥ ચોક ૩ જો.

સાર જોયા પછી અસાર દીઠો, મીથ્યા મારામાર છે કરવું ॥
મારૂં માનેલું સર્વે મુકી, એકલા જવું નિશ્ચ મરવું ॥
લોભ મુકો નહિ વખત ચુકો, સંસાર સમુદ્ર છે તરવું ॥
ખરો ઉપાય એ તરવાનો છે, જીવહિંસા કરતાં ડરવું ॥
અમીચંદ કહે વિરલા શોધે, માલીકનું ઘર છે ન્યારૂં ॥
કુદરતથી થયું જગત ॥ ચોક ૪ થો.

છંદ ૩૨ મો.

રાહ ઉપરનો.

જાણ્યું ખરૂં ને જોયું નથી, ત્યાંસુધી ઝગડા કરે અજ્ઞાન ॥ એક માલિકને અનેક પંથ છે, તે ઉપર સાંભળો દ્રષ્ટાંત ॥ એક શહેરમાં હાથી ઉભો છે સાંભળજો ચિત્ત રાખી સ્થિર ॥ ભ્રાંતિ ભાંગે ભે જશે જમનો કોઈ વીરલા સાંભળે ગંભિર ॥ એક આંધળાનું ટોળું આવ્યું તેનો નાયક છે બાવનવીર ॥ સકળ કળા સંપુર્ણ જ્ઞાની, હાથી પાસે જઈ ઉભો સ્થિર ॥ જાઓ આંધળા હાથી પકડો ઘણો જોરાવર છે મસ્તાન ॥ એક માલીકને અનેક પંથ છે ॥ ચોક ૧ લો.

સાંભળી આંધળા દોડયા પકડવા, હાથીને જઈ પકડયો ઝટ ॥ કાન, સુંઢ ને પેટ પકડયું, કોઈએ પુછડું પકડયું ચટ ॥ એક આંધળો પાછળ રહયો તો પગને જઈ પકડયો ઝટપટ ॥ હાથી પકડયો હાથી પકડયો, કહી હર-

ખાયા તેજ વખત ॥ હાથી પકડયો સર્વે કહે છે, નથી હાથીનું પડયું ભાન ॥ એક માલીકને અનેક પંથ છે ॥
ચોક ૨ જો.

સર્વે આંધળાને નાયક કહે છે, શાબાશ હાથી પકડયો સહી ॥ જેને પુછું તે જવાબ આપજો, વચ્ચે બીજાને બોલવું નહિ ॥ વારા ફરતી પુછે સર્વને. હાથી કેવો બતાવો કહી ॥ પગવાળો કહે નળા જેવો, સૂંઢવાળો બતાવે અજગર કહી ॥ પેટવાળો ગોળા જેવો બતાવે; સુપડું બતાવે જેને પકડયો કાન ॥ એક માલીકને અનેક પંથ છે ॥ ચોક ૩ જો.

ઝગડો ઉઠયો જોયા વિનાનો નાયક બોલ્યો કરી વીચાર ॥ અંજન આંજી કર્યા દેખતા, જોઈ હાથી મુકયો અહંકાર ॥ સર્વે સમજી મતને મુકયો ખોટા કરતાતા મારામાર ॥ સાચા ગુરૂથી સંશય ભાંગ્યા, આ દ્રષ્ટાંત પર કરો વિચાર ॥ સર્વે ધર્મમાં નામ છે સાચું, ખરો સાર છે આત્મ જ્ઞાન ॥ એક માલીકને અનેક પંથ છે ॥
ચોક ૪ થો.

આ પ્રમાણે સર્વ પંથમાં, સાચું માલીકનું પકડયું નામ ॥ નામ જડયું ધામ શોધવા સર્વે મહેનત કરે છે દુનિયા તમામ ॥ આત્મજ્ઞાની આત્મા ખોજી, ધીમે ધીમે જશે મુળ મુકામ ॥ ધ્યાન ધરી દુર કરશે ઉપાધી તેને મળશે મોક્ષ ધામ ॥ અમીચંદ કહે સદગુરૂ અંબા મુળમુકામ કરી બતાવે સ્થાન ॥ એક માલીકને અનેક પંથ છે ॥ ચોક પમો.

છંદ ૩૩ મો.

રાહુ ઉપરનો.

પંથ એટલે માર્ગ માલીકનો શોધી ઉતારે ગુરૂ ભવજળ પાર ॥ ગુરૂ ગયા ચેલા રહયા અજાણ્યા, નહિ જાણ્યો ગુરૂ જ્ઞાન ભંડાર ॥ ગુરૂની ગાદ્દીનું નામ રાખવા, સેવક ચેલા ઉપર રાખે પ્રીત ॥ ભલો ચેલો ભણી પંથ વધારે, ગયા ગુરૂની શોધે રીત ॥ થયેલા કર્મની મુક્તિ કરી,

મુળ વસ્તુ ઉપર ચોંટાડે ચીત ॥ તરે તરાવે ભવદુઃખ ભાંગે, ખરા ગુરૂની એ છે રીત ॥ આવા ચેલા પ્રમાણીક હોય તો, ભલે સેવો જઈ ગુરૂદ્વાર ॥ ગુરૂ ગયા ચેલા રહયા અજાણ્યા ॥ ચોક ૧ લો.

એવા ગુરૂનું શોધન કરી જુઓ, આત્મજ્ઞાને પડશે ભાન ॥ મત મુક ઝટ માલીક મળશે, મારા તારાનું થાય તોફાન ॥ જોવું જોનારો નથી, જેના સંશય ભાંગ્યા તેને થયું છે જાણ ॥ શંશેવાળાને શંશે રહેશે, તેને જાણવો છે અજ્ઞાન ॥ પ્રપંચ કરવા ઉદર પોષણના, તેના સારૂં તો છે સંસાર ॥ ગુરૂ ગયા ચેલા રહયા અજાણ્યા ॥ ચોક ૨ જો.

સાકાર રચના બાવનમાંની, જનમ મરણ સહુ ફેરા ફરે ॥ કાર્ય કારણ કરે સ્વાર્થી, ભવ જળ તે જીવ કેમ તરે ॥ સત સમાગમ સત ગુરૂ શબ્દે, અઘોર પાપ એક પળમાં ઝરે ॥ નિર્મળ મન કરી નામને પકડે, ભવ જળ સાગર સ્હેજે તરે ॥ નામ નિશાન સહુ કોઈ ચઢયા વગર, નામે નહિ મળશે પાર ॥ ગુરૂ ગયા ચેલા રહયા અજાણ્યા ॥ ચોક ૩ જો.

કુદરત કરે તે કોઇ ના જાણે, સમે સમાના થાય છે કામ ॥ કામ કરે નામ રહયા જગતમાં, પોત પોતામાં થયો આરામ ॥ નામ જગતના હાથમાં આવ્યું, નથી માલીકનો જોયો ધામ ॥ જે જે વખતના કામ કરેલા, તેવા નામથી માને તમામ ॥ સર્વ પંથમાં નામ માલીકનું ખબર વિના કરે મારામાર ॥ ગુરૂ ગયા રહયા ચેલા અજાણ્યા ॥ ચોક ૪ થો.

સંસારી જીવ સમજુ પુરૂષો, પુર્વ જન્મના પુણ્યે કરી ॥ પાણીમાં જેમ કમળ રહે તેમ, માલીકનું રહે ધ્યાન ધરી ॥ શ્વાસો શ્વાસ સ્મરણ કરીને, મુળ મુકામ પર નજર કરી ॥ સદા આનંદ ઘર જોવામાં આવ્યું, નીરાંત કરી તે બેઠો ઠરી ॥ અમીચંદ કહે અજબ તમાસા કોઈ વિરલા પકડી લે સાર ॥ ગુરૂ ગયા ચેલા રહયા અજાણ્યા ॥ ચોક ૫ મો.

છંદ ૩૩ મો. એ

ભજનરૂપી છંદ.

માયાને જાણે મોરારી—એ રાહ.

મને તારી લેહ લાગીરે અલબેલી અંબા મને તારી લેહ લાગી ॥ મારા મનની તો ભ્રમણા હવે ભાંગીરે અલબેલી અંબા મને તારી લેહ લાગી ॥ રોમે રોમે રણકાર ઉઠયા, તો પીંડ બ્રહ્માંણ હાક વાગીરે અલબેલી અંબા, મને તારી લેહ લાગી. ચોક ૧ લો.

નાભી કમળથી સુરતા દોડાવી, તો ગગન મંડળ ટોચ લાગીરે ॥ અલબેલી અંબા મને તારી લેહ લાગી. ચોક ૨જો.

ભમર ગુફામાં ત્યાં સુન શીખર છે, તેનો થયો હવે રાગીરે ॥ અલબેલી અંબા મને તારી લેહ લાગી. ચોક ૩જો.

જોટ ઝળક રહી ત્રીકુટી કમળમાં, એ સાથે ટાર ગયો લાગીરે ॥ અલબેલી અંબા મને તારી લેહ લાગી. ચોક ૪થો.

શ્વાસો શ્વાસે સમરે અમીચંદ કહે છે, આવ્યા ગમન જાએ ભાગીરે ॥ અલબેલી અંબા મને તારી લેહ લાગી.

ચોક ૫ મો.

છંદ ૩૩ મો. બી

ભજનરૂપી છંદ.

સમજ મન મારારે અસત્યની વાત તજો—એ રાહ.

આનંદ આજે આવ્યોરે, જોતા મલ્યા માહેશ્વરી ॥
ગુરૂ જ્ઞાક કુંચી રે આપી, મને પ્રેમે કરી ॥ દેહમાં
દિવડો પ્રગટ થયો, પડયો રોમ રોમ પરકાસ ॥
આત્મ ખોજી હું પદ ટાળ્યું, સમર્યા શ્વાસો શ્વાસ ॥
ભવ દુઃખ ભાંગ્યું રે, ભવ જળ ગયો તરી ॥
આનંદ આજે આવ્યો રે, જોતા મલ્યા માહેશ્વરી ॥ ચોક ૧
ત્રણ ગુણથી ન્યારો થઈને, ખેલે ખેલ અપાર ॥
સચરાચરમાં વ્યાપી રહયો, તે આત્માનો આધાર ॥
અનુભવી એ તો રે, જ્ઞાને ધ્યાન રહયા ધરી ॥ ચોક ૨
અચળ વસ્તુ શોધી કહાડી, એકવીસમે ભોવન ॥
જોતા જાત જોગ સ્હેજે બન્યો, મળી ગયું ત્યાં મન ॥
ભ્રાંતી મ્હારી ભાંગીરે, પોતામાં પોતે રહયા થકી ॥ ચોક ૩
ભળી પાણીમાં લવણ પુતળી, સીંધુ સમુદ્ર સાર ॥
અરસપરસ બે એકએકમાં, મલી ગયો છે તાર ॥

મલ્યો જઈ મુલને રે, અમીચંદ ધ્યાન ધરી ॥
ગુરૂ જ્ઞાન કુંચી રે, આપી મને પ્રેમ કરી ॥
આનંદ આજે આવ્યોરે ॥ ચોક ૪.

છંદ ૩૩ મો. સી

શીવ શક્તિ નીંદા કરે તે વિષેનો.

કોને વખાણું કોને વખોડું માતા શક્તિ બાપ ભોળાનાથ,
રણ સંબંધે, મલ્યા ભાઈ ચાલો કરો સ્વદેશનો સાથ;
કથની કરે નહિ કાર્યજ થાએ કામ કરે કામ નીથી જાએ,
હળવે હળવે; ચાલતાં દુર પંથ હોય તોએ કપાય,
હીંમત રાખી થાઓ સંગથી સરલ પંથ જો લાગે કદાએ,
એક નામનો, મારે તો બાલપણાથી છે અંબાએ.
મુળ એકને નામ જુદા છે, અજબ માયામાં રચ્યો ઠાઠ,
રણ સંબંધે. ચોક ૧.
ભગલીંગથી ઉત્પન્તિ દેહની, સોહમ શ્વાસો શ્વાસ ચલે,
માત પીતાથી, થાએ ઉત્પન્તિ એકથી નહિ વળે,
નથી દ્રષ્ટિએ જોઈ જે વશતુ તર્ક બાંધી બોલે અટકળે.

કરતા પુરૂષ તો કરી રહે ન્યારા, વળી સઘળામાં ભળે,
અમતમમા નહિ જુદા જાણવા, સર્વે દોરી માલિકને હાથ,
રણ સંબંધે. ચોક ૨.

આદિઅંત જાણી શું કરવું, ક્ષણભંગુર દેહ પડવાની,
કુથળી કરે કંઈ, વળે નહિ પડી ટેવ બડબડવાની,
માને વખોડે પિતા દુભાશે, પીતા વખોડે મા લડવાની,
કોઈને દુભો નહિ, કરો ઉદ્યમ શિખર ગઢ ચઢવાની,
ભજન કરેથી ભવ જળ તરશે, માલિક આવી ઝટ ઝાલે હાથ,
રણ સંબંધે. ચોક ૩.

શુન્ય શિખરગઢ કઠણ ચઢવું, એ માર્ગ છે ઘણો કઠણ,
ખોળતા ખોવાયાં, જડયો નહિ પાર મુઆ કાંઈ કરી મથન,
આવો બેસો સુણો સુણાવો, એક માલિકનું કરો રટણ,
તરો તરાવો, ગાવો છંદ હળી મળી બેસો ભગતન,
અમીચંદ કહે મારે શિર તો સદા રહે અંબાનો હાથ.
રણ સંબંધે. ચોક ૪.

દોહરો.

વિનંતી કરી કહુ ભક્તને, છંદ વાંચે જ્ઞાન થાય ॥
પ્રેમે કરી છપાવીયા, કે માના ગુણ ગવાય ॥
શબ્દો કાનો માત્રમાં, અજાણમાં ભુલ થાય ॥
સુદ્ધીપત્રમાં જોઈને, શુદ્ધ કરી સૌ ગાય ॥
ભક્ત જણને જાણવા, છે સુદ્ધીપત્ર આ માંય ॥
તસ્દી લઈને વાંચેથી, શુદ્ધ છંદ કહેવાય ॥
ઉત્તમ કુળમાં અવતર્યાં, જૈન ધર્મને મહીં ॥
સુરત આમલીરાનમાં, જનમ થયો તો તહીં ॥
સંવત ઓગણીસસે એકમાં, આસો વદ પડવો ગુરૂવાર ॥
શુભ નક્ષત્ર અશ્વિની, મેષ રાશી નીરધાર ॥
સંવત ઓગણીસસે છયાસીમાં, માગસર સુદ સાતેમ ગુરૂવાર ॥
નવ દસ ભાગની ચોપડી, છપાવી પાડી બહાર ॥
વાંચે ગુચવણી ભાંગશે, જ્ઞાની બતાવે સાર ॥
સંશય જેના ભાંગશે, ભવજળ ઉતરે પાર ॥
છંદ છે અનુભવના, વાંચે ભવદુઃખ જાય ॥
એ છંદે આનંદ થયો, અમીચંદ કહે ભજ્યા અંબાય ॥

કળિયુગ વિષેનો છંદ.

સાખી.

આયા કળિયુગ પુર, ઉંચકુ નીચ ઠેરાવે ॥
મુર્ખકુ દે માન, પંડીતકુ દુર બેઠાવે ॥
ગઈ બુધ્ધિ ઉંચકી, નીચમે માન વધાવે ॥
પુન ગયુ પાતાળ, પાપ સબકે મન ભાવે ॥
સત શબ્દ કુ છોડ, ને જુઠા ગાના ગાવે ॥
ઉલટ ભેદકી બાત, કવિશ્વર કયા બતાવે ॥

(આ કળિયુગમાં વસ્તુમાંથી તત્વ ગયું તે વિષેનો છદ.)

અંબા મા તારૂં દર્શન દુર્લભ—એ રાહ.

સત હીન તો દુનિઆ હો ગઈ, ઈંદ્રહીન હો ગયે પાણી ॥
વેદહીન તો બ્રાહ્મણ હો ગયે, એ કળિયુગની નિશાની ॥
સાધુસંત હુવે ભજન હીન, બીજ હીન હો ગઈ ધરતી ॥
દ્રવ્ય હીન સાહુકાર હો ગયે, ફલ હીન હુઈ વનસ્પતિ ॥
રજક હીન વેપાર હો ગયે, નયહીન હો ગયે રરતી ॥

દુધ હીન તો ધેનુ હો ગઇ, પતિવૃતાકા મરે પતિ ॥
ધર્મ હીન તો જૈન હો ગયે, કાચસ્પતિ હો ગયે જતિ ॥
ભેદ હીન તો પંડિત હો ગયે, ગુપ્ત હો ગયે સરસ્વતિ ॥
પુત્ર હીન તો રાજા હો ગયે, જ્ઞાન હીન હુવે પુરાણી ॥
વેદ હીન તો બ્રાહ્મણ હો ગયે, ॥ ચો ૧ લો.

ખડગ હીન રજપુત હો ગયે, ઈમાન હીન હુવે દરવેશી ॥
મુસલમાન બ્યાજકુ ખાવે, દેખ ઠગે કોઈ પરદેશી ॥
મુરઝાદ હીન તો સમુદ્ર હો ગયે, વૃત હીન હુઈ એકાદશી ॥
રાગ હીન તો ગાંધર્વ હો ગયે, નાદ હીન હો ગઈ બંસી
ગંગાજીકા જળ સંકટા, તિર્થ હીન હો ગઈ કાશી ॥
સુગંધ હીન કસ્તુરી હો ગઈ, પટરાણી હો ગઈ દાસી ॥
સ્વરૂપ હીન તો વેશ્યા હો ગઈ, ખાને ન મીલે અન્ન પાણી ॥
વેદ હીન તો બ્રાહ્મણ હો ગયે ॥ ચોક ૨ જો

મુર્તિ હીન તો મંદિર હો ગયે, ક્રિયા હીન હુવે સંસારી ॥
મંત્ર હીન સંન્યાસી હો ગયે, ખટદર્શન બીગડે સારી ॥
કવિત હીન કવિશ્વર હો ગયે, ભૂલ ગયે શુદ્ધ વિચારે ॥
શૂરતા હીન તો શાસ્ત્ર હો ગયે, અર્થ હીન હુવે કવિશ્વરે ॥

સૂરા હીન તો શસ્ત્ર હો ગયે, પાત્ર હીન હુઈ તરવારે ॥
હીન વસ્તુ કવિશ્વર શોધી, ખબર આપી એ સંસારે ॥
અસ્સલોકી આણ છુપ ગઈ, કમ અસ્સલનકી આન બની ॥
વેદ હીન તો બ્રાહ્મણ હો ગયે ॥ ચોક ૩ જો.

જોર હીન તો જોધ્ધા હો ગયે, ગાંડુ હો ગયે શિર જોરે ॥
મરદ તો નપુંસક હો ગયે, જ્ઞાની કે'તે કોઈ કવિશ્વરે ॥
સગપણ હીન સૌ સગા હો ગયે, કુટુંબ કલેશ સૌ ઘરે ઘરે ॥
અવર વાણી કળીયુગની વ્યાપી, જોઈ રહે સબ સંસારે ॥
સત ચાલી સંસારમાં રહેજો, આપ્યા બોધ લેજો માની ॥
વેદ હીન તો બ્રાહ્મણ હો ગયે ॥ ચોક ૪ થો.



છંદ ૩૪ મો.

રાહ લુંગડી.

બન્યું છે તે બધું બરાબર જે છે તે સર્વે સાચું ॥
સમજણ વિનાનું લાગે છે સૌને કાચું ॥

પ્રથમ ગુરૂ તો માત પીતા છે જ્ઞાન ધર્મને આપે બોધ ॥
પુખ્ત ઉમરે ॥

ઈષ્ટ દેવ કરી ગુરૂની કરે છે શોધ ॥
જ્યાં જોઈએ ત્યાં ગુરૂ સ્વાર્થીયા કળીયુગમાં કરી લો નોંધ ॥
રખે ન ભુલતાં કરી સ્વગુરૂ છોડીને કામ ક્રોધ ॥
એવા ગુરૂનું જ્ઞાન લઈ મુળ ઈષ્ટદેવને જઈ જાચું ॥
સમજણ વિનાનું ચોક ૧.

બાવનમાં સૌ બાહોસ બન્યા છે, માલીક સૌથી છે ન્યારે ॥
કોઈ વિરલા જાણે; જાણે; તેનો કોઈ સમે આવશે આરે ॥
એક ગુરૂને એક ઈષ્ટ દેવ ન કરવો નરસો સારો ॥
માન્યો તે મારો મારી પાસ મારો પ્રીતમ પ્યારો ॥

બાવનમાં રહી ભક્તિ કરી છંદ ભજન ગાયન દુખે ડાચુ ॥
સમજણ વિનાનું ચોક ૨.

અલ્પ આયુષ્યના સર્વે ભાઈઓ આતો આવ્યા છઈએ પરદેશ ॥
જઈ જુઓને નાટક; નાટકમાં આવે રાજા રાણીનો વેશ ॥
પહેલાં તો એ પુરૂષ હતો સજી સણગાર રાણીનો પહેરી દરેશ॥
ભુલ્યા સર્વે; સર્વે જોઈ આંખમાં આંજી મેશ ॥
મનમાં સમજે પુરૂષ હું છઉં રાણી થઈ ખોટિ રાચુ ॥
સમજણ વિનાનું ચોક ૩.

સાંભળો ભાઈઓ દ્રષ્ટાંત કહયું તેમ આપણે આવ્યા વેશધારી॥
ખેલ ખલાશે ખલાસે જાઉં સઉને છે મરી ॥
તે માટે મુળ સ્વરૂપ ઓળખો નથી રહેવુ કંઈ અહીંઆ ઠરી ॥
પુરી મુદતે, મુદતે જાવું છે સરવેને મરી ॥
ગુરૂ લોભીને ચેલા લાલચુ હવે કહો કોને જાચું ॥
સમજણ વિનાનું ચોક ૪,

જગત જુઠું છે કહી સમજાવે બ્રહ્મજ્ઞાનનો આપે બોધ ॥
આ જુઠી માયા, માયા છોડો સઉ કહે કામ ક્રોધ ॥
ગુરૂ શીષ્યને જ્ઞાન આપે પણ પોતે પઈસાની કરે છે સોધ ॥

અનેક રીતે રીતે ફંડ કરી કરાવે નોંધ ॥
અમીચંદ કહે સત સંગતમાં સદા આનંદમાં હું રાચું ॥
સમજણ વિનાનું ચોક ૫.

છંદ ૩૫ મો.

મારી અરજ સુણો — એ રાહ,

મારા પ્રાણ પતિ પરમેશ્વરી કહું મા તમને,
સમે સાગરની લેહેર સાગર સમાવો તેમ હમને,
થયો પરમાત્માથી આત્મા કરમ અનુસારે,
ઘાં આવી પડયો પરદેશી જોયો સંસારે,
થયો પાંચ તત્વનો સંગ જીવ થયો ત્યારે;
પડી માયા જાળમાં દુઃખ વેઠે અપારે,
ઘણું છોડે છુટે નહિ લાગ્યો જગતમાં ભમને,
સમે સાગરની લહેર સાગર ॥ ચોક ૧.

બની મુરખ ખોટાને ઝાલી રહયો માની સાચું,
માત પિતા પુત્ર ધન ધણીઆણીનું કાચું,

પીંડ પોષી ખાઈ પી દેહે અભિમાને રાખ્યું,
જાગી જોતાં લાગે સૌ જુઠું શાસ્ત્ર જ્યારે વાંચ્યું,
આ જગતના જીવ એક દેશી લગ રહે હમને,
સમે સાગરની લેહેર સાગર ॥ ચોક ૨.

એ જગત જુઠું પણ ભ્રમણાથી ખરૂ ભાસે,
કોઈ જ્ઞાની પુરૂષને પુરણ પડે પ્રકાસે,
તેને નથી લોભ જોઇ પાત્ર પુરે તેની આશે,
જાણી દેશી બન્ધુ વિદ્યાનો કરાવે અભ્યાસે,
જાણી વડીલ બન્ધુ દેશી ભાઈને લાગે નમને,
સમે સાગરની લેહેર સાગર ॥ ચોક ૩.

બાંધે કંઠી ગુરૂ થઈ એક પર બીજી જ્યારે,
એવા લોભીઆ ગુરૂથી કેમ તરાય સંસારે,
જેને સંશય સમેટી સ્વર્ગના ખોલ્યા દ્વારે,
મળી સરિતા સાગરમાં સાગર છોડી સંસારે,
કહે અમીચંદ કરી ભક્તિ જીતું સહુ જમને,
સમે સાગરની લેહેર સાગર ॥ ચોક ૪.

છંદ ૩૬ મો.

રાહ ઉપરનો.

અસલ રૂષિ થઈ ગયા મહાત્મા, મળવા માલીકને ઉઠાવે તાર ॥ નવા નવા પંથ શોધી કાઢીને, મુળ માલીકનો શોધે દ્વાર ॥ જોગી જોગ સાધીને બેસે, સુરતા દોડાવી ધ્યાન ધરે ॥ સન્યાસી સન્યાસ લઈ, કામ ક્રોધ શત્રુકુ દુર કરે ॥ ભકતો ભક્તિ કરી આકીન રાખે, ભજન કરી ભવજળ તરે ॥ ભ્રાંતિ ભાગી ભળ્યા પોતે પોતામાં મુળ મુકામે જઈ ઠરે ॥ સોધનારા તો શોધી ગયા, રહયા મારગની ચાલે મારા માર ॥ નવા નવા પંથ ॥ ચોક ૧લો

ગયા મહાત્માનો મારગ ઝાલે, મહાત્માની નહિ પકડે ચાલ ॥ કેણી કહે કામ નથી થવાનું, રેણી રહેશે તે થાશે ન્હાલ ॥ સંસારી જીવ સંસારમાં રહી સત નામ રહયા પકડી ઝાલ ॥ સત ચાલે કરે સત સમાગમ મુળ માલીકની મળશે ભાળ ॥ મારા તારાની વાસના તુટે સંસે સમાવે ઉતરે પાર ॥ નવા નવા પંથ ॥ ચોક ૨.

સર્વે પંથના એક માલીક છે, ભ્રાનતીમાં ભુલી પકડે મત ॥ પંથે પંથના ધર્મ જુદા છે, પોતાનો ધર્મ માને સત ॥ એક બીજાનો પંથ વખોડે તે દેવને કરી રાખે રત ॥ શક્તિ રૂપે મા રહી સર્વાંગે, ગોત્રજમાં સૌ પુજે ઝટ ॥ સર્વે પંથમાં કુળ દેવી માને તેને કોઈ ન કરે નકાર ॥ નવા નવા પંથ ॥ ચોક ૩.

હુમાં તુમાં વિચાર કરી જુઓ હું તું એને જુદા કરો ॥ બે જતાં એક મા રહેવાની સુરતા સાધી માનુ ધ્યાન ધરો ॥ શક્તિ વિના સાધન નહિ થાયે પરમાત્મા કહી યાદ કરો ॥ રકાર બ્રહ્મ ને મકાર માયા શંશે તુટે ભવ જળ તરો ॥ અમીચંદ કહે શાંતીમાં રહે મન મરેથી થાય ઉધ્ધાર ॥ નવા નવા પંથ ॥ ચોક ૪ થો.

છંદ ૩૭ મો.

રાડ ઉપરનો.

નિશ્ચે વેવાર બે આવ્યા ચાલતા, નિશ્ચેમાં છે આત્મજ્ઞાન ॥
જપ તપ સાધન સેવા સ્મરણ, વ્હેવારમાં છે ધર્મ ધ્યાન ॥

સર્વે પંથના સર્વે માલીક, પોતપોતામાં મળ્યા ઝટ ॥ દુર જતા દીઠા પોતે પાસે, પોતપોતામાં મળ્યા તરત ॥ જુદાપણું ગયું થયું એક રૂપ, માલીકમાં થયા માલીક ઝટ ॥ નામ રૂપથી ન્યારા પડયા, પછી છુટી ગઈ સર્વે ખટપટ ॥ તેવા થવા તે માર્ગ ઝાલે, કેણી કહે રેણીથી અજાણ ॥ જપ તપ સાધન સેવા સ્મરણ ॥ ચોક ૧લો.

ભલે કેણી કહી આનંદ લાવે, નામ માલીકનું આવ્યું હાથ ॥ નામ થકી કામ થયા સર્વના, સદા આનંદમાં રહયા નવનાથ ॥ નવધા ભક્તિ નવ પ્રકારની પકડે એક રહી ગુરૂની સાથ ॥ સદા આનંદ ઘર હાથમાં આવે, નહિ કોઈ સાથે ભીડવી બાથ ॥ એક દેશના સર્વે પ્રાણી ભુલ્યા દેશી ને થયા અજાણ ॥ જપ તપ સાધન સેવા સ્મરણ ॥ ચોક ૨ જો.

અથાગ જળ સાગરમાં પાણી, મોજા ચઢે સાગરની મહિ ॥ દેખાય કિનારે પડે ઉછળતા, પાછા સમાય સાગરની મહીં ॥ તે સાગરમા સર્વ આનંદ લે, તારા તરે સાગ-રમાં રહી ॥ બાળક કિનારે હોડામાં રમતાં તેને આનંદનો

પાર નહિ ॥ સરખું પાણી ને સરખો આનંદ, જ્ઞાની પુરૂષને પડે છે ભાન ॥ જપ તપ સાધન સેવા સ્મરણ ॥
ચોક ૩ જો.

એ દ્રષ્ટાંત પર ધ્યાન રાખીને, પરમાત્માને જુઓ સુરતા કરી ॥ પહાડ પર્વત જંગલમાં પાસે, ઘટઘટમાં રહ્યા છે ફરી ॥ મન માને ત્યાં મનમાં માનો, ખરે દિલથી જશો તરી ॥ સરળ વિકટ જાઓ સતમાર્ગે, નહિ જન્મે તે પ્રાણી ફરી ॥ ધ્યાન ધરી જે જ્ઞાન કહશે, તેને માલીકનું પડશે ભાન ॥ જપ તપ શાધન સેવા સ્મરણ ॥
ચોક ૪ થો.

સર્વે ધર્મમાં નામને જાણી, કોઈ વીરલા ઓળખે જ્ઞાની ॥ નામ થકી કામ થયા સર્વના, સદગુરૂની સાંભળી વાણી ॥ સર્વે પંથમાં શોધ કરતા ખરો માર્ગ આત્મજ્ઞાની ॥ અખંડ જ્યોત આનંદમાં વસ્યા મુત્રા મતીઆ મત તાણી ॥ અમીચંદ કહે ઘટમે અંબા રાખો, ભરોસો ધરો પીછાણ ॥ જપ તપ સાધન સેવા સ્મરણ ॥
ચોક ૫ મો.

છંદ ૩૮ મો.

રાહ ઉપરનો.

કિર્તન ભજન છંદ સાધન ક્રિયા, માર્ગ માલિકને મળવાનો ॥ નામ નિશાન ટોચ લાગી જેહને તે જીવ ફરી નથી ચળવાનો ॥ નામ એક ને સમા જુદા છે, જ્ઞાની પુરૂષને તે છે જાણ ॥ અનુભવી સમો જોઈને વર્તે તે માણસને મળે છે માન ॥ સ્હેજ દાખલો રામ નામથી વાલ્મિકજીને થયું જ્ઞાન ॥ રામ નામથી અનેક તર્યા, જુઓ જગતને નથી અજાણ ॥ એ નામને અશુદ્ધ બનાવ્યું, તેમાં નથી હું ભળવાનો, નામ નિશાન ટોચ લાગી જેહને ॥ ચોક ૧ લો.

લગ્ન વખત કન્યાદાન દે છે, સાવધાન સાવધાન કરે બ્રાહ્મણ ॥ એક ભક્ત શ્રી રામ બોલો બોલ્યો, મારવા દોડયા સર્વે જન ॥ શ્રી રામ શ્રી રામ કહી ભક્ત નાઠો, બેઠા પસ્તાયા સર્વે જણ ॥ રામ નામને અશુદ્ધ બનાવ્યું, વગર સમાના બોલ્યો વચન ॥ એક દ્રષ્ટાંત બીજું સાંભળો

ખરો દાખલો મળવાનો ॥ નામ નિશાન ટોચ લાગી જેહને ॥
ચોક ૨ જો.

ભર્યો સમુદ્ર નિર્મળ પાણી, વાદળ વરસે મુશળ ધાર ॥ પડ્યું વસ્તીમાં બગડ્યું પાણી, રેલ ચઢી તેમાં કચરો અપાર ॥ એ પાણિને સવે ગંદુ કહે, અશુદ્ધ કહીને સહુ કરે પોકાર ॥ સમુદ્ર પાણી સૌ ગાળીને લે છે, તદન કચરો કાઢે બહાર ॥ શુદ્ધ અશુદ્ધ મન મનના કારણ, ખરો ઉપાય વ્હેમ ટાળવાનો ॥ નામ નિશાન ટોચ લાગી જેહને ॥
ચોક ૩ જો.

શીખો તો અનુભવીની વાણી, છંદ ભજન કે હોય કિર્તન ॥ એક દેવનું બાનું ધરાવે, ઈષ્ટદેવ જેને હોય પ્રસન્ન ॥ શાસ્ત્ર વેદ પુરાણને જાણે, શુદ્ધ વાણી કરી બોલે વચન ॥ સાંભળી ગાઈ સહુ ખુશી થાય કહે ભક્તન કરી માને જશ્તન ॥ એવા ભક્તોના શબ્દની વાણી, સત્ય વચન તે ફળવાને ॥ નામ નિશાન ટોચ લાગી જેહને ॥ ચોક ૪ થો.

આવા ભક્ત થતા વખત લાગે, નહિ સ્હેજમાં આવે માજી હાથ ॥ બાળપણાથી લક્ષ લગાડે, મન મેળવ્યું માજીની

સાથ ॥ એંસી ઉપર વરસ થયા, તેમાં સાઠ વષ થયા માની સાથ ॥ તેમા એક નવરાતર ગડયુ નથી, થઈ પ્રસન્ન માએ ઝાલ્યો હાથ ॥ અમીચંદ કહે ભાગ્ય ખુલ્યું, આવા ગમન દુઃખ ટળવાનો ॥ નામ નિશાન ટાચ લાગી જેહને ॥ ચોક ૫ મો.

છંદ ૩૯ મો.

મુખવાણી ઘણી પડે જગતમાં પાર નહિ તે તો જાય ગલક ॥ મહાત્મા ભકતોની વાણી અમર છે તે ઉપર તલપી રહે ખલક ॥ ૐકાર કૂદરતની વાણી મોટા મંત્ર કરે સહુ પ્રમાણ ॥ જુઓ વાણીના બાવન અંક છે, તેમાં મચી રહયું સૌ જગ જાણ ॥ ચાર વેદ બ્રહ્માની વાણી છેલ્લી ટાચ જઈ ચઢે નીશાન ॥ કૃષ્ણની વાણીથી ગીતા બની શુદ્ધ દીલે વાંચે ઝટ મળે જ્ઞાન ॥ રામાયણ વાલ્મીકની વાણી, રામબાણ સદા રહે ઝળક ॥ મહાત્મા ભકતોની વાણી ॥ ચોક ૧લો.

ભાગવત પુરાણ રૂષીની વાણી સાંભળે પવીત્ર થાય છે કાન ॥ ભક્ત લોકોની વાણી ભજન છંદ, ગાય ભક્તી કરે ધરીને ધ્યાન ॥ ગુરૂ મંત્ર એ ગુરૂની વાણી ગુણી જન ગુરૂનું રાખે માન ॥ નુગરા ગુરૂ ગાદી લેવા ટકાવે તે ચેલાને સૌ કહે અજ્ઞાન ॥ સુંદર વાણી જોગ વસીષ્ઠજીની, રત્ન મણી બોલ રહયા ઝળક ॥ મહાત્મા ભકતોની વાણી ॥ ચોક ૨ જો.

જૈન ધર્મ વાણી તિર્થંકરની, ભવજળ સાગર તરવાની ॥ દયા ધર્મ મુળ પાયો પકડે, મટે ચોર્યાસી ફરવાની ॥ સર્વે ધર્મમાં લખી ગયા સૌ, જીવ હિંસા નહિ કરવાની ॥ એક દેશના દેશી જાણી, દયા દીલમાં ધરવાની ॥ આ વાણી જુઓ અમર ચાલે છે, જરા નથી ગઈ એની ઝળક ॥ મહાત્મા ભકતોની વાણી અમર છે ॥ ચોક ૩ જો.

માર્કંડ પુરાણ ભગવત ગીતામાં, ચંડી પાઠ સૌ લો જાણી ॥ આ વાણી હોમ યજ્ઞમાં વાપરે, ઋષિ મુનિ હોય તપધ્યાની ॥ આવા પુરૂષ જે થાય જગતમાં, અમર મુકી જાય મુખ વાણી ॥ અનેક જીવ સાંભળી સુધરે,

અભ્યાસ કરે તે થાય જ્ઞાની ॥ સાધન સૌમાં આત્મ શક્તિ બળ, મગજશક્તિ હોય ત્યાં ટળક ॥ મહાત્મા ભક્તની વાણી અમર છે ॥ ચોક ૪ થો.

આદ્યશકિત તારી અઘોરગતિ મા, શક્તિ રૂપે તારો સઘળે વાસ ॥ માતા શારદા પ્રસન્ન હોય તો, શૂદ્ધ વાણી પડે જેવો રવિ પ્રકાશ ॥ એ વાણી અનુભવી વાપરે, સિદ્ધ કામ કરી રાખે પાસ ॥ અજ્ઞાનીને હાથ જાય ત્યાં અણસમે બોલે થાય વિનાશ ॥ જ્ઞાની પુરૂષ કહે સમો ભણે જે તે નરની નહિ જાયે ઝલક ॥ મહાત્મા ભકતોની વાણી અમર છે ॥ ચોક ૫ મો.

આવી અસલ વાણી અનુભવી લોકોની તે પર નકલ હવે થાય છે બહુ ॥ બાળક ઉમંગી તર્ક દોડાવે, કડી જોડી છંદ બનાવે સહુ ॥ કારણ શિર છંદ કરીને ગાઉ, મંત્ર કરી મા પાસે લઉં ॥ અંતર તુટે મંત્ર ભેદ જાણે ભેદુ વિના ભેદ કોને કહું ॥ અમીચંદ કહે અનુ-ભવી છંદ કરી બાંધે ઢાળ સદા રહે ઢળક ॥ મહાત્મા ભકતોની વાણી અમર છે ॥ ચોક ૬ ઠો.

છંદ ૪૦ મો.

રાહ લંગડી.

પુર્વને પુણ્યે હાથ આવી મા, રૂષી મુની કે પરમાત્મા ॥
પીંડ બ્રહ્માંડમાં ॥ જોયા તો શક્તી રૂપે, રમે ઘટઘટમાં ॥
જહાં જોઉ ત્યાં તુંની તું મા, પ્રથમ ઉઠયો ૐકાર મા ॥
મોટા મંત્રમાં ॥ મનાયા ખેલ ખેલે સૌ સાકારમાં ॥
પાંચ તત્ત્વમાં ત્રણ ગુણમાં, અપાર શક્તી નીરાકારમાં ॥
ખરી ખેલાડી ॥ ન્યારી રહી છું બતાવે અપારમાં ॥
જળમાં, સ્થળમાં પશુ પક્ષીમાં શક્તી રૂપે રહે જાત
ભાતમાં ॥ પીંડ બ્રહ્માડમાં ॥ ચોક ૧ લો.

દેવલોકમાં, જુઓ દુન્યામાં, જયાં જોઈએ ત્યાં પહેલી મા ॥
તપમા જપમાં ॥ જોશો તો સાધુ મઠમાં ચેલી મા ॥ યોગ
આશનમાં, જુઓ, ક્રિયામા નિષ્કૂળ ફ્ળની ગેલી મા ॥ જાગૃત
સ્વપ્નમાં ॥ સદાએ જન્મ મરણ રહી ખેલી મા ॥ નથી
મરણમા, નથી જનમમાં, કામ કરે સંસાર વટમાં ॥
પીંડ બ્રહ્માંડમાં ॥ ચોક ૨ જો.

શકતી રૂપે જોયા સર્વમાં, સચરાચરમાં વ્યાપી મા ॥
તનમાં ધનમાં ॥ સર્વે લક્ષ્મી રૂપે તને સ્થાપી મા ॥
કરપીમા દાતારમા તું રહી, ઉંચ નીચમાં વ્યાપી મા ॥
સુખમાં દુઃખમાં ॥ સદાએ આનંદ રહે તું આપી મા ॥
ભકતીમાં મુકતીમાં આપે સંશય ભાંગે સઘળી વાતમાં ॥
પીંડ બ્રહ્માંડમાં ચોક ૩ જો.

એક નામમાં એક અક્ષરમાં, સચરાચરમાં જાણી મા ॥
એક નામથી ॥ ઉતારશો પાર એમ કહે જ્ઞાની મા ॥
એક નામ સર્વેમાં આવ્યું, શબ્દ બ્રહ્મથી વાણી મા ॥
થયું એકત્ર સમાઈ શબ્દ બ્રહ્મમાં જાણી મા ॥
મંન મરેથી સંશય ભાગશે, ઝટ સાથી મળશે સાથમાં ॥
પીંડ બ્રહ્માંડમાં ॥ જોયા તો શકિત રૂપે રમે ઘટઘટમાં ॥
ચોક ૪ થો.

સ્વર્ગમાં પાતાળમાં જોયા, મૃત્યુ લોકમાં ફરતી મા ॥
આરાસુરમાં તખ્તપર સોજે શણગાર ધરતી મા ॥
સુરત ધીયા ફળીઆમાં અંબા, ખળખટ દર્શન કરતી મા ॥
આસો મહિને ॥ અમીચંદ વાણી મુખથી ઝરતી મા ॥
મા, મા, મા, મા, બાવન શબ્દમાં, ધારી જો જો
સઘળી વાતમાં ॥ પીંડ બ્રહ્માંડમાં ॥ ચોક ૫ મો.

છંદ ૪૧ મો.

રાહ ઉપરનો.

સંતોષ રાખી શાણા થઈ બેસો, જેને શોધો તે તમારી પાસ ॥ હુંમાંથી તું જુદુ પડે એ તું હુંમાં પાછો કરે સમાશ ॥ એ થયાથી બગડી બાજી, મારા તારાનું થયું તોફાન ॥ સદા આનંદ અનામી વસ્તુ, કુદરતથી સૌ રહયા અજાણ ॥ કોણે ઘડયું ને કોણે મઢયું, કોણ કર્તાએ કર્યું તોફાન ॥ તેનો ભેદ નહિ બ્રહ્મા જાણે, અઘોર શક્તિમાં થયા ગુલતાન ॥ શબ્દ બ્રહ્મ ઓહંકાર પકડી બાવનમાં થયો સૌનો વાશ ॥ હું માંથી તું જુદુ પડે ॥ ચોક ૧ લો.

હું તુને એ, ત્રણ થાય ત્યારે તેમાં થાય છે મારામાર ॥ એની સાથે ક જોડાયો એક કહી માને સંસાર ॥ ખસખસ જેવું વડનું બી, તેમાં વડ વડમાં બી રહે અપાર ॥ આ દષ્ટાંત પર ધ્યાન રાખવું, જન્મ મરણ થાય વારંવાર ॥ હું ને તું એ જુદા પડયાં, હવે હુ તું રાખે એ ની આશ ॥ હુંમાંથી તું જુદુ પડે ॥ ચોક ૨ જો

એ શક્તિ હવે જોગમાયાની એ છોડે તો છુટીએ ઝટ ॥
એની માયાથી એજ બચાવે, કૃપા કરે જ્ઞાન આવે ઝટ ॥
જ્ઞાની આત્મશોધ કરીને, મુળ માલિકને ઓળખે તરત ॥
થયું તેમ તે પાછું સમાયે, હું મારૂ મુકી દે ઝટ ॥
હું તુંમા તું હુમા સમાયે, હુંએ મા જઈ કર્યો વાસ ॥
હુંમાંથી તું જુદુ પડે ॥ ચોક ૩ જો

એક થયો સદા રહયો આનંદમાં, નિર્ભે થઈ પછી બેઠો છેક ॥ મારા તારાની વાસના તુટે, મારી મનને રાખે ટેક ॥ અનુભવથી આનંદ આવે, અજબ કુદરતી થાય વિવેક ॥ સર્વે જીવ આશાનાં બાંધ્યા, માલિક સાથે થવા એક મેક ॥ હરખાઈ અમીચંદ આનંદ માને હુ તુંમા નથી રહયો વકાશ ॥ હુંમાથી તું જુદુ પડે ॥

ચોક ૪ થો.



છંદ ૪૨ મો.

રાહ લંગડી.

હું તો તુને જોતા જોતા, જોગાનંદ ઘર મળી ગયા ॥ શંસે ભાગ્યા ॥ ભાંગ્યા પોતે પોતામાં ભળી ગયા ॥ હું ને તું બે એક થયા, હવે મટી ગઈ સઘળો ખટપટ ॥ ભ્રાંતિ ભાંગે ॥ મળે સદગુરૂ માર્ગ બતાવે ઝટ ॥ પોતે ગુરૂને પોતે ચેલા, જ્ઞાન થશે કે મુકશે મત ॥ છુટે વાસના ॥ બને તદ્રુપ મળે પોતામાં તરત ॥ ઈષ્ટ દેવની સ્હાય લઈ કરે, ભજન પાપ મારા બળી ગયા ॥ સંશે ભાગ્યા ॥ ભાગ્યા પોતે પોતામાં મળી ગયા ॥ ચોક ૧ લો.

મુળ માલીકની મ્હેર થઈ, સહી સાટા કરાવી રાખ્યા પાસ ॥ નિર્ભય થઈને ॥ બેઠો કરૂં સ્મરણ હું શ્વાસો શ્વાસ ॥ મન તો મારૂં ઉપડી રહયું, બાંધી મુદત કાયામા કર્યો છે વાસ ॥ પુરી મુદતે ॥ ઉડી ઝટ પોતે પોતામાં કરશું સમાસ ॥ અનેક નામે જોતા જોતા, અંબા ઈષ્ટ દેવ મળી ગયા ॥ શંશે ભાંગ્યા ॥ ભાંગ્યા પોતે પોતામાં ભળી ગયા ॥ ચોક ૨જો.

મુળ સ્વરૂપમાં નથી ઉપાધી સદા આનંદ ઘર જો જો સૈ ॥ સંસારમાં તો ॥ ઉપાધી સદા દુ:ખમાં દુબ્યા સહુ ॥ દુ:ખ દુ:ખ ને દુ:ખ જગતમાં ઘણા રડતા દીસે સહુ ॥ મોટા પુરૂષો ॥ પુરૂષો મન સમજી મન બાળે બહુ ॥ મન માયા સેલાણી વળગા, મમતામાં સહુ ચળી ગયા ॥ શંશે ભાંગ્યા ॥ ભાંગ્યા પોતે પોતામાં ભળી ગયા ॥ ચોક ૩ જો.

સમાગી॰ સભાગી જીવ, નિંદાથી નહિ ડરશે કોઈ ॥ સ્વાર્થી॰ તો ॥ ગમે તેમ બોલે પછી પસ્તાશે કોઈ ॥ મત્સ્ય ભોગી બગલો રાજી હંસ ચરે મોતી જોઈ જોઈ ॥ જાતી સ્વભાવતો ॥ મટે નહિં તેને ફેરવવા સમર્થ ન કોઈ ॥ અમીચંદ કહે હું પણ એમાં છઉં, મળ્યા ત્યારે જાણું મલી ગયા ॥ શંસે ભાગ્યા ॥ ચોક ૪ થો.

છંદ ૪૩ મો.

અંબા મા તારૂ દર્શન દુર્લભ—એ રાહ.

જગ્ત જીવોમાં ઝગડો ચાલે, મુળ માલીકને મળવાનો ॥ સાકાર નિરાકાર બન્ને રસ્તા આકીન રાખે તે પૂળવાનો ॥

અસલ તપેશી કરતાં તપસ્યા, આયુષ્ય પુદગલ બન્ને બળવાન ॥ તાઢ તડકો સહન કરીને, ભુખ દુઃખ વેઠી ધરતાં ધ્યાન ॥ આ કળીયુગના અલ્પ આયુષી નીર્બળ પ્રાણી બહુ અજ્ઞાન ॥ સાકાર રચના કરી મહાત્માએ મુળ માલીકનું કરવા પીછાણુ ॥ થયલા દેવોની મુર્તિ મનમાં ફોટો ઉતારે ફળવાનો ॥ સાકાર નિરાકાર બન્ને રસ્તા ॥ ચોક ૧ લો.

સાકારવાળાને નવધા ભક્તિ ઉઠી સવારે કરે સ્નાન ॥ સેવા નિમિતે થાય સામગ્રી, ચંદન પુષ્પ કરે ધુપ લોબાન ॥ પોતે ભોક્તા પ્રથમ ભોગ લે, સારા નરસાનું કરે પીછાન ॥ સારી વસ્તુ સેવામાં વાપરે નથી મૂર્તિને માન અપમાન ॥ ધુપ દીપક ફુલ ચંદન ચઢાવે, માળા જપે માલીક મળવાનો ॥ સાકાર નિરાકાર બંન્ને રસ્તા આકીન રાખે તે ફળવાનો ॥ ચોક ૨ જો.

સદા આણંદમાં સદા સુખ રહે અલ્પ આનંદમાં અલ્પ સુખ ॥ સુખ કરતાં દુઃખ અતિ ઘણેરૂં પછી માણસનું કરમાવે મુખ ॥ મુખ દયામણું સૌ કોઇ જોએ નહિ તેની

કાંઈ ભાંગે ભુખ ॥ ભુખ ભાંગે કોઈ મળે મહાત્મા આશિસ લઈ તે બોલે મુખ ॥ પારકો આણંદ પોતે ભોગવે અસત આણંદ એ ચળવાનો ॥ સાકાર નીરાકાર બન્ને રસ્તા આકીન રાખે તે ફળવાનો ॥ ચોક ૩ જો.

સંસાર આણંદમાં દુઃખ ઘણેરૂં તેને વહાલું કરી માને સુખ ॥ સુખ સ્વપ્નાના જેવું સમજવું અંતે ભોગવવું પડશે દુઃખ ॥ સાકારમાં કરો નવધા ભક્તિ આત્મજ્ઞાન છે સૌનું મુખ ॥ જેમ સાગરમાં સુરતનું બારૂં બધા મુલકની જડસે રૂખ ॥ અમીચંદ કહે સદા આણંદ ઘર સંતોષથી સહુ મળવાનો ॥ સાકાર નીરાકાર બન્ને રસ્તા આકીન રાખે તે ફળવાનો ॥ ચોક ૪ થો.

છંદ ૪૪ મો.

રાહ ઉપરનો.

જોવાનું તો જોઈ લીધું મા જોનાર જોવાનું જુદું નહિ ॥ મહાત્મા જ્ઞાની કોઈ એક સમજે સમજી સમાયા તહીના તહીં ॥ એક એક ને એક દીઠો જેને એકમાંથી થતાં

દીઠા બહુ ॥ બહું નામી સહુ સમાઈ જવાના જ્ઞાન દષ્ટિથી જણાય સહુ ॥ કુદરત કામ કુદરતથી થાયે ઉડે તરંગમાં મોહે તે જોવું ॥ પાણીની માછલી પાણીને શોધે અજબ તમાસા કોને કહું ॥ છાયારૂપી બંધાઇ જાય છાયા જીવ બની ભટકે જગ મહી ॥ મહાત્મા જ્ઞાની કોઈ એક સમજે સમજી સમાયા તહીંના તહીં ॥ ચોક ૧ લો.

ઘાટ કંચન જુદા ગણે સહુ ગાળે કંચન સર્વે કહે ॥ કાર્યે કારણ કરે સ્વાર્થી મન માન્યા નામ પાડી લે ॥ મીઠયા નામ પાડેલા સમજી જાતે જાતમાં ભળશે જે ॥ જન્મ મરણની જશે આબદા સદા આણંદ ઘર જોશે તે ॥ પોતે બ્રહ્મ ને છાયા માયા પોતે પોતામાં ભળશે જઈ ॥ મહાત્મા જ્ઞાની કોઈ એક સમજે સમજી સમાયા તહીંના તહીં ॥ ચોક ૨ જો.

સુતર એક નામ વાણો તાણો જુદો કહેવાયે થાય વસ્ત્ર એક ॥ ભેદ ભાગે કોઇ મહાત્મા જ્ઞાની સાચો શીષ્ય થઈ જાય એક મેક ॥ મુળ સફેદ પર અનેક રંગ થાય ભઠી ચડે થાય સફેદ છેક ॥ અભવી જીવો કાળો સમ-

જેવો જાતિ સ્વભાવ ન મુકે ટેક ॥ ફાટે ફીટે નહિ બાંધે ચીધાણા જન્મ મરણ કરે જગત મહીં ॥ મહાત્મા જ્ઞાની કોઈ એક સમજે ॥ ચોક ૩ જો.

માન મહાત્માને ક્યાં સુધી હોય મનમાં જરા ન રાખે આશ ॥ કામના જાગે મન માંહેથી ગુરૂ ચેલાના હો જાય દાસ ॥ મહાત્મા ગુરૂ તો કેવા જોઈએ જરા ચેલાની ન રાખે આશ ॥ શીષ્ય સમજી સર્વે ગુરૂને અર્પણ કરી મુકી દે પાશ ॥ અમીચંદ કહે તારણ તરણ તો ગુરૂ ઉપદેશે તરીએ સહી ॥ મહાત્મા જ્ઞાની કોઈ એક સમજે સમજી સમાયા તહીંના નહીં ॥

ચોક ૪ થો.

છંદ ૪૫ મો.

મા, ગા, ને મા વિષેનો છંદ.

રાહ ઉપરનો.

જોતા જાણ્યું એક નામમા, મા મા મા મા વ્યાપી મા ॥ મા વિનાનો સુનો ઠામ નહિ પરમાત્મામાં આપી

મા ॥ ઓહુંકારમાં મોટા મંત્રમાં વપરાય સર્વમાં
માની મા ॥ બાવન શબ્દમાં માયા બ્રહ્મમાં ભુલે બ્રાંતીમાં
જ્ઞાનીમાં ॥ જોગ માયામાં દશે અવતારમાં મગજશક્તિમાં
બખાણીમાં ॥ જુક્તિમાં મુક્તિમાં માને જશ મળે મુખ
વાણીમાં ॥ સ્વર્ગમાં મૃત્યુમાં જુવો નવસે નવાણું નીર
તાપીમાં ॥ મા વિનાનો સુનો ઠામ નહિ પરમાત્મામાં
આપી મા ॥ ચોક ૧ લો.

જુઓ જીવમાં રહી કાયામાં રમે માયામાં સૌ સુખમાં ॥
સમરણ શક્તીમાં જુઓ ભક્તિમાં આસન બાંધી
મુખમાં ॥ જોગાસનમાં જુઓ ક્રિયામાં ભુલે સાધનમાં
પડે દુઃખમાં ॥ શોધી સર્વમાં દીઠી મા ઘરમાં ઉતરતા
ચંદરમાં રૂપમાં મા ॥ સંસાર સાગરમાં જડે નહિ
પારમાં ભિક્ષુક દાતારમાં સ્થાપી મા ॥ મા વિનાનો સુનો
ઠામ નહિ પરમાત્મામાં આપીમાં ॥ ચોક ૨ જો.

લેણ દેણમાં વેપાર રોજીમાં ખાધાપીધામાં પહેલી મા ॥
જુઓ જન્મમાં જુઓ મરણમાં ડાહી અને તું ઘેલી મા ॥
દાતારમાં કરપીમાં, જુઓ સાધુ મઠ રહી ચેલી મા ॥
હરેક શબ્દમાં ધારીને જો જો આવી ઉભી રહે વેહેલી મા ॥

જુઓ પાપમાં જુઓ પુનમાં સુખી કરે આપ કાપી મા ॥
મા વિના તો સુનો ઠામ નહિ ॥ ચોક ૩ જો.

મા માયામાં અગમ નીગમમાં જગન હોમમાં દર્શન મા ॥
ભગવત ગીતામાં જુઓ પુરાણમાં છે દર્શનમાં પરસનમાં ॥
દેવ મંદિરમાં જુઓ જંગલમાં કાયા નગરમાં રહે મનમાં ॥
ભક્તિમાં મુક્તિમાં આપે વાસ વસે નિરનજનમાં ॥
મા મા મા મા અમીચંદ કહે આત્મ શક્તિ રહી
વ્યાપી મા ॥ મા વીનાનો સુનો ઠામ નહિ ॥ ચોક ૪ થો.

છંદ ૪૬ મો.

તુંમ, તુંમ, તુંમ, તુંમ, તુંમ, તુંમ, તુંમ, તુમ, બ્રહ્મા વિષ્ણું
રૂદ્રાણી તુંમ જળ સ્થળ મેરૂ, મેરૂ ચૌદાટબકમેં જાણી તુંમ
નિર્ગુણ તમે છો સગુણ તમે છો માજી તમે, નિરાકાર તુંમ
ઓહં સોહં તુંમ, સોહં તુંમ રચી માયા સંસારે, તુંમ
સ્વર્ગ મૃત્યુ પાતાળ તમે છો સુરજ, નવલખ તારે તુંમ
ચંદ્રવાયુ તુંમ, વાયું તુંમ સઘળે શક્તિ આધારે તુંમ
જમ તમે છો વરૂણ તમે છો ઈંદ્ર તમે ઈંદ્રાણી તુંમ
તુંમ જળસ્થળ મેરૂ. ચોક ૧

ગંગા તમે છો જમના તમે છો તીરથ વહેતાં તાપી તુંમ,
તુંમ, નવસે નવાણું, નવાણું નદી વહેમાં આપી તુંમ,
શેષ તમે છો સાગર તમો છો ખાબોચિયામાં વ્યાપી તુંમ,
તુંમ બેઠે નિરાળી, નિરાળી સબ સૃષ્ટીને સ્થાપી તુંમ,
તન તમે છો મન તમે છો શબ્દ તમે નિર્વાણી તુંમ,
તુંમ જળસ્થળ મેરૂ. ચોક ૨.

સહસ્ત્ર નામે તું છે અંબિકા આરાસુર મતબાલી તુંમ,
તુંહી, તુળજા, તુળજા મહાલક્ષ્મી મહાકાળી તુંમ,
નવદુર્ગા તું વાઘેશ્વરી તું ચંદી બહુચર બાલી તુંમ,
તુંહી હીંગળાજ, હીંગળાજ હરસિદ્ધ ચાચરવાળી, તુંમ,
શુંભનિશુંભ મહીસાસુર માર્યા દેવે ત્યારે વખાણી તુંમ,
તુંમ જળસ્થળ મેરૂ. ચોક ૩.

અત્રિક્ષ તું અંબા અલબેલી સર્વ દૈત્ય સંહારણ તુંમ,
સર્વ દેવના, દેવના દુઃખ હરી દૈત્ય મારણ તુંમ,
હાથ જોડી કહે સેવક તમારો, કરો સંકટ દુઃખ નિવારણ તુંમ,
તુંહી જનુંની જનુંની સબ સૃષ્ટીને તારણ તુંમ,
અમીચંદ કહે આવી કંઠપર બોલો મધુરી વાણી તુંમ,
તું જળસ્થળ મેરૂ, ચોક ૪.

છંદ ૪૭ મો.

તુંમ, તુંમ, તુંમ, તુંમ, તુંમ, તો અંમમાં, અંમ સત ગુરૂ
સંગ કરતે અંમ,
અંમ સતગુરૂ સંગમાં, સંગમાં માજી નામ સમરતે અંમ,
તમતો સૃષ્ટી રચી રહયામાં અંમ ભ્રમણામાં ભમતા અંમ,
તુંમ અખંડ નીરજંન, નીરજંન માયા ભેદમાં રમતાં અંમ,
તમતો પુજનીય બેઠે સીંહાસન, અંમ પુજી શીર નમતા અંમ,
તુંમ અખંડ જમેલા, જમેલા અંમ ભુખ્યા નીત્ય જમતા અંમ,
તમતો અમર અખંડ અખંડા અમતો પલકમે મરતા અંમ,
અંમ સતગુરૂ સંગમાં ચોક ૧

તુંમતો રકાર મકાર મહામાયા મોક્ષપદને ન્હાતા અંમ,
તમ સાગર અંમ લહેરા, લહેરા સાગરમાંહી શમજાતા અંમ,
હું છોડી તું આપે આપમા માજી માજી મુખ ગાતા અંમ,
તુંમ સોહંશ્વાસા શ્વાસા; ઓહં માહે સમાતા અંમ,
એકવીસ હજાર છસે જાપ જપતા તુંહી તુંહી મા કરતે અંમ,
અંમ સતગુરૂ સંગમાં. ચોક ૨.

મોજ મજા સંસારની છોડી રમતા આણંદમાં રહેતા અંમ,
અંમ તમ જાણી જાણી માજી માજી મુખ કહેતા અંમ,
અમ તમને ઓળખ્યા માજી આપ આપમેં ચેતા અંમ,
અમ હતા અજાણ્યા, અજાણ્યા પંચમહાભુત કહેવાતા અંગ,
તત્વ તેજમાં તેજ મીલાવું ભ્રમણા ભાંગી ધ્યાન ધરતે અંમ,
અંમ સતગુરૂ સંગમાં. ચોક ૩ જો.

તુંમ તુંમ તુંમ તુંમ અમતો કેતા,અમતમથી નહી જુદા અમ,
જો જુદા જાણું તો જાણું તો પાછા સંસારમાં બુડા અંમ,
અખંડ બ્રહ્માંડમાં તમતો રહેતા પીંડ બ્રહ્માંડથી ઉડા અંમ,
અમ મીલા તમમાં તમમાં મીલા અંમ હુવા રૂડા અંમ,
અંમ તમમાં મીલા અમીચંદ સદા આણંદમાં ફરતે અંમ,
અંમ સતગુરૂ સંગમાં, ચોક ૪.

છંદ ૪૮ મો.

લંગડી સાદી.

તુંહી તુંહી એક આપ નિરંજન ફક્ત તેરા આધાર મુજે ॥
તેરે દાસકું ॥ ઉતારો ભવસાગરસે પાર મુજે,

ધુંડત ધુંડત બોત ફીરે નહિ રૂપરંગ દેખાયા મુજે,
જીદર ફીરૂવાં; દેખા નહિ પ્રીતમ હમારા પાયા મુજે,
કહોજી અબ મે કીધર ઢુંઢું પકડ ઝકડ ગીરાયા મુજે,
ડાલી જગતમેં; ફાંસી ગફલતમે અથડાયા મુજે,
દેશ અમારા દુર નહિ તુમ દેશી બેઠે વિસાર મુજે,
તેરે દાસકુ ઉતારો ભવસાગરસેં પાર મુજે. ચોક ૧.

સાન સીકલ ભુલ ગયે તુમારી, અબ યાદ કછુ ન આતી મુજે
પડી અંધેરી, ગફલત માયા જાળ લપટાતી મુજે,
તમતો અમારી મૈયા પડું તેરે પૈયા કયું તરસાતી મુજે,
દુર નીકાલી; ફેરા લખ ચોર્યાસી ખીલાતી મુજે,
ઈદર ઉદર આના ઓર જાના બોત દુઃખ સંસાર મુજે,
તેરે દાસકું ઉતારો ભવસાગરસે પાર મુજે. ચોક ૨.

બોત પંથમે ફીર ફીર દેખા આતા નહિ વિશ્વાસ મુજે,
અબ મેં બેઠે, લગાઈ ધુની મીલનકી આશ મુજે,
માળા ઝપા કે ધ્યાન લગા તેરે દર્શણકી હે પ્યાસ મુજે,
ઓઈ બુજાના, અબ તો મત કરીઓ નિરાશ મુજે,
ધર્મધ્યાન તો કછુ કીયા નહિ જાણી લો નાદાર મુજે,
તેરે દાસકુ ઉતારો ભવસાગરસે ॥ ચોક ૩.

સચરાચર તુંહી તુંહી હે વ્યાપી અબતો જડી હે ભાળ મુજે,
તુજે ના છોડું, રખો દીલ દયા પીછાની બાળ મુજે,
તમતો સબી ઘટ ઘટમે રમતે જન્મ મરણુસે ટાળ મુજે,
દેખું ચશ્મોસે, તેરી તસબીરકા દર્શણ આલ મુજે,
અમીચંદ કહે હાથ જોડી ફીર આપશો ના અવતાર મુજે,
તેરે દાસકુ તારો ભવસાગરસે ચોક ૪.

છંદ ૪૯ મો.

ભુલચુક કરજો મા માફ—એ રાહ.

(મુંબઇની મહાલક્ષ્મી માતાનો છંદ)

મારે આજે છે ધન ધન થયા દર્શન મુંબઈમાં આજે ॥ જોઈ ડુંગર ઉપર દેવી મહાલક્ષ્મી ગાજે ॥ ચડી પગથીઆ સૌ જાય ખુશી ત્યાં થાય, શોભા ઘણી સારી ॥ માનું દહેરૂં શિખર બંધ કામ મિનાકારી ॥ માના મંડપની બલિહારી, જુઓ સૌ ધારી કામ જોઈ ભારી ॥ પેઠા ગભારામાં જુઓ તો ખપ્પર ધારી ॥ બેઠા તખ્ત મહાલક્ષ્મી માય, લાગે સૌ પાય, કરો સિદ્ધ કાજે ॥ જોઈ ડુંગર ઉપર દેવી મહાલક્ષ્મી ગાજે ॥ ચોક ૧ લો.

માની શોભાનો નહિ પાર સજી શણગાર, નાકમે વાળી ॥ શિર મુગટ છત્ર ઓર, ગળે ગલુપટો ઘાલી ॥ પહેરી સાડીઓ ચમકાર, ગળેમે હાર, ભરી ફુલ જાળી ॥ મોગરા ચંપેલી ગુલાબની ખુશબો ચાલી ॥ આવે દર્શન કરવા સૌ, રવિવારે બહુ કરવા સિદ્ધ કાજે ॥ જોઈ ડુંગર ઉપર દેવી મહાલક્ષ્મી ગાજે ॥ ચોક ૨ જો.

ઉભા અરજ કરી સો કહે, સાંભળીલે, મહાલક્ષ્મી માતા ॥ ભાંગે દુઃખીઆરાનું દુઃખ કરે સુખશાંતા ॥ છો પુરૂષનું પિઅર, રાખો મા મહેર ભગત છંદ ગાતા ॥ રાત દિવસ ધરતા ધ્યાન સમરતા માતા ॥ સુણી અરજ આવો તત્કાળ સુણી સવાલ રાખે મા લાજે ॥ જોઈ ડુંગર ઉપર દેવી મહાલક્ષ્મી ગાજે ॥ ચોક ૩ જો.

તારા ભકતો ભાવીજન, કરી દર્શન, થાય ઘણા રાજી ॥ રત્નાગર સાગર દહેરા પાછળ રહે ગાજી ॥ ઓગણીસસે ચોર્યાસી સુરતના વાસી, અમીચંદ રાજી ॥ શ્રાવણ શુદ પડવે છંદ કરીને કહે માજી ॥ મહાલક્ષ્મી છગનભાઈ, તેડી ગયા તહીં. દહેરામાં ઘંટ બાજે ॥ જોઈ ડુંગર ઉપર દેવી મહાલક્ષ્મી ગાજે ॥ ચોક ૪ થો.

છંદ ૫૦ મો.

અંબા મા તારૂ દર્શન દુર્લભ—એ રાહ,

(મુક્તિ સાથી મળે તે વિષેનો છંદ.)

શક્તિ વિના નહિ ભક્તિ થાયે, ભક્તિ વિના નહિ મુક્તિ મળે ॥ આત્મ શક્તિ બળ હશે જેનામાં, બંક નાળ કેરી વાટે વળે ॥ શક્તિ વડે કરી મથન વિષ્ણુએ; ચૌદ રત્ન ને કાઢયાં ઝટ ॥ શક્તિ વડે રામે રાવણ રોળ્યો, લંકાપતિ જેને ઓળખે જગત ॥ શકિત શરણ જઈ દેવતા ઉભા જયાં હિમાચળ છે પર્વત ॥ સુણિ સ્તુતિ માજી પ્રગટયા, શુંભ નિશુંભને માર્યા તરત ॥ બ્રહ્મ કવચમાં વિષ્ણુએ સ્મર્યા, જોગમાયા કાંઈ કરે કળે ॥ આત્મશકિત બળ હસે જેનામાં ॥ ટોક ૧ લો.

વિષ્ણુ મધુકૈટ્ય યુદ્ધ કરતાં પાંચ હજાર વર્ષ થયા તહીં ॥ માયા કરી માએ કર્યા મોહાતુર વિષ્ણુ હાથે મુઆ બન્ને સહી ॥ શક્તિ વડે સંસાર રહયો તેની અઘોર ગતિ પાર જડે નહિ ॥ મોક્ષ મેળવવો પોતાને હાથે, મોક્ષ

દાતા કોઈ અહીંઆ નહિ ॥ સંશય સમાવી મનને મારે મુળ સ્વરૂપમાં જઈ ભળે ॥ આત્મશકિત બળ હશે જેનામાં ॥
ચોક ૨ જો.

શક્તિ નહીં રહે કોઈને તાબે, ગર્વ કરે ત્યાંથી જાય આઘી ॥ ગર્વ કૃષ્ણને આવ્યો બળનો મુકયા હથીઆર હાથ લેવા ત્યાગી ॥ શક્તિ ઉઠી ગઈ ભીષ્મ પિતા પાસ, અઢાર દહાડામાં હાંક વાગી ॥ બાણ વૃષ્ટિ કરી અર્જુન કૃષ્ણપર લીધું હથીઆર રથ પીંડું માંગી ॥ શકિત ધરતી સદા સ્વતંત્ર કોઈની ચળાવેલી નહીં ચળે ॥ આત્મ શકિત બળ હશે જેનામાં બંક નાળ કેરી વાટે વળે ॥ ચોક ૩ જો.

આ કળિયુગમાં ગાંધી મહાત્મા, આત્મ શકિત બળ વડે લડે ॥ બીન હથિઆર લઈ લશ્કર દોડે, આવી જગત સૌ પાયે પડે ॥ મગજ શકિત વડે મહાત્માજી એ ગરિબ ગરબાની વ્હારે ચડે ॥ સતના ડંકા વાગી રહયા છે, તર્ક શકિત શુદ્ધ શબ્દ પડે ॥ રૈયત રાજાને સરખા ગણીને, સત હોય તે પાસે ઢળે ॥ આત્મશક્તિ બળ હશે જેનામાં ॥ ચોક ૪ થો.

અણસમજુ કોઇ એમ બોલે છે, મુકિત માતા પાસે મળે નહિ ॥ કયા દેવ દાતાર થઈ બેઠા, ભંડાર ભરી જે આપે તહીં ॥ મુકિત મળે છે ગુરૂ ઉપદેશે, જોગી જોગ સાધે છે જઈ ॥ આપનાર લેનાર જુદો નથી સૌ ભુલવણીમાં ભુલે અહીં ॥ અમીચંદ કહે મનને જીતે, જ્ઞાન શકિત વડે શંસય ટળે ॥ આત્મશકિત બળ હશે જેનામાં ॥

ચોક ૫ મો.

છંદ ૫૧ મો.

રાહ ઉપરનો.

આ જગતમાં જે જન જાયા, અમર નહિ કોઈની કાયા ॥
દેવ દાનવ કે અમીર ઉમરાવ પડ્યા પૃથ્વી રાણી જાયા ॥
વિસ ભુજા દસ મુખનો રાવણ, લંકા ગઢના જે રાજા ॥
કુંભકર્ણ ઈંદ્રજીત બળીઆ, ઘણા દેવ જીત્યા ઝાઝા ॥
નવે ગ્રહને નવખંડ પૃથ્વી વાગી રહયા જસના વાજા ॥
ઉગ્યો આથમવા બુધ્ધિ બગડી, તપ કરે જ્યાં મહારાજા ॥
આપો દાણ નહિ તો ઉઠો અહિંઆથી, એમ કહી રાવણ ખીજવાયા ॥ દેવ દાનવ કે અમીર ઉમરાવ ॥ ચોક ૧લો.

તપસી સર્વે બોલ્યા ક્રોધથી, રાવણ સામું રહયા જોઈ ॥
લોવ પાત્ર કહી આંગળી કાપી, સર્વે તપસી આપે લોહી ॥
એ લોહીના સીતા માતા, તેથી બેઠો રાજ રાવણ ખોઈ ॥
રામે રાવણ રોળી નાંખ્યો, લંકા બાળી સહુ રહયા જોઈ ॥
બળી સુત બાણાસુર જોયા, છપન કરોડ જાદવા
જાયા ॥ દેવ દાનવ કે અમીર ઉમરાવ ॥ ચોક ૨ જો.

રામ કૃષ્ણ ગયા છોડી કાયા, સ્વધામ પોતામાં ગયા ભળી ॥
કાયા માયા છોડી પલકમાં, મહાત્મા જ્ઞાની ગયા મળી ॥
જુઠું જગત જેણે જાણી લીધું, તે નર જાય નહિ ફરી
ચળી ॥ તન, મન, ધન, અર્પણ કરી જુઓ પાતાળમાં
ગયા રાજા બળી ॥ કૌરવ પાંડવ ગયા ફરસરામ, કરણ
રાજા કુંતા જાયા ॥ દેવ દાનવ કે અમીર ઉમરાવ ॥
ચોક ૩ જો.

આવા શુરવિર બળીઆ જીવો, આ પૃથ્વીપર થઈ ગયા ॥
અનંત ભવમાં અનંત જીવો, ગુરૂ શરણ જઈ સુખીઆ
થયા ॥ આપણે સર્વે માજીને સમરો સહાય કરી મન
લાવે દયા ॥ રાખી ભરોસો જે જન બેઠા, સિદ્ધ કામ તેના

તરત થયા ॥ અમીચંદ છંદ ગાઈને સમરે સદા સુખી રાખે મમ્માયા ॥ દેવ દાનવ કે અમીર ઉમરાવ ॥

ચોક ૪ થો.

છંદ ૫૨ મો.

રાહ ઉપરનો.

સદા આણંદ રહે ભકતો ભકતમાં, છંદ ગાઈ ધરે માનું ધ્યાન ॥ જગત જોતા જુઠું લાગે, સદગુરૂ સંગ કરી લે જ્ઞાન ॥ જ્ઞાન લઈ ધ્યાન ધરીને બેસે, સંસાર સમુદ્ર તરવાને ॥ અનેક ઉપાધી આવે જગતમાં લખ ચોર્યાસી ફરવાને ॥ જગત ભગતને વેર અસલથી, બેસે તપસો તપ કરવાને ॥ રૂપ બિહામણું કરી બતાવે, કાયર માણસને ડરવાને ॥ શુરા ભગત ભે જરા ન રાખે, મુળ માલિકનું કરે પિછાન ॥ જગત જોતા જુઠું લાગે ॥ ચોક ૧ લો.

માયા કાયા બે ભેના ભરેલા, જીવ સંગતીમાં પામે દુઃખ ॥ મીથ્યા માયા, મીથ્યા કાયા, મોહ તુટે ઝટ થાયે સુખ ॥ કરે કલ્પના કાયા મનથી, જીવ સાક્ષી થઈ રાખે રૂખ ॥

જન્મ મરણ કરે લક્ષ ચોર્યાસી તરપત થઈ નહિ ભાંગે ભુખ ॥ ભુખ ભગવતિ ભજતા ભાંગે, દુરીજન વાત ન ધરવી કાન ॥ જગત જોતા જુઠું લાગ્યું ॥ ચોક ૨ જો.

જીવને શિવ થવું ઘણું કઠણ છે, દુરીજન દુઃખ દેનારા બહુ ॥ સતિઓને આવી નડે અસતીઓ, કહો દુઃખની વાત કોને કહું ॥ સુખ દુઃખ માન મોટાઈ જેને હું મારામાં ડુબે સહુ ॥ તરે ત્યાગ કરી મનથી દુનિઆ, સદગુરૂ શોધી શરણે જવું ॥ જ્ઞાન લઈ ગુસ્સાને મારી, એક માલિકનું ધરવું ધ્યાન ॥ જગત જોતાં જુઠુ લાગે ॥ ચોક ૩ જો.

વેરી નથી કોઈ જીવ જગતમાં, ભ્રાંતિમાં તુ ભુલે કેમ ॥ નિયમ નિતીમાં રહીને બોલવું, દુશ્મનને પણ આવે પ્રેમ ॥ તારો વેરી તુંનો તું છે, સમાન દષ્ટિથી રાખો રહેમ ॥ પોતે પોતાના જાણો સર્વને, નથી બીજો હોઈ દુશ્મન કેમ ॥ અમીચંદ કહે ભુલે ભ્રાંતિમાં, સદગુરૂ શોધી મેળવવું જ્ઞાન ॥ જગત જોતાં જુઠું લાગે ॥ ચોક ૪ થો.

છંદ ૫૩ મો.

—:૦:—

રાહ ઉપરનો.

આખર વખત જીવ કરે પસ્તાવો અરરર મેં આ શું કીધું ॥ કામ ક્રોધ મોહ માયાનો કિલ્લો જીતી સ્વદેશ મારૂં નહિ લીધું ॥ કોટી કલ્પનું જન્મ મરણ છે, આ પરદેશે ફસાઈ ગયો ॥ લક્ષ ચોર્યાસી ફેરા ફરતાં, મનષા અવતાર છેલ્લો થયો ॥ અતિ ઉમંગ જે ધારીને જન્મ્યો મિથ્યા જન્મ મારો જતો રહયો ॥ કાયર બન્યો નહિ કર્યું શુરાતન ॥ સ્વદેશ માર્ગ નહિ હાથ થયો ॥ મુળ માલિકનુ ધ્યાન ધર્યું નહિ અમૃત મુકીને વિષ પીધું ॥ કામ ક્રોધ મોહમાયાનો કિલ્લો ॥ ચોક ૧ લો.

ઝરણાનો જાપ જીવ નહિ જપ્યો, ક્ષમા ખડગ નહિ લીધુ હાથ ॥ ઢાળ ધીરજની નહિ બાંધી ઢળકતી શોધી સંત નહિ કીધો સાથ ॥ જ્ઞાનરૂપી નહિ ઘોડે ચઢયો, લક્ષ લગામ નહિ પકડી હાથ ॥ બાનું બરછી નહિ બંદુક નહિ લીધી કામ ક્રોધનો મારવા સાથ ॥ બખ્તર બુદ્ધિ

મે નહિ પહેર્યું, તાંકી માર્યુ નહિ બાણ સીધું ॥ કામ ક્રોધ મોહ માયાનો કિલ્લો ॥ ચોક ૨ જો.

ઉત્તમ કુળમાં અવતાર મળ્યો એ ઘરડા વરડાનું પુન્યનું સુખ ॥ હું મારૂં કરી ધન સંઘરી, નહિ કુટુંબનું ભાગ્યું દુઃખ ॥ નહિ નામનાં જગમાં કીધી, પુન્ય દાનની નહિ કીધી રૂખ ॥ ધન લોભી થઈ ધન મેળવ્યું, મુઆ પછી નહિ જોઈશું મુખ ॥ ખાલી આવ્યો ને ખાલી જવાનો, જશ કિર્તિ દાન નહિ દીધું ॥ કામ ક્રોધ મોહ માયાનો કિલ્લો ॥ ચોક ૩ જો

અંતકાળે જીવ કરે પસ્તાવો, મુકી સર્વ જવાનો અહી ॥ ભક્તિ કરી નહિ ભાગ્યુ ભવ દુઃખ, ભેગું કર્યું ધન વાપર્યું નહિ ॥ ઘણા ગયા ને હું પણ જવાનો, સમજી લેશે પાર પડશે સહી ॥ એક નામે કામ થયા સર્વેના જોતા જોશો તો ભિન્તર મહી ॥ અમીચંદ કહે સમજુ સમજી લે, જ્ઞાનીને સૌ છે સીધુ ॥ કામ ક્રોધ મોહ માયાનો કિલ્લો ॥ ચોક ૪ થો.

છંદ ૫૪ મો.

રાહ ઉપરનો.

(અનુભવીના બોધની વાણી લઈ ગાવા વિષેનો છંદ)

માલિક મળવા ભક્તિ કરો તો, મહાત્મા ભકતોની લો વાણી ॥ અનુભવી આનંદમાં રહીને, શુદ્ધ શબ્દ મુકે જ્ઞાની ॥ ઈષ્ટ દેવની સહાય લઈ જોઈ, શાસ્ત્ર પુરાણનો હોય જે જાણ ॥ તેની વાણીના ભજન છંદ હોય, શીખે ઝટ તેને થાય છે જ્ઞાન ॥ ઘણા ભકતો રાગતાનમાં, શીખે પ્રેમથી થઈ ગુલતાન ॥ મંત્રી દોષ ગણ દોષ ન જાણે, કડી જોડી છંદ કરે અજ્ઞાન ॥ શુદ્ધ અશુદ્ધ શબ્દો ન જાણે, શીખે ગાય તેમાં થાય હાની ॥ અનુભવી આનંદમાં રહીને ॥ ચોક ૧ લો.

ગાવો બનાવો ઘણા ખુશી સૌ, ગમત ગાયનમાં ફીકર નહિ ॥ ભક્તિ કરી આ તો ભવજળ તરવું, ગુરૂ મંત્રનો બોધજ લઈ ॥ અનુભવી અનુભવ મેળવતાં, સારી જીંદગી વહી ને ગઈ ॥ સત સમાગમ સત્સંગ કરતાં, મહાત્મા જ્ઞાની સૌ કહે તહીં ॥ શુદ્ધ જગા શુદ્ધ દીલથી શબ્દો, મુકો

સ્વર્ગ એ નીશાની ॥ અનુભવી આનંદમાં રહીને ॥
ચોક ૨ જો.

સ્મરણ સાધન કરે સર્વ કોઈ, ભજન છંદ ગાઈ માંગે સુખ ॥ શુદ્ધ વાણીમાં પ્રસન્ન થઈને, એક પલકમાં ભાંગે દુઃખ ॥ સર્વે જગતમાં આત્મશક્તિ, ઘટઘટની સૌ જાણે રૂખ ॥ સર્વે ભક્તના ભાવ જોઇને, તરત જુએ તેના સન્મુખ ॥ ભાવ જોઈ મા ભોજન આપે, મનની વાત સૌ લે જાણિ ॥ અનુભવી આનંદમાં રહીને ॥ ચોક ૩ જો.

કરતા કર્મને ભોક્તા આત્મા, લખીત વાત ન જાણે કોઈ ॥ કહીશું ખરૂં પણ ખોટું લાગશે, જ્ઞાની સમજી લેશે વોઈ ॥ શીખનાર સ્વાર્થી ભુલે બાપડા તે તો શીખે ભાવે ગાતા જોઈ ॥ બનાવનારને વિચાર કરવો, ખાલી દોષમાં પડવું નઈ ॥ અમીચંદ કહે કઠણ મારગ, બને માની હોય મહેરબાની ॥ અનુભવી આનંદમાં રહીને ॥ ચોક ૪ થો.

છંદ ૫૫ મો.

ત્રીગુણ માયા મા તાહરી એ રાહ.

આત્મ શક્તિ એ ભગવતી, ભજતા પ્રીતિ બંધાશે
મુનીવર મુની સ્મરણ કરે જપતા શ્વાસોરે શ્વાસે.
આત્મ શક્તિ એ ભગવતિ. ચોક ૧.

સત સ્મરણ સંજોગથી, થશે કર્મનો નાસે,
મનરે મંદીર શણગારીયું, પ્રીતમ નહી મારી પાસે.
આત્મ શકિત એ ભગવતિ. ચોક ૨.

જળ વિનાની જેમ માછલી, જીવ તેમ મારો ત્રાસે;
પીંડ બ્રહ્માંડ પાર પરમેશ્વર, અહિં તો ભકિત રસમાં ભાસે.
આત્મ શક્તિ એ ભગવતિ. ચોક ૩.

ખોળતા ખોળતા ખોવાઈ ગયા ઘાટ ગળે કંચન ધારો.
ઈષ્ટ દેવ મારી અંબિકા, અમીચંદ છે વિશ્વાસે,
આત્મ શક્તિ એ ભગવતી. ચોક ૪.

છંદ ૫૬ મો.

—:o:—

રાહ ઉપરનો ભજનરૂપી છંદ.

—:o:—

ખેલ ખેલાડી જુએ વીરલા ॥ કુદરતકા તમાસા ॥ ઘટા
ખીલી રે ગગનમેં ॥ શોધી જુઓ રે આકાશા ॥ ખેલ
ખેલાડી. ચોક ૧ લો.

ઘાટ અરધ ઉરધકા ॥ નાને ધોનેકા બાશા ॥ ટંકશાળ
પડે ત્યાં ત્રીવેણી ॥ જળ હળ પડેરે પ્રકાશા ॥ ખેલ
ખેલાડી. ચોક ૨ જો.

પાળ વીના પાણી ભર્યા ॥ સરીતા કરેરે સમાશા ॥
અખંડ ધારા અમૃત વહે, ઝરમર મોતી ખાશા ॥ ખેલ
ખેલાડી. ચોક ૩ જો.

શુન્ય શિખર ગઢ શોભતા ॥ અર્ક વીના આભાશા ॥
વણ મુખ વેદ બ્રહ્મા ભણે ॥ વણ પુસ્તકે ભાશા ॥
ખેલ ખેલાડી. ચોક ૪ થો.

બીન વાવે ખીલી વાડીએ ॥ ફુલની ઉડે છે બાસા ॥
અખંડ સ્વામી એ વાડીમાં ॥ જોઈ આવે ઉલ્લાશા ॥
ખેલ ખેલાડી. ચોક ૫ મો.

કોઇ વીરલા જુએ અમીચંદ કહે ॥ તેના મુક્તીના વાસા ॥
જન્મ મરણ જોતા ટળે ॥ સમરે શ્વાસો શ્વાસા ॥
ખેલ ખેલાડી. ચોક ૬ ઠો.

છંદ ૫૬ મો.

ગુણી જન ગાજો રે, અસતની વાત તજો—એ રાહ.

માજી ધુન લાગીરે, જોતા જુદુ નહિરે જરી ॥ ભ્રમણાથી ભાસેરે, માને સૌ જુદુ કરી ॥ ખડકી દેખી કુલાલ, ચક્રમાં જુઓ તમાસા તહીં ॥ દોડીને દરવાજો ભેદી જાઉ અભેદ પદ છે જ્યાંય ॥ મુળ રૂપ દેખારે જોતા ત્યાંય નજર ઠરી ॥ ભ્રમણાથી ભાસેરે ॥ ચોક ૧ લો.

અધબીજ સ્થાન અઢારમાં આંતી નવ દસ મંમાયા ॥
વીસ ત્રીસ એક બ્રહ્માંડ કે માંય, ત્યાંય વસે જગરાયા ॥

યુક્તિથી જોયા રે ભક્ત સૌ ગયા ઠરી ॥ ભ્રમણાથી
ભાસે રે ॥ ચોક ૨ જો.

ભેદ અગમ ને અગમવાણી, અગોચર ગોચર આયા ॥
નિરગુણ સ્વગુણ, સ્વગુણ નિરગુણ, સંશેય સર્વે સમાયા ॥
ભ્રાંતિ જેની ભાંગી રે, હરદમ ચીન્ત રહે ઠરી ॥ ભ્રમ-
ણાથી ભાસેરે ॥ ચોક ૩ જો.

ગર બાળે ઘર ઉગરે ને ઘર રાખે ઘર જાય ॥ એ
સમશ્યા અનુભવ કેરી, ગુરૂ ગમે ઓળખાય ॥ સમજાય
નહિ સ્હેજે રે, પુછો જઈ ગુરૂ કરી ॥ ભ્રમણાથી ભાસેરે ॥
ચોક ૪ થો.

આકાર તે નીરાકાર બન્યો, નીરાકાર આકારે ॥ ભેદ
હતો તે અભેદ બન્યો, અભેદ ભેદ મોઝારે ॥ અહંમ
ભ્રમ સઘળેરે, અમીચંદ ધ્યાન ધરી ॥ ભ્રમણાથી ભાસેરે ॥
ચોક ૫ મો.

છંદ ૫૮ મો.

રાહ ઉપરનો.

સમજ મન મારારે, અસતની વાત તજો,
કામ ક્રોધ છોડીરે, અંબાનું નામ ભજો;
લોભ મોહ મદ માયા મંમતા મીથ્યા મન મસ્તાને,
ચીત ચેતવણી કરી સમર લે, ધરજો અંબાનું ધ્યાને,
આદ્ય શક્તિથી રે તમો સત્વ ગુણ રજો;
સમજ મન મારારે ચોક ૧.

હોમકારથી ઈચ્છા શક્તિ બ્રહ્મા રૂદ્ર મોરારી,
ત્રીગુણ માયા સઘળે ફેલાઈ કીધા પુરૂષને નારી,
જ્ઞાનની વાતોરે હૃદયેમાં પ્રગટ હજો.
સમજ મન મારારે. ચોક ૨.

મારૂં તારૂં મીથ્યા સઘળું મીથ્યા સઉ સંસારે,
માત પીતા નહી આવે સંગે કોઈ, મીથ્યા કુટુંબ પરીવારે,
માયા ધન દોલતરે, મીથ્યા સઉ છોડી જજો.
સમજ મન મારારે ચોક ૩.

સાચું નામ અંબાનું સમરો શીવલાલ કે મુલચંદ
રંગીલદાસ કહે અંગ ઉમંગથી
બોલો માજીના છંદ અમીચંદ કે છે રે માજી મારી
મદદ હજો સમજ મન મારારે થોક ૪

છંદ ૫૯ મો.

(માજીની ભકિત કરતાં મનેજ લાભ મળેલો તે છેલ્લી વખત બનાવેલો છંદ)

અંબા મા તારૂ દર્શન દુર્લભ—એ રાહ,

આજ ફકીરી બસ ગઈ તનમે મનમે ખાખ રમાવીંગે,
ધુની લગાકાર બેઠે દંગલમેં અંબાસે ધ્યાન લગાવીંગે,
કફની કંઠા શેલી બટવા તનપર નહી શોહાવીંગે,
અલેખ જગાકર ફીરૂ બસ્તીમેં ઉસમે નફા નહિ પાવીંગે,
ધનદોલત ઓર માલ ખજાના ધર પૃથ્વીપર જાવીંગે,
માત પીતા ઓર કુટુંબ કબીલા સંગ સાથ નહી આવીંગે,
તનકે તકીએ મનકે ગલીચા ધર આસન ઝમાવીંગે,

ધુનિ લગાકર બેઠે દંગલમે અંબાસે ધ્યાન લગાવીંગે,
ચોક ૧.

જોગી હોકર જંગલો ફીરતે જળજમના તીર નાવિંગે,
કલક-તા મદ્રાસ દીલ્લી ઉજ્જનમે અલેખ જગાવીંગે,
કાશી કાશ્મીર કર્ણાટક ફીર ફીર પીછે ઘેર આવીંગે,
અમ સબ તીરથકું પ્રણામ કરતાં ઉવાંસે શીષ નમાવીંગે,
ભેખ લીઆ ઓર ટેક રખા નહિ જુઠા મુડ મુડાવીંગે,
ધુની લગા કર બેઠે દંગલમેં અંબાસે ધ્યાન લગાવિંગે,
ચોક ૨.

ખાખ લગાઈ ખાખી બાવા ઝોલી ઝુંડાલે જાવિંગે,
ગંગા, જમના, ગોમતી, ગોદાવરી નર્મદા તીર નાવીંગે,
એક દીલ એક ચીને ભજે તને આ નર એ ફળ પાવીંગે,
નીશ્ચ તુંહી તુંહી એક રૂપ નહી ભુલા મન ભટકાવિંગે,
એક લેહ મઈઆ લગી તમારી લક્ષ ચોર્યાસી મીટાવીંગે,
ધુની લગાકર બેઠે દંગલમે, અંબાસે ધ્યાન લગાવીંગે,
ચોક ૩.

ગુરૂ હમારે તુહી ઘટ મ્યાને જ્ઞાનસે ધ્યાન લગાવીંગે,
જે કોઈ બીરલા સમજે ગુરૂજ્ઞાન ઓ તેરા ગુણ ગાવીંગે,
આપ આપસકે મનશે સમજના ઓર કયા સમજાવીંગે,
આખર મરના સબકુ માલમ ભુલા ફીર પસ્તાવીંગે,
અમીચંદ કહે છંદ બનાવી તેરે નામકી માળા જપાવીંગે,
ધુની લગા કર બેઠે દંગલમેં અંબાસે ધ્યાન લગાવીંગે.
ચોક ૪.

છંદ ૬૦ મો.

રાહ લંગડી.

એક આંકીનથી માજી ભઇજા તો આજે ૮૫ વરસ થયા,
તેનુ ફલ સંસેહ ભાગ્યા તે છંદ.

ભાવે કરી ભગવતી ભજયા, મને ભક્તિનું ફળ મળ્યું મળ્યું ॥ નિશ્ચે નિશ્ચે ॥ મારૂં તો આવાગમન દુઃખ ટળ્યું ટળ્યું ॥ તારી માયાનો પાર નહિ, તારી ગતિ અપાર, શું કરૂં વખાણ ॥ જાચક થઈને ॥ માગું આપો તમને કંઈ નથી અજાણ ॥ કરતાં કહેવાયા બાવન માંહે,

મારા તારાનું થયું તોફાન ॥ વળગી માયા ॥ ફસાયો પોતે પોતાનું ભુલ્યો ભાન ॥ જીર્ણપિંજરમાં છિદ્ર પડયા જોયુ સઘળે દીઠું સળ્યુ સળ્યુ ॥ નિશ્ચે નિશ્ચ ॥ ચોક ૧ લો


માગ્યું તે તો સર્વે મળ્યું એક રહ્યું આખરની વખત ॥ સુખ શાંતાથી ॥ સમાય જેમ સાગરની લહેર સાગરમાં ઝટ ॥ તું સમાવે, તું સમાયે તત્વના સંધની છે ખટ-પટ ॥ તત્વ છુટે તો ॥ મરે મન હું પણું જાય તે વખત ॥ વાસના ત્યાગી થયો અનુરાગી પોતે પોતામાં ભળ્યું ભળ્યું ॥ નિશ્ચ નિશ્ચે ॥ ચોક ૨ જો.

કરતાં અકરતા ભાવન માંહે, અકરતામાં જાવું ગળી ॥ બન્યું બનાવ્યું ॥ તે તો સર્વે જવાનું સઘળું સળી ॥ અખંડ પુરૂષ તો આદિ અનાદિ અજર અમરમાં જવુ ભળી ॥ સ્થાવર જંગમાં ॥ સદા રહે જરા નહિ તે જાયે ચળી ॥ મીથ્યા માયા જાણી લીધી તે પરથી મન કળ્યું કળ્યું ॥ ચોક ૩ જો.

માયામાંથી માર્ગ મળ્યાં, માએ તરપત કરી પુરી મનની આશ ॥ ઠરીને બેડો ॥ જોતા પોતે પોતાનો પંડયો પ્રકાશ ॥

જોતાં જુઠું જગત લાગ્યું મન ભાગ્યું ને પડયો પ્રકાશ ॥
વૃતિ બદલાઈ ॥ ગયું ચિન્ત મુળ સ્વરૂપનો લાગ્યો પાશ ॥
તું ને હું બે જુદા જાણતો, તું હુંમાં જઈ ભળ્યું ભળ્યું ॥
નિશ્ચે નિશ્ચ ॥ ચોક ૪ થો.

તું તું કહું તે હુંનો હું છું, હું તુંથી નહિ જુદો જરા ॥
જેમ પાણીમાં ॥ પાણીમાં ઘડા ઘડામાં પાણી ભરા ॥
ઘડાનું પાણી ઘડાએ માન્યું, મુખ સાગરથી છુટે ઝરા ॥
ઘટ ફુટે કે ॥ ભલે પાણીમાં પાણી ઘડા ભરા ॥
અમીચંદ કહે તુટે વાસના, તું હુંમાં જઈ ભળ્યું
ભળ્યું ॥ નિશ્ચ નિશ્ચે ॥ ચોક ૫ મો.



છંદ ૬૧ મો.

(માજીને ભક્ત જાણી ઘણા લોકો મને ચર્ણ સ્પર્શ કરતાં, તે વખત માને અરજ કરતો તે વખતનો છંદ.)

અંબા મા તારૂ દર્શન દુર્લભ—એ રાહ.

સર્વે ભકતો કરે ભલામણ, ભક્ત જાણી મા તારો દાસ ॥ ચર્ણ સ્પર્શ કરી આનંદ લાવે તેની સદા તમે પુરજો આશ ॥ સંસારી જીવ સર્વે અધુરા, પુરામાં તમે છો પરીબ્રહ્મ ॥ જગ્ત જીવો સર્વે દુઃખીઆ, આવી માગે છે મુકી શરમ ॥ તન, મન, ધનથી કોઈ મા દુઃખી દુઃખીઆરા તો કરે નરમ ॥ તે સર્વેને શાંતિ કરજો. મારે કહેવાનો તમને ધર્મ ॥ હું તારોને તું છે મારી. અરજ કરૂં રાખી વિશ્વાસ ॥ ચર્ણ સ્પર્શ કરી આનંદ લાવે ॥

ચોક ૧ લો.

હું હજી છું જાચક તમારો, ભક્તિ કરી તમને જાચું ॥
ભક્ત જાણી સૌ નમન કરે છે, તેમાં ખુશી થઈ નહિ રાચું ॥
તેનો બોજો પડયો શિરપર, કરવા શિફારસ કહું સાચું ॥
દેશી બંધુની કરવા શિફારસ જરા નહિ રાખું કાચું ॥

સર્વે જીવોની અરજી કરી કહું, સદા સમરૂં હુ શ્વાસો શ્વાસ ॥ ચર્ણ સ્પર્શ કરી આનંદ લાવે ॥ ચોક ૨ જો.

ભકતો ભકતી કરી એક દિલથી, ધ્યાન ધરી મા થઈ જાય લીન ॥ જ્ઞાનરૂપી જ્યોત સળગી રહે ત્યારે, શુદ્ધ થાય ગમે તેવા મલીન ॥ દેવી ગુરૂ સંત એક રૂપ થાય કોઈ વીરલા ઓળખી લે ચિન્હ ॥ શંશે સમેતી સ્હેજમાં સમજી, પોતે પોતામાં થાય આધીન ॥ નામ રૂપથી ન્યારે પંડ પછી પોતે પોતામાં કરે સમાશ ॥ ચર્ણ સ્પર્શ કરી આનંદ લાવે ॥ ચોક ૩ જો.

ભાવનમાં સૌ રાચી રહયા છે, માયા જાળની છે ફાંસી ॥ ભાવનથી જે બારો પડયો તે, ભાવનથી છુટયો નાસી ॥ સંસારી જીવ સ્વપ્નામાંહી, સદા ફરે થઈ સુખવાસી । જાગ્યો તેણે જાણી લીધું, પરિબ્રહ્મ જ્યોત પ્રકાશી ॥ અમીચંદ કહે આનંદ આનંદમાં, સદા આનંદ રહે ભકતો પાસ ॥ ચર્ણ સ્પર્શ કરી આનંદ લાવે ॥ ચોક ૪થો.

છંદ ૬૨ મો.

—:०:—

(કાલના સમાને અનુસરીને માજીએ બુધ્ધિ તથા પ્રેરણા કરી તેમાણે આ છંદ નિચે પ્રમાણે બોધના છે. જે માને તેને સારૂં.)

અરે જીવ કેમ ભુલે ભુલમાં, મારૂં માને તે નહિ તારૂં ॥ માયા જાળમાં મોહી રહયો જીવ સમજા પછી થશે નઠારૂં ॥ વેઠી દુઃખ માબાપ ઉછેરે, પુત્ર પોતાનો સુખ લેવા ॥ કષ્ટ વેઠી કરે રક્ષણ બાળનું, સુખ આપે શિર કરી દેવા ॥ હોય ગરીબપણ પુત્ર પરણાવે, રાંધી ખવરાવવા સુખ લેવા ॥ બનતા સાધન બનાવી આપે, સપુત પુત્ર કોઈ કરે સેવા ॥ માબાપના ગુણ માની આશિષ લે, મુખથી બોલે પુન તમારૂં ॥ માયા જાળમાં મોહી રહયો ॥ ચોક ૧ લો.

કોઈ પુત્ર તો હશે સ્વાર્થી મતલબ થઈ કે જશે ખસી ॥
માબાપના ગુણ ભૂલી જવાનો, પૈસાનો લોભ રહયો વસી ॥
બૈરી છોકરાં ધનમાં મોહયો, માબાપની નહિ ફિકર કસી ॥
ખબર અંતર જરા પૂછે નહિ, મળે તેવારે બોલે હસી ॥

લુખ્ખા લાડ કરી હેત બતાવે, તોયે માબાપ કહે બહુ સારૂ ॥
માયા જાળમાં મોહી રહયો ॥ ચોક ૨ જો.

અજ્ઞાની અણસમજુ જીવો, મિથ્યા મારૂં તે માની રહયા ॥
અલ્પ આયુષ્યને આશા મોટી, અંતકાળે સૌ છોડી ગયા ॥
નહિ ખરચાયું નહિ ખવાયું, અંત વખત પસ્તાવા થયા ॥
કુટુંબ પોષણ નહિ થયું મારાથી, માબાપની નહિ જાણી
દયા ॥ અરે કુળમાં દિવો થયો પણ નહિ ભાંગ્યું કંઈ
અંધારૂં ॥ માયા જાળમાં મોહી રહયો જીવ ॥ ચોક ૩ જો.

ધન પુત્ર જેના કુળમાં દીવો, કુટુંબ પોષણ કરી થાય રાજી ॥
ભાઈ ભાંડુના દુઃખનો બેલી, જશ કિર્તિ મેળવે ઝાઝી ॥
અવગુણ તેના નહિ મનમાં લાવે, મારૂં માની દે નિવાજી ॥
સોગટાં, પાસા ખેલે ખેલાડી, અજબ જગતની છે બાજી ॥
આવા પુત્રનો સ્વર્ગવાસ થાય, જગતમાં સૌ કહે સારૂં ॥
માયા જાળમાં મોહી રહયો જીવ ॥ ચોક ૪ થો.

માબાપ સેવા કરી શ્રવણે, યાત્રા કરાવી કાવડ લઈ ॥
ભિષ્મપિતાએ પિતા સંતોષ્યા, મછગંધા પરણાવી તહીં ॥

ગણપતિએ કરી પ્રદક્ષિણા, માબાપને શિર નમ્યા તહીં ॥
માબાપ તીર્થ સૌથી મોટું, તેનો આશિર્વાદ લેવો સહી ॥
એવા પુત્ર તો કોઈ એક વીરલા, અમીચંદ કહે હું ધારૂં ॥
માયા જાળમાં મોહી રહયો જીવ ॥ ચોક ૫ મો.

છંદ ૬૩ મો.

તારી ગતિ ઘણીન્યારીરે અલએલી અંબાઃ—એ રાહ.

વ્હેમે તો અધવાળીરે, પંથીડા પ્રાણી, વ્હેમે તો અધવાળી ॥
વ્હેમી ન મુંક મત ઝાલીરે ॥ પંથીડા પ્રાણી ॥ ભિષ્મ-પિતા પર ભાઈએ વ્હેમ ખાધો તો, પસ્તાઈ પોતાની દેહ બાળીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૧ લો.

જુઠો માતા પર વહેમ ખાધો તો પાપ ધોવા દેહ પર જાળી રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૨ જો.

વ્હેમે દમયંતી નળરાજાએ મુકી, વસ્ત્ર કાપી ગયા ચાલીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૩ જો.

સોંપ્યા માછલાં પાણીમાં ચાલ્યા સતીપર કોપ્યા નળ ખાલી રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૪ થો.

વ્હેમે કૃષ્ણને પારધીએ માર્યા, પેલા જન્મનો વાંદરવાળીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૫ મો.

વ્હેમે દશરથજીએ શ્રવણને માર્યો, પાણી ભરીને જાતા ચાલીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૬ ઠો.

વ્હેમે વણજારાએ કૂતરાને માર્યો, વાંચી ચીઠ્ઠીને માર્યો કહે ખાલીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૭ મો.

સાંભળ્યું ને જોયું જુઠું પડે છે સ્હેસા ન કરવો ઘા ખાલીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૮ મો

વ્હેમે ગોત્રજ આગળ પશુને મારતા રૂઢી માર્ગ રહયાં ઝાલીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૯ મો.

વ્હેમ કાઢી મરતાં જીવો બચાવ્યા, તે તો ગયા સ્વર્ગે ચાલી રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૧૦ મો.

જોતા જગત સૌ વ્હેમમાં ભુલે છે, સમજુ સમજી લે સંભાળીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૧૧મો.

મહાત્મા ભક્ત ગુરૂ પિતા સમાન છે, વ્હેમી નર્કે જાય ચાલીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૧૨ મો.

સુરતા સાંધી જેને સંશે સમાવ્યા, ગુરૂનું જ્ઞાન લેશે ઝાલીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૧૩ મો.

ભક્ત અમીચંદ અરજ કરે છે, સાચાની માજી થશે વાલીરે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૧૪મો.

છંદ ૬૪ મો.

રાહુ ઉપરનો.

જુડા વગોવે વ્હેમી સહુનેરે, અલબેલી અંબા, જુડા વગોવે છે સૌને ॥ સાચા સમ ખાઇ કે તમનેરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૧ લો.

તારી ભક્તિ કરવા ભક્તને શોધી જ્ઞાન મળે તો લાગું નમનેરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૩ જો.

ગુરૂ વિના કોઇને જ્ઞાન ન થાયે નુગરા ન સમજે લાગ્યા દમનેરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૩ જો.

સાચું જુઠું તમે સર્વે જાણો છો, જુઠાને નાંખો નર્ક રમનેરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૪ થો.

કાન ફુંકાવી ગુરૂ અંજનીએ કર્યા, નારદજી આવી તે આશ્રમનેરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૫ મો.

જુઠો આરોપ ભાણેજ માસીપર મુકે, દમયંતી તેં લીધો હાર હમણેરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૬ ઠો.

પલે પલે સતી નિશાશા મુકે, જુઠાને સોંપો માજી જમનેરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૭મો.

જાણ્યા જોયા વિના આરોપ જે મુકે, સતી શ્રાપે નરકે ભમનેરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૮ મો.

અમીચંદ કહે શુરાની ભક્તિ, હિંમતે જીતે જઇ જમ-નેરે ॥ અલબેલી અંબા ॥ ચોક ૯ મો.

છંદ ૬૫ મો.

રાહ ઉપરનો.

(આખરે સતીઓને સુખ જ હોય છે તે વિષેનો છંદ.)

સતીઓ આણંદમાં રહે છે રે, પંથીડા પ્રાણી, સતીઓ આણંદમાં રહે છે ॥ દુઃખ પડે સર્વે સહે છે રે ॥ પંથીડા પ્રાણી ॥ સતીઓ આણંદમાં રહે છે ॥ સતી મીરાંપર રાણાજી કોપ્યાં, ઝેરના પ્યાલા ભરી દે છે રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૧ લો.

પાપી દુર્યોધન દ્રૌપદી દમ્યો, આખર પાપીને શ્રાપ દે છે રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૨ જો.

કારાગ્રહમાં ભાઈએ બ્હેનને નાંખી, ભાણેજો મારી હત્યા લે છે રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૩ જો.

પાપનો ઘડો જ્યારે પુર્ણ ભરાયો, કૃષ્ણ કંસના પ્રાણ લે છે રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૪ થો.

સીતા સતીને પાપી રાવણ હરતો, રામ બાણે શિર પડે છે રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૫ મો.

અસુરી માયાને દૈવરે માયા, ભક્ત જગતને વેર કે છે રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૬ ઠો.

ભક્તિના ભોગી ભક્તને શોધે, પાપી નિંદાથી પાપ લે છે રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૭ મો.

પારકી નિંદાથી નર્કે પડાયે, ગુરૂ શિષ્યને એમ કહે છે રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૮ મો.

અમીચંદ કહે સતીઆની વાલી, માજી આવીને મદદ દે છે રે ॥ પંથીડા પ્રાણી ॥ ચોક ૯ મો.

છંદ ૬૬ મો.

અંબા મા તારૂ દર્શન દુર્લભ—એ રાહ,

(અણુસમજુ માણસે—વિર્ય સાચવવા વિષે બોધ)

આ જગતમાં કોણ સુખી રહે, પહેલા પોતાનું સાચવે તન ॥ એ શરીરમાં વિર્ય રાજા છે, તેનું પહેલાથી કરવું જતન ॥ ધન સાચવવા રાખો તીજોરી, ભયો બારણે

બેસી રહે ॥ ધન ધાત જેણું સાચવી રાખ્યાં, તેને ડાહયો સૌ જગત કહે ॥ એ સાચવવા ઉપાય કરવો, અનેક રસ્તા એ શોધી લે ॥ ચપળ ચાલાકી એની અદભુત હરેક પ્રકારે વિર્યવહે ॥ એ સાચવે કોઈ એક વિરલા, જેના કાબુમાં હોય છે મન ॥ એ શરીરમાં વિર્ય રાજા ॥

ચોક ૧ લો.

બાળપણાથી જે કોઈ સમજે, સદા સુખી રહે તેનું શરીર ॥ અનેક દુઃખનું એક ઓસડ છે, કસરત કરે જે રાખી ધીર ॥ કસરત કરે લોહી વધે શરીરમાં, સદા સુખમાં રહે તે વિર ॥ લંગોટ બંધ રહે મગજ તરથી, તાકયાં બાણ તેના લાગે તીર ॥ ધાર્યા કામ કરે મગજ શક્તિ, સાચવી ધાત વશ રાખી મન ॥ એ શરીરમાં વિર્ય રાજા ॥

ચોક ૨ જો.

અજ્ઞાની અણસમજુ બાળક, મુષ્ટિ જપ કરી થાય રાજી ॥ શરીર ધોવાય નેસ ઢીલી પડી જાય, નબળાઈ આવે પડે દુઃખમાં જીવ ॥ તુટે બંધારણ પાણી થાય ધાત, મુખ આગળથી જાય ઝાઝી ॥ અનેક દુઃખનું મુળ દટાયે, પછી

કરે પસ્તાવાજી ॥ આ સાંભળી માને શિખામણ, સદા આણંદમાં રહે મગન ॥ એ શરીરમાં વિર્ય રાજા ॥
ચોક ૩ જો.

વૃદ્ધ, જુવાન, બાળક સર્વે સમજુ, સમજી તે સમો ભણે ॥ અણસમજુ મરે શેર સટ્ટામાં, દુઃખી થઈ ગુમાવે ધને ॥ ધન ધાત નહિ સાચવી જાણ્યું, તેનું રાતદિન બળે મને ॥ માની શિખામણ જે જન ચાલશે, તેને બેસાડે સૌએ કને ॥ અમીચંદ કહે સમો જોઈ કહું, દુઃખી અમીરનાં થયાં કુરજન ॥ એ શરિરમાં વિર્ય રાજા ॥ ચોક ૪ થો.

છંદ ૬૭ મો.

ભજન રૂપી છંદ.

ધનરે અંબામા તુ મ્હારી—એ રાહ

ધન ધાત જેણે સાચવ્યા, સદા સુખી તે પ્રાણી ॥ શિયળ સંતોષથી બેસસે, સ્વપ્નુ સંસાર જાણી ॥ અલ્પ સુખ સંસારમાં, આખર મરવું લો માની ॥ ધન ધાત જેને સાચવ્યાં ॥ ચોક ૧ લો.

સમે સંઘરેલું વાપરે, ખરી વખત જાણી ॥ આરે કળ-જુગનાં માનવી, જશે સમજાવી તાણી ॥ ધન ધાત જેણે સાચવ્યા ॥ ચોક ૨ જો.

શેર સટ્ટામાં નાંખશે, ધન જવાની નિશાની ॥ વેપાર કરો કે નોકરી, તેમાં આનંદ લોમાની ॥ ધન ધાત જેણે સાચવ્યાં ॥ ચોક ૩ જો.

ધુતારાને મળે લોભીઆ, તેથી થાય ધુળધાણી ॥ સુખીઆ કંઈ દુઃખીઆ થયા, અમીચંદ કહે લો માની ॥ ધન ધાત જેણે સાચવ્યાં ॥ ચોક ૪ થો.

—:o:—

છંદ ૬૮ મો.

(માન કોને છે તે વિષેનો છંદ)

અંબામા તારૂ દર્શન દુર્લભ—એ રાહ

આ જગત મતલબની દુનિઆ, જર, જોરૂં કે જમીન પર ચ્હાય ॥ ગુરૂ ચેલા કે સગા ભાઈબંધ, જન્મ

આપનાર માતપિતા ॥ ત્રણ વસ્તુ વડે માણસ મનાયે, નહિ તો તેને કોઈ ગણે નહિ ॥ એ ત્રણમાં એ મોહીની વતી, રોકડ ધન જેના ઘરની મહીં ॥ નહીં ડાહયો કે ગાંડો જુએ, આપી માન બેસે પાસે લઈ ॥ જાય ત્યારે કહે આવજો આવજો, ઉઠી સાથે વળાવે જઈ ॥ વખાણ કરે શેઠ લક્ષપતિ છે, એમ કરી મનમાં મલકાય ॥ ગુરૂ ચેલા કે સગા ભાઈબંધ ॥ ચોક ૧ લો.

આ માન કંઈ નથી માણસને, જમીન જોરૂ ધન જેને ઘરે ॥ જીવ કરતાં એ ત્રણને વહાલાં, એને સારૂ સૌ લડી મરે ॥ અનેક ઉપાય કરે ધન મેળવવા, દુર દેશાવર ફરતા ફરે ॥ માત પિતા દેશ ધર્મ છોડી, ધન મળે ત્યાં માંડે ઘરે ॥ મતલબ કરી ધન મેળવી બેસે, દેશ પોતાને ધન લઈ જાય ॥ ગુરૂ ચેલા કે સગા ભાઈબંધ ॥ ચોક ૨ જો.

પૈસો મળે કે મોટાઈ મારે, મારાં જેવો કોઈ ડાહયો નહિ ॥ હું પદમાં હજારો વાપરે, પુન્ય દાનમાં નહિં વાપરે પઈ ॥ ન્યાતિ જાત કે સગા વ્હાલા હોઇ, પૈસો મેળવવા લડે

જહીં તહીં ॥ પૈસા વડે માન મળે માણસને, દુશ્મન પણ આવી નમે તહીં ॥ હજાર અવગુણ હોય માણસનાં પૈસા વડે સૌ દબાઈ જાય ॥ ગુરૂ ચેલા કે સગા ભાઈબંધ ॥

ચોક ૩ જો.

પુન્ય પરવારે પૈસો ઘટી જાય, એ સુખ સ્વપ્નામાં જતુ રહે ॥ શેર સટ્ટાનો ચડસ લાગે, રાત દિવસ સટ્ટાની લહે ॥ સટ્ટો નાંખે ચ-તો માણસને, પૈસો ગુમાવ્યો કોને કહે ॥ ચતુર હતો તે મુર્ખો કહેવાયો, જુઓ માન પૈસાને છે ॥ બીજું માન વિદ્વાન પુરૂષને, અમીચંદ કહે ભજો અંબાય ॥ ગુરૂ ચેલા કે સગાભાઈબંધ ॥ ચોક ૪ થો.

છંદ ૬૯ મો.

અંબામા તારૂ દર્શન દુર્લભ—એ રાહ

(અજ્ઞાન માણસ પુછ પરછ કરે છે તે વિષેનો છંદ)

શું પુછો જાઓ પુછો ગુરૂને, તારો ગુરૂ બતાવે તને ॥ મને પુછો તો આવો ઘેર બની ચેલો, ગુરૂ કરી પુછ

મને ॥ તારા ગુરૂનું માન ન તોડું, તારૂં પુછેલુ કહેશે તે ॥ સમે સમો જોઈ જવાબ આપશે, વાકેફ થઈ સમજી તું લે ॥ ગુરૂ વિના નહિ જ્ઞાની થાયે, પુછી શીખી પંડીત થાય જે ॥ વગર સમે વચ્ચે જઈ બોલે, સર્વ લોક તેને મુર્ખો કહે ॥ અજ્ઞાની અભણ પુરૂષ જે, તેને બેસાડે નહિ કોઈ કને ॥ મને પુછો તો આવો ઘેર ॥

ચોક ૧ લો.

અજ્ઞાની અણસમજુ માણસ, ભકિત વખત કરે પુછાપુછ ॥ ભગત ધ્યાન ધરી છંદ ગાય તે, વખત પુછીને મરડે મુછ ॥ ભકિત વખતનો ભેદ ન જાણે, હલકો માણસ તે બોલે તુચ્છ ॥ વગર જાણે પંડીત થઈ બેસે વગર લખે કરે ભુંસા ભુંસ ॥ માન મેળવવા મોટાઈ મારે, ખોટા ટકે નહિ કોઈ કને ॥ મને પુછો તો આવો ઘેર ॥ ચોક ૨ જો.

હજી તું અજ્ઞાન જણાય છે, પુછીપુછીને થાય રાજી ॥ ભકિત કરી આ તો ભવ જળ તરવું, અહીંયા નથી કંઈ ખ્યાલબાજી ॥ તે દંગલમાં પુછા પુછ થાય, કોઈ વખત બાઝા બાઝી ॥ શિવ શકિતની નિંદા કરે છે, એવા

માણસ પણ હોએ ત્યાંજી ॥ આવો બેસો છંદ સાંભળો ભકત થઈ, ભકત થઈ બેસો મારી કને ॥ મને પુછો તો આવો ઘેર ॥ ચોક ૩ જો.

હું તો ભાવે ભકિત કરીને, છંદ ગાઈ ધરૂં માનું ધ્યાન ॥ એક તારથી ધુન લગાવું, નથી રહેતું શરીરનું ભાન ॥ ચહા પાણી કે ભોજન આવે, તે વખત ત્યાં કરૂં અપમાન ॥ સમજી માજી ભકિત જોઈને, તે વખત ત્યાં થાય કુરબાન ॥ અમીચંદ કહે શરણ થઈને, સદા શરણમાં રાખે કને ॥ મને પુછો તો આવો ઘેર ॥ ચોક ૪થો.

છંદ ૭૦ મો.

(સદા આણુંદ કોને રહે તે વિષેનો છંદ)

ભજો ભાઈ માજી નામ છે ખરા — એ રાહ

સદા રહે આનંદ કોને મન, જેને હોય ત્રણ પ્રકારનું ધન ॥ પ્રથમ તો પુત્ર ધન જોઈએ, કુળ દીપક ફરજન ॥ પુત્ર વડે માન માત પિતાને, આપે માન જગતન ॥ જેને હોય ત્રણ પ્રકારનું ધન ॥ ચોક ૧ લો.

મળે માર્ગમાં સર્વે પુછે, શું તમને ફરજન ॥ ધનદોલતને કોઈ ન પુછે, પુછે પુત્રનું ધન ॥ જેને હોય ત્રણ પ્રકારનું ધન ॥ ચોક ૨ જો.

પુત્ર હશે કોઇ ભાગ્યશાળી, ઘણું મેળવશે ધન ॥ સપુત સેવા કરી માતપિતાને, ધન કરશે અર્પણ ॥ જેને હોય ત્રણ પ્રકારનું ધન ॥ ચોક ૩ જો.

ધનવાન કહી જગત માને, થાય મનમાં મગન ॥ જર જોરૂં ને જમીન વસાવે, કરે ધામધુમે લગન ॥ જેને હોય ત્રણ પ્રકારનું ધન ॥ ચોક ૪ થો.

ત્રીજુ ધન વિદ્યાને જાણો, જ્ઞાની પુરૂષને ધન ॥ સમજુ પુરૂષ સૌ નમન કરે છે, મહાત્માનાં દર્શન ॥ જેને હોય ત્રણ પ્રકારનું ધન ॥ ચોક ૫ મો.

જ્ઞાન ધન જેના ઘટમાં આવે, મટે આવા ગમન ॥ અમીચંદ કહે આ ત્રણમાંથી એક હોય તોયે મગન ॥ જેને હોય ત્રણ પ્રકારનું ધન ॥ ચોક ૬ ઠો.

છંદ ૭૧ મો.

રાહ ઉપરનો.

ભરોસો રાખો તો વિચારીને રાખવા વિષેનો છંદ

આ જગતમાં કોઈ નહી કોઈનું રખે ભરોસે રહેશો નહિ ॥ ભુલે ભરોસો રાખી રહેશો તો, આખર પસ્તાવું પડશે તહી ॥ આપણો પુત્ર આપનો વાલી, મુઆ પછીનો વારસ તે ॥ જીવતાં જોઈ સ્વ ભાવ સોંપવું, નહિં તો પછી ચીચવાવે તે ॥ આવ્યા કામ તેના બધા કરવા, બને તેટલો લાભ તે લે ॥ બધું સોંપી નહિ લાચાર બનવું, આપી માંગે ત્યારે દુશ્મન કહે ॥ કરે બધું પણ તેનું ધાર્યું, ધાર્યું પોતાનું બને નહિ ॥ ભુલે ભરોસો રાખી રહેશો તો ॥ ચોક ૧ લો.

પોતે પોતાના હકનું વારસ, જેને મળે તે રાખવો પાસ ॥ સોંપી બીજાને જઈએ લેવા, ઉભા રહેવું પડે થઈને દાસ ॥ મરજી હોય તો તરત આપે, નહિ તો મોઢું કરી બેસે ઉદાસ ॥ આપનાર પસ્તાય મેં કયાં સોંપ્યું,

કળા કરી લઈ લઉં પાસ ॥ આતો શિખામણ સૌને સારૂં, ખોટું મનમાં લગાડશો નહિ ॥ ભુલે ભરોસો રાખી રહેશો તો ॥ ચોક ૨ જો.

મરદ ભરોસો સોંપે બૈરીને, બૈરી ભરોસે મરદને રહે ॥ પહ્લા પેડીનું હોય પીયરનું, કોઈ મરદ સમજાવી લે ॥ કોઈ વેપારમાં વધારી આપે, શેર સટામાં ગુમાવી દે ॥ કોઈ બૈરી મરદને દબાવે, બીકણ મરદ કોઈને નહીં કહે ॥ આબરૂદાર આબરૂથી બીએ, બૈરી વાત કરે જહીં તહીં ॥ ભુલે ભરોસો રાખી રહેશો તો ॥ ચોક ૩ જો.

ખરો ડાહયો જેણે પૈસો સંઘર્યો, પોતે પોતાનુ રાખે કને ॥ આખર વખત તે વ્હાલો લાગે, વાપરશે જ્યારે થશે મને ॥ સગા વ્હાલા કામ પ્રેમથી કરશે, પડયો પથારી આપે ધને ॥ નહિ સાચવ્યું નહિ સંઘરી જાણ્યું, તેના સગાનું દુઃખાય મને ॥ લાજે દાઝે તો બધાયે કરશે, સગા વ્હાલાનો છુટકો નહિ ॥ ભુલે ભરોસે રાખી રહેશો તો ॥ ચોક ૪ થો.

બાપ છોકરાના નામનું કરી જાય, છોકરો મરે વહુ વારસ થાય ॥ સાસુનું કંઈ ચાલે નહિ, કરે પસ્તાવો મનની માંહય ॥ વહુ વારસ થઈ સંઘરી બેસે, સાસુ રડે ને વહુ મલકાય ॥ પીયર પલ્લાનું સંઘરૂં હોય તો ખુશી થકી તેનો ભવ જાય ॥ અમીચંદ કહે ગરથ ગાંઠ, મુકશો નહિ કોઈએ જહીં તહીં ॥ ભુલે ભરોસો રાખી રહેશો તો ॥ ચોક ૫ મો.

છંદ ૭૨ મો.

ભજો ભાઈ માજી નામ હે ખરા—એ રાહ.

(ભરોસો રાખવો તો કોના ઉપર રાખવો તે વિષેની અરજ)

ભરોસા વિના કામ નહિ થાય, ભરોસો રાખી ઘણા પસ્તાય ॥ એની પરિક્ષા પહેલી કરવી, પૂછી જે વાકેફ થાય ॥ શેઠ સાહુકાર હોય સારા માણસ, તેને પુછે ઓળખાય ॥ ભરોસો રાખી ઘણા પસ્તાય ॥ ચોક ૧ લો. પુછવુ તો જઈ એકાંત પૂછવું નહીં તો કહે નાર

શરમાય ॥ મતલબીનું મોઢું જોઈને, નબળું કેમ કહેવાય ॥
ભરોસો રાખી ઘણા પસ્તાય ॥ ચોક ૨ જો.

સગા વ્હાલાનો વહીવટ જોવો, દુનિઆમાં પંકાય ॥
નરમ સ્વભાવ ને ભાવી પુરૂષ, જેને હોય દયા ॥ ભરોસો
રાખી ઘણા પસ્તાય ॥ ચોક ૩ જો.

માણસ સારાને સમોએ જોવો, સૌનો વખત બદલાય ॥
ચડતી પડતી સૌને આવે, કયાં રંક કે રાય ॥ ભરોસો
રાખી ઘણા પસ્તાય ॥ ચોક ૪ થો.

લોભીઆ માણસ લલચાઈ જઈને, ધન સારૂં લલચાય ॥
અમીચંદ કહે મળે ધુતારા, મુળનું હોય તે જાય ॥
ભરોસો રાખી ઘણા પસ્તાય ॥ ચોક ૫ મો.



છંદ ૭૩ મો.

(શુધ્ધ અશુધ્ધ સાથી થાય છે તે વિષેનો છંદ.)

રાહ ઉપરનો.

વાણી પાણી તો સદા શુદ્ધ છે, શુદ્ધ અશુદ્ધ પાત્રથી થાય ॥ નીચ પાત્રથી પાણી અશુદ્ધ છે, અશુદ્ધ વાણી યવન મુખ જાય ॥ આ વાતમાં શંસય ન રાખશો, વિચાર કરી વાપરજો સૌ ॥ સૌ સૌનો ધર્મ વ્હાલો છે, ઘણા ભુલે તે નજરે જોઉં ॥ હીંદુ મુસલમાન બંને ભાઈઓ, અસલથી લડતાં આવ્યાં બહુ ॥ જુદો ખોરાક ને જુદો ધર્મ છે, એક બીજાપર નહિ મોહવું ॥ આપણા મંદિરમાં યવન જાય તો, અશુદ્ધ મંદિર તે કહેવાય ॥ નીચ પાત્રથી પાણી અશુદ્ધ છે ॥ ચોક ૧ લો.

તે મંદિરની વિધી કરાવે, શાસ્ત્ર આપણે જોઈએ તેમ ॥ તે યવનનાં મુખની વાણી, શુદ્ધ આપણાથી કહેવાય કેમ ॥ પાત્ર કુપાત્ર જોવું સૌ કહે, શાસ્ત્રમાં કહે છે એમ ॥ પાત્ર જોઈને પગલાં ભરવાં, વગર જાણે નહીં જવું જેમ

તેમ ॥ અજાણ્યા ફળ ખાધામાં આવે, આખર તેને પસ્તાવો થાય ॥ નીચ પાત્રથી પાણી અશુધ્ધ છે ॥ ચોક ૨ જો.

વાણી પાણી તો સૌને શુદ્ધ છે, વખત વખતનું વાપરવું ફેર ॥ પાણીમાં ખાંડ નાંખીને પીઓ, પીઓ પાણીમાં નાંખી ઝેર ॥ પાણી વડે તો જગત જીવે, સંગતિ દોષે થાય અકરા કેર ॥ સ્વભાવ જુદાથી જુદો ભાવ થાય, જુઓ તમાસો ઘેર ઘેર ॥ સમજુ સમજી સુધારો કરશે હિંદુ વાણીના ભજનને ન્હાય ॥ નીચ પાત્રથી પાણી અશુદ્ધ છે ॥ ચોક ૩ જો.

સૌ સૌનાં ધર્મમાં રહીને, પોતે પોતામાં જોશો જે ॥ મહાત્મા ભગતની વાણી સાંભળતા, જ્ઞાની પુરૂષ થઈ જોશે તે ॥ મુળ માલીકનો માર્ગ જોશો તદરૂપ થઈ જઈ લાગશે લેહ ॥ ભવો ભવની ભાવટ જાશે, જન્મ મરણનો જાશે ભય ॥ અમીચંદ કહે મુળ એક ડાળ પાતરા શાખ જુદા કહેવાય ॥ નીચ પાત્રથી પાણી અશૂદ્ધ છે ॥

ચોક ૪ થો.

છંદ ૭૪ મો.

(સારા માઠા ભાવ વિષેનો છંદ).

રાહ ઉપરનો

ભાવ કરીને આવ્યા મળવા, કેવા ભાવથી આવ્યા તમે ॥ વેર ભાવ કે હેત ભાવથી, ખરૂં બોલો તેમ ચાલીએ અમે ॥ નામ ભાવ પણ ભેદ જુદો છે, ભુલવણીમાં ભુલી જવાય ॥ મહુવર વગાડે જંગલ મદારી, કાળી નાગ પણ તરત સહુવાય ॥ ભાવ કરી રમ્યા સોગઠાં બાજી, કપટી કૌરવથી દુઃખીઆ થવાય ॥ વેર ભાવથી રમ્યાં દુર્યોધન, પાંડવ ગયા વન છોડી સભાય ॥ ભાવ કરી ધુતે વેશ્યા મરદને, પૈસા ખાવાને આવી નમે ॥ વેર ભાવ કે હેત ભાવથાં ॥ ચોક ૧ લો.

ભાવ કરી આવી માસી પૂતના, કૃષ્ણ ધવાડી લેવા પ્રાણ ॥
ભાવ કૃષ્ણજી જોઈ માસીનો, ધાવી ધાવીને લીધા જાન ॥
ભાવ બનાવે ઢોંગી ધુતારા, દગલબાજીમાં કરે ગુલતાન ॥
ધનલોભી ધન લેવાને જાયે, ધન ગુમાવી થાયે હેરાન ॥

ઢગલબાજ ભાવ દોઢો બતાવે, ચોર શાહુકારની પાછળ ભમે ॥ વેર ભાવ કે હેત ભાવથી ॥ ચોક ૨ જો.

અમે તમે એક જાણીને પુછું મુળ માલીક સર્વનો એક ॥ હું માંથી તું જુદુ પડીને, મીથ્યા માયામાં માનીએ અનેક ॥ અનેકના ભાવ અનેક ઉઠે, સંસાર સાગરમાં ડુબીએ છેક ॥ ડુબ્યાં પછી ઘણું કઠણ નીકળ્યું, તેથી જ્ઞાની કરે વિવેક ॥ સારા ભાવથી મળશે માજીને, કરો વશ મન નહિ ભમે ॥ વેર ભાવ કે હેત ભાવથી ॥ ચોક ૩ જો.

ભક્તિ વડે મળે માર્ગ મોક્ષનો, સારા ભાવથી ભક્તિ કરે ॥ તેને હમારા દેશી જાણીએ, કહીલી વાતપર ધ્યાન ધરે ॥ સત સમાગમ કરીએ સંગ લઈ, અઘોર પાપ એક પળમાં ઝરે ॥ મહાત્મા ભકતોની અનુભવી વાણી, ગાઓ છંદ ભવજળ તરે ॥ અમીચંદ કહે શુદ્ધ ભાવથી, છંદ ગાઈ માજીને નમે ॥ વેર ભાવ કે હેત ભાવથી ॥ ચોક ૪ થો.

છંદ ૭૫ મો.

ઘોઘારાણાની શેરીમાં ગોરબાઇ માતાનો છંદ.

સુરત શહેરમાં ગોરબાઈ માતા, છીપવાડમાં સૌ કરે દર્શન ॥
ઘોઘારાણાની શેરી કહેવાયે, દર્શનથી મા થાય પ્રસન્ન ॥
દહેરામાં દર્શન કરી જુએ, શણગારની શોભા ભારી ॥
પાઉમે પાએલ, નથની નાકે, હાથ ત્રિશુળ ખપ્પર ધારી ॥
જડાવ કુંડળ કાને બીરાજે, કર કંકણ રહયા ચમકારી ॥
ગળે મોતીની માળા બિરાજે, સુંદર સાડી ઝળકે ભારી ॥
ભુરીઆભાઈ માના હતા પુજારી, એની ધણીઆણીપર મા
પ્રસન્ન ॥ ઘોઘારાણાની શેરી કહેવાયે ॥ ચોક ૧ લો.

ખરી શોભા આશો મહીનામાં, સુદ સાતેમની રાતે મા ॥
અહો, અહો, કરી કોરડો ફેરવે, બાધાવાળા સૌ આતા મા ॥
ગણી ગણીને કોરડા મારે, ખુશી થઈ સૌ જાતા મા ॥
હજારો લોકોનો મેળો ભરાયે, બાધા મુકી ખુશી થાતા મા ॥
નારીએળ, ઘાટડી, ઘીનો દિવો, હાર ચડાવી સૌ કરે વંદન ॥
ઘોઘારાણાની શેરી કહેવાયે ॥ ચોક ૨ જો.

એ મહોલ્લામાં લોક વેપારી, પુનશાળી જીવ દયા ઘણી ॥
સીઝાતાને શાંતિ આપે, ટિપ લઈ જાય જે ધણી ॥
ખુશી કરીને મોકલે સાને, અસલ ઘરડાની કેળવણી ॥
જીવદયામાં મદદ કરી, દુઃખહરણ ચોપડી વ્હેંચી ઘણી ॥
અજ્ઞાની જીવ ભુલે ભુલમાં, ઘણી વરણ હવે સમજી મન ॥
ઘોઘારાણાની શેરી કહેવાયે ॥ ચોક ૩ જો.

ધન જેકીસન બુદ્ધિબળથી, જડતા શિખ્યા થઈ ખત્રી વરણ ॥
પ્રેમ ભક્તિથી છંદ ગાઈને, ભક્તિ કરી રહયા માને શરણ ॥
ગોપીપરાનું મંડળ બાંધ્યું, છંદ ગાય માના નવી ધરણ ॥
એ મંડળમાં મુખી પોચાભાઈ, હર આઠેમે કરે સ્મરણ ॥
અમીચંદ કહે સર્વે ભક્તને. સંપ રાખી સૌ ગાજો છંદ ॥
ઘોઘારાણાની શેરી કહેવાયે ॥ ચોક ૪ થો.

છંદ ૭૬ મો.

અમે જઈએ ઘેર, અમે જઈએ ઘેર, માજી રાખજો મેહેર,
બાળક કહે તહારો, હમે જઈએ ઘેર,

આજ આણંદની હેલી થઈ મા, છંદ ગાયા ઉમંગે,
ભક્ત મંડળી ભેળી થઈ કહે, સદા રાખજો રંગે,
ચાલે ખુબ લેહેરે, અમે જઈએ ઘેર. ચોક ૧ લો.

ઘેર જાઉં ઘેર જાઉં કહીએ ખરા પણ મન મારૂ નહિ માને.
ચડી ખુમારી માજી નામની, છંદપર લાગ્યું ધ્યાને,
કહું બેર બેરે, અમે જઈએ ઘેર. ચોક ૨ જો.

કામ કાજ તો કરવા જગતના, પાપી પેટને સારૂં,
સંસારનું સ્વપ્ન જુઠું જાણે જે તે તો ધ્યાન ધરે તારૂં,
મુરખ ફરે ફેરે, અમે જઈએ ઘેર. ચોક ૩ જો.

હાથ જોડી હું અરજ કરી કહું, મારી વીનંતી કાન ધરજો.
સંકટ કાપી સરણે રાખી, આવ્યા વીઘ્ન દુર કરજો.
અમીચંદ તેરે, અમે જઈએ ઘેર. ચોક ૪ થો.

સમાપ્ત.

કર્તા તરફથી બહાર પડેલ [illegible]

[illegible] (આવૃત્તિ [illegible]) કીંમત [illegible]

[illegible] (પ્રથમ મધ્યમ તથા ઉત્તર
[illegible] અને [illegible] સાથે) .... કીંમત [illegible]

[illegible] ગરગાવળી .... કીંમત [illegible]

[illegible] .... કીંમત [illegible]

[illegible] સમાગમથી જીવની મુક્તિ
([illegible] સાથે) .... કીંમત [illegible]

ઉપલાં પુસ્તકો મળવાનું ઠેકાણું-

[illegible] મોતીચંદ [illegible]
[illegible] (બાગ) સુરત

[illegible]
[illegible]

[illegible]
[illegible]

તા. ક. બહારગામને માટે ટપાલ ખર્ચ જુદું.